بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


## બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુલાઈ-૨૦૧૪**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૭, સળંગ અંક : ૧૨૭

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂ. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂ. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | દેવબંદી પબ્લિક વિશે એક ગલતફહમીની સ્પષ્ટતા | 02 |
| 02 | રોઝા તથા ઝકાતના ફઝાઈલ અને આપણે..... | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 07 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 10 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 12 |
| 05 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 07 | ક઼ાનૂને શરીઅત | 16 |
| 08 | ગલતફહમી તથા તેની સુધારણા | 20 |
| 09 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 22 |
| 10 | અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં | 25 |
| 11 | હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہ | 27 |
| 12 | ''શબે મેઅરાજ વિશે જાણવા જેવી હક઼ીક઼તો''ની હક઼ીક઼ત ! | 29 |
| 13 | મુસલમાનો ! કુર્આન સાથે આપણે શું ન્યાય કર્યો ?! | 35 |
| 14 | શબે બરાતમાં ઈબાદત પર દેવબંદીઓના વાંધાનો જવાબ | 40 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 45 |


## માહે રમઝાન આ ગયા

અઝ : જનાબ ''જિગર'' નબીપુરી સાહબ-લંડન

હો મુબારક મો'મિનોં કો માહે રમઝાં આ ગયા
હાસિલે હુસ્નો અમલ કા પાસબાં આ ગયા
ગુંજ ઉઠી હર સિમ્ત આમદ આમદ કી હૈ સદા
આસિયોં કી બખ્શિશોં કા માહે રમઝાં આ ગયા
જિસ પર કાયમ રહી બુન્યાદેં ઈસ્લામ કી
માહે રમઝાં સાથ અપને લે કે કુર્આં આ ગયા
ચાર સૂ સાયા ફિગન રબ કી રહમત દેખ લો
હર હક઼ીક઼ત નૂર કા સૈલાબે રવાં આ ગયા
ક઼દ્રવાલી રાતસે ન કોઈ મહરૂમ રહે
ક઼લ્બે મુઝતર કે લિએ રાહત કા સામાં આ ગયા
દિલમેં જારી હો **''જિગર''** શામો સહર ઝિક્રે ખુદા
ઝુહદો તક઼વા લિએ અન્વારે ઈર્ફાં આ ગયા

# દેવબંદી પબ્લિક વિશે

## એક ગલતફહમીની સ્પષ્ટતા

અઝ : મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી

આજકાલ કેટલાક સુન્ની ભાઈઓ બહેનો પોતાની મનમાની કરવા તથા નફ્સની પયરવી કરવા માટે શરીઅતના હુકમોમાં છટકબારીઓ માટે ફાંફાં મારતા રહે છે. જેમ કે થોડા સમય પર એક કહેવાતા મોલ્વી, મુકર્રિર, ખતીબો ઈમામ સાહબે પોતાના પુત્રને દેવબંદીની છોકરી સાથે પરણાવ્યો અને જ્યારે એના પર લોકોએ વાંધો ઉઠાવ્યો તો તેમણે જણાવ્યું કે, "દેવબંદી અવામ (પબ્લિક)ને દેવબંદી મોલ્વીઓના કુફ્રી અક્રીદાઓની કાંઈ ખબર જ નથી ! જેથી એમના પર કોઈ કુફ્રનો હુકમ નથી, જેથી એમની સાથે સગાઈ, શાદી, નિકાહ કરી શકાય છે." તો હવે સવાલ એ છે કે આ વાતની અસલિયત શું છે ? અને એમની આ વાત કેટલા અંશે શરીઅત મુજબ છે ? તેની હકીકત જાણવા માટે અમો અત્રે **શારેહે બુખારી હઝરત મુફ્તી શરીફુલ હક્ક સાહબ** رحمۃ اللہ علیہનો આવા જ એક ફત્વાનો જવાબ રજૂ કરીએ છીએ તેને વાંચો અને ગુમરાહીના અંધકારથી બચી ઈમાનની રોશની મેળવો.

**અલજવાબ** : "જે શખ્સ પોતાને દેવબંદી કહે છે એની સાથે મેલજોલ સલામ કલામ હરામ છે, ભલે તેઓ દેવબંદી (મોલ્વી)ઓનાં તે (નબી ﷺનાં ગુસ્તાખીમય) કુફ્રી લખાણોથી માહિતગાર ન હોય જેના માટે અહલે સુન્નતના ઉલમાએ તેમને કાફિર કહ્યા છે. એટલા માટે કે દરેક દેવબંદી એવો અક્રીદો ધરાવે છે કે નઅરએ રિસાલત (યા રસૂલલ્લાહ ! ﷺ કહેવું) શિર્ક છે, અવલિયા અંબિયાથી મદદ માગવી શિર્ક છે, મીલાદ તથા ક્રયામ, નિયાઝ ફાતેહા, ઉર્સ એ હરામ તથા બિદઅત છે. જેના કારણે દરેક દેવબંદી આપણને અહલે સુન્નતને બિદઅતી તથા મુશ્રિક કહે છે, જેના કારણે તે (દેવબંદી) અહલે સુન્નતથી ખારિજ (આઉટ) ગુમરાહ, બદ્દીન છે. અને દરેક ગુમરાહના બારામાં હદીષમાં ફર્માવવામાં આવ્યું : "ન એમની પાસે ઉઠો બેસો, ન તેમની સાથે ખાવ પીઓ અને ન તેમની સાથે શાદી વિવાહ કરો." *(અલ્મુસ્તદરક લિલ્ હાકિમ, પેજ : ૨૩૨, ભાગ : ૩, અસ્સુન્નતિ લિ ઈબ્નિ આસિમ, પેજ : ૪૮૩, ભાગ : ૨)*

જાહેર છે ક્યાંય પણ શાદી વિવાહ, મેલજોલ મૈત્રીપૂર્ણ સંબંધ વિના નથી થઈ શક્તા. વળી શાદી વિવાહની રસમોમાં તો અતિ પ્યાર મહોબ્બતની સાથે મેલજોલ થાય છે, આ સૌ હરામ તથા ગુનોહ છે.... શક્ય છે કે ઝયદે (મૌલાનાએ) કોઈ મદ્રસામાં પઢીને દસ્તારબંદી કરાવી લીધી હોય પણ દરેક *દસ્તારબંદી કરાવનાર આલિમ નથી હોતો.* આજકાલ મદ્રસાઓથી ફારિગ થનારાઓમાં મુશ્કેલીથી ૫% આલિમ હોય છે, ૯૫% ઈલ્મથી કોરા હોય છે. મદ્રસાવાળા પોતાની કારકિર્દી દેખાડવા માટે અને વધુને વધુ ચંદો ભેગો કરી લેવા માટે જે પણ દસ્તારબંદીની ખ્વાહિશ કરે છે તેને બાંધી આપે છે !.... એ સહીહ છે કે જે દેવબંદી પબ્લિક દેવબંદી (મોલ્વી)ઓની કુફ્રી વાતો (લખાણો)થી માહિતગાર નથી તે કાફિર નથી, એવા સ્ત્રી પુરૂષ સાથે નિકાહ સહીહ છે, એ અર્થમાં નિકાહ દુરુસ્ત થશે, સંભોગ ઝિના ન ગણાશે અને ઔલાદ ઝિનાની ઔલાદ ન ગણાશે. પણ જ્યારે કે જાહિલથી અતિ જાહિલ દેવબંદી પણ ગુમરાહ બદ્દીન તો છે જ ! જેથી એની સાથે મેલજોલ હરામ, એની સાથે ખાવુ પીવુ હરામ છે. ચાલો ! મિયાંબીબી ઝિનાથી બચી ગયા પણ જીવનભર સેંકડો ગુનાહ (મેલજોલ, દા'વતોમાં) કરતાં રહ્યાં એ ક્યાંની અક્લમંદી છે ?!

વળી પબ્લિક આ બારીક ફરકને નથી જાણતી કે જે કુફ્રી વાતોથી માહિતગાર હોય (છતાં તેમને મુસલમાન સમજે) તે કાફિર અને જે માહિતગાર ન હોય તે કાફિર નથી. તેઓ તો જ્યારે જોશે કે એક મોલ્વી કહેવાતા વ્યક્તિએ દેવબંદી સસરો બનાવ્યો, દેવબંદી છોકરીને ઘરે લાવ્યો તો પછી તેમને (પબ્લિકને) કોણ રોકશે કે દેવબંદી સાથે શાદી વિવાહ હરામ છે ?! એ મોલ્વી સાહબને આ ફત્વો દેખાડવામાં આવે, સમજાવવામાં આવે અને તેમને ફર્માઈશ કરવામાં આવે કે અત્યાર સુધી તમે જે કાંઈ કર્યું એનાથી તૌબા કરી લો અને હવેથી તે દેવબંદી સસરા (સગા)થી સંપૂર્ણપણે સંબંધ કટ કરો. અને જે દેવબંદીની છોકરી લાવ્યા છો એ છોકરી સમક્ષ દેવબંદીઓનાં કુફ્રી લખાણો પેશ કરો, એને પૂછો કે એમના બારામાં શું કહે છે ? જો એમને એ કાફિર કહે તો ફરીથી નિકાહ કરીને તેણીને રાખી લો, અને જો કાફિર ન કહે તો તેણીને ઘરેથી રુખસદ કરી આપો. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૩, પેજ : ૩૭૧, ૩૭૨)*

# રોઝા તથા ઝકાતના ફઝાઈલ
## અને આપણે.....

તંત્રી લેખ

રોઝા (માહે રમઝાનના) તથા ઝકાત ઈસ્લામના પાંચ રુકનોમાંથી છે (કલમો, નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાત) એ મુસલમાન પર ફર્ઝ છે, એની ફર્ઝિયતનો ઈન્કાર કરનાર "કાફિર" છે અને રોઝા ન રાખનાર, ઝકાત ન આપનાર "ગુનેહગાર" છે. ઘણા મુસલમાનો રોઝા તો નથી રાખતા ઉપરથી જાહેરમાં બેધડક ખાણી પાણી કરતા તથા પાન ચાવતા જોવા મળે છે. તો એવા લોકો આ લેખમાં અલ્લાહ વ રસૂલના ફર્માનો વાંચે અને બોધગ્રહણ કરે. આજે ઘણા ભાઈઓ સ્ટડી, નોકરી ધંધો વગેરે બહાને રોઝા છોડી આપે છે તો એઓ સખત ગુનેહગાર છે. હા ! એવો બીમાર કે રોઝો રાખવાથી તેની બીમારી વધી જવાની પાકી ખાત્રી હોય તે તથા શરઈ મુસાફિર વગેરે મજબૂરોને રોઝો છોડવાની ઈજાઝત છે કે પાછળથી સામાન્ય સંજોગોમાં તેને કઝા કરવામાં આવે, એ સિવાય અન્યને રોઝા છોડવાની રજા નથી, ચાહે નોકરીવાળો, ધંધાવાળો કે ગમે તે કામ કરનાર હોય. *(કુતુબે ફિક્હ)*

### ★ રોઝાની અગણિત ફઝીલતો હદીષની રોશનીમાં ★

હઝરત સલ્માન رضي الله عنه બયાન કરે છે કે અમને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ શાબાનના આખરી દિવસે ખુત્બો આપ્યો અને ફર્માવ્યું કે, લોકો ! તમારી પાસે એક મહાન મુબારક મહિનો આવી પહોંચ્યો છે. એ મહિનામાં એક રાત છે જે હજાર મહિનાઓથી બેહતર છે. અલ્લાહે આ મહિનામાં રોઝાને ફર્ઝ કરી આપ્યો છે અને એની રાતમાં કયામને નફ્લ કરી આપ્યો. જે શખ્સ આ મહિનામાં કોઈ નેકી કરે તો તે અન્ય મહિનામાં ફર્ઝ અદા કરવા બરાબર છે, અને જે શખ્સ આ મહિનામાં **ફર્ઝ અદા કરે** તો તે એવો છે જેમ કે અન્ય મહિનામાં **સિત્તેર ફર્ઝ અદા કર્યા**. આ સબ્રનો મહિનો છે અને **સબ્રનો સવાબ જન્નત** છે. આ ગમગુસારી કરવાનો મહિનો છે. આ તે મહિનો છે જેમાં મો'મિનના **રિઝ્કમાં વધારો કરવામાં આવે** છે. આ મહિનામાં જે કોઈ રોઝાદારનો રોઝો ઈફતાર કરાવે તેના માટે **ગુનાહોની મગફેરત (માફી)** છે અને તેની ગરદનના માટે **દોઝખથી આઝાદી** છે અને તેને પણ રોઝાદાર જેટલો જ સવાબ મળશે અને તે રોઝાદારના સવાબમાં કોઈ કમી થશે નહીં.

સહાબાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم અમારામાંથી દરેક શખ્સની એ શક્તિ નથી કે તે રોઝાદારને ઈફતાર કરાવે ! તો રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા એ સવાબ તે શખ્સને પણ અતા કરશે જે રોઝાદારને એક ખજૂર અથવા એક ઘૂંટડો પાણી અથવા એક ઘૂંટડો દૂધ વડે ઈફતાર કરાવે. આ તે મહિનો છે જેનો **અવ્વલ રહમત** છે જેનો **મધ્યમ ભાગ મગફેરત** છે અને જેના **આખરી ભાગ જહન્નમથી આઝાદી** છે. જે શખ્સે આ મહિનામાં પોતાના નોકર પાસેથી કામ લેવામાં ઘટાડો કર્યો તેની **રબ મગફેરત કરી આપશે** અને તેને **દોઝખથી આઝાદ કરી** આપશે. આ મહિનામાં ચાર આદતો

જમા કરો જેમાંથી બે વડે તમે તમારા રબને રાજી કરશો, તે કલ્મએ શહાદત પઢવું અને રબ તઆલાથી માફી તલબ કરવું છે અને જે બે આદતો વિના ચારો નથી તે એ છે કે તમે અલ્લાહથી જન્નતનો સવાલ કરો અને તેનાથી દોઝખથી પનાહ માગો. અને જે શખ્સ કોઈ રોઝાદારને **પાણી પીવડાવશે** તેને **અલ્લાહ તઆલા મારા હોઝથી પીવડાવશે,** તેને ફરી કદી તરસ લાગશે નહીં, ત્યાં સુધી કે તે જન્નતમાં ચાલ્યો જશે. *(સહીહ ઈબ્ને ખુઝૈમા, બયહકી, સહીહ ઈબ્ને હબ્બાન બહવાલા તિબ્યાનુલ કુર્આન, ૧/૭૦૨)*

આવી અનેક હદીષો છે જે દર્શાવે છે કે, **રોઝાની બરકતથી ગુનાહોની માફી, જહન્નમથી છૂટકારો અને જન્નતમાં પ્રવેશ નિશ્ચિત બને છે** તો હવે કોણ બુદ્ધિવાન મુસલમાન હશે જે જહન્નમથી છૂટકારો ન ચાહતો હોય ?! જહન્નમ શું છે ?! જહન્નમનો **સૌથી નીચી કક્ષાનો અઝાબ** એ છે કે તેમાં પડનારને આગના જોડા પહેરાવવામાં આવશે **જેનાથી તેનું ભેજુ ખદબદશે !** આજે સહેજ લાઈટ જતાં કે પંખા કે AC બંધ થતાં લોકોની હાલત જોવા જેવી બેચૈન બેકરાર થઈ જાય છે ! તો વિચારો કે જો અમલોની ખરાબીના કારણે ક્યાંક જહન્નમમાં ફેંકાઈ ગયા તો આ અથવા આનાથી સખત અઝાબો શી રીતે વેઠી શકાશે ! હે નવયુવાનો ! હે વડીલો ! હે મો'મિન ભાઈઓ ! બહેનો ! **આ કોઈ રાજકરણીનું નિવેદન નથી !** પણ આપણા ખાલિક તથા માલિક સર્જનહારે મોકલેલા પોતાના પ્યારા રસૂલ ﷺનું ફર્માન છે કે જે અટલ છે. તો તમો પોતે રોઝાને ત્યજીને તથા તેની ફઝીલતોના લાભોથી મહેરૂમ રહીને મૂર્ખ બની જહન્નમી ન બનશો બલ્કે જહન્નમથી આઝાદીનો સામાન એકત્ર કરવામાં લાગી જશો ! કેમ કે ખૂદ અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે :–

## ★ અલ્લાહ તેને પોતાની રહમતથી દૂર કરી આપે ! ★

હઝરત માલિક બિન હુવૈરષ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺ મિમ્બર પર ચઢયા. જ્યારે આપે પ્રથમ પગથિયે પગ રાખ્યો તો ફર્માવ્યું, આમીન ! જ્યારે બીજા પગથિયે પગ રાખ્યો તો ફર્માવ્યું, આમીન ! પછી જ્યારે ત્રીજા પગથિયે પગ રાખ્યો તો ફર્માવ્યું, આમીન ! પછી આપે ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ علیہ السلام આવ્યા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ જેણે રમઝાનને પામ્યો અને તેની બખ્શિશ ન કરવામાં આવી તેને અલ્લાહ (પોતાની રહમતથી) દૂર કરી આપે ! મેં કહ્યું, આમીન ! અને કહ્યું કે જેણે પોતાનાં માબાપ અથવા એમનામાંથી કોઈ એકને પામ્યાં તેમ છતાં તે દોઝખમાં દાખલ થઈ ગયો ! તેને અલ્લાહ પોતાની રહમતથી દૂર કરી આપે ! મેં કહ્યું, આમીન ! અને કહ્યું કે જેની સમક્ષ આપ (ﷺ)નો ઝિક્ર કરવામાં આવે અને તે આપના પર દુરૂદ ન પઢે તેને અલ્લાહ (પોતાની રહમતથી) દૂર કરી આપે ! મેં કહ્યું, આમીન ! *(સહીહ ઈબ્ને હબ્બાન, તિબ્યાનુલ કુર્આન, ૧/૭૦૨)*

વિચારો ! જે રમઝાનની કદર કરીને રોઝા ન રાખે, નેકીઓ કરીને પોતાની મગફિરત ન કરાવે તેનાથી રહમતુલ્ લિલ્ આલમીન ﷺ કેટલા નારાજ છે કે તેની બરબાદીની દુઆ હઝરત જિબ્રઈલ علیہ السلام કરે છે અને આમીન એ જ રસૂલે ખુદા ﷺ કહે છે ! હે રમઝાનની કદર ન કરનારાઓ ! ચેતી જાવ ! જો તમો આ ગૃપમાં હશો, રમઝાનની કદર કરનાર નહીં હોવ તો હુઝૂર ﷺની આમીન તમારા માટે જ છે ! અલ્લાહની રહમતથી જો તમો દૂર થઈ ગયા અને તે પણ હુઝૂરના આમીન કહેવાથી તો કોણ છે જે તમને બચાવી શકશે ?! માટે આજે જ તૌબા કરી લો ને રમઝાનમાં નેકીઓ કમાઈને પોતાની મગફેરતનો સામાન કરી લો.

સહાબાએ કિરામ રમઝાન આવતાં ખુશી અનુભવતા કે નેકીઓ કમાવાનો મહિનો આવ્યો અને તેના જતા રહેવા પર રંજ તથા અફસોસ કરતા હતા. જ્યારે આજે ઘણા યુવાનો એવા છે જેઓ રમઝાન આવતાં કુર્આન શરીફની તિલાવત, તફસીર તથા અન્ય દીની કિતાબો ખરીદવાને બદલે, નેકીઓ એકત્ર કરવાની ચીજો ખરીદવાને બદલે રમઝાન આવતાં જ રાતભર ખેલકૂદ કરવાનો સામાન ખરીદીને કેરમ બોર્ડ કે વોલીબોલ કે ક્રિકેટ ટુર્નામેન્ટોમાં જોઈન્ટ થઈને તરાવીહ તેમજ નમાઝો પણ રાત દિવસની લગભગ ત્યજી દઈને બલ્કે કેટલા તો રોઝા પણ ત્યજી દઈને ઐયાશ જેમ રાતભર કૂદીને ધમાલ ધમાલ મચાવીને પછી દિવસભર ઊંઘતા રહે છે !

વળી ક્યાંક રમઝાનમાં ટી.વી. પર મેચો જોઈને કે ડ્રામાઓ જોઈને ટાઈમ પાસ કરવામાં આવે છે ! તિલાવતે કુર્આન કે ઝિક્રે ખુદા કરવાને બદલે રમઝાનમાંય ટી.વી.ના તમાશા ચાલુ રહે છે ! અફસોસ ! આવા જ લોકોથી ન રબ રાજી રહે છે ન રસૂલે પાક ﷺ રાજી રહે છે ન અવલિયા રાજી રહે છે ! જેમ કે વલીએ કામિલ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એવાથી નારાજ થઈને કહે છે કે :–

*દિન લહ્વ મેં ખોના તુઝે શબ સુબ્હ તક સોના તુઝે–શરમે નબી ખૌફે ખુદા યહ ભી નહીં વો ભી નહીં*
*રિઝ્કે ખુદા ખાયા કિયા ફર્માને હક્ક્ ટાલા કિયા–શુક્રે કરમ તરસે સઝા યહ ભી નહીં વો ભી નહીં*

બસ ! અલ્લાહ તઆલા સૌને નેક હિદાયત આપે કે ઈમાન, ઈસ્લામ, રમઝાનની દિલથી કદર કરે અને બંને જહાનની કમબખ્તીઓથી બચીને બંને જહાનની ભલાઈ પ્રાપ્ત કરે.

## ★ ઝકાત, સદકાની અદાયગીથી માલમાં વધારો થાય છે ★

એક વાત નિશ્ચિતપણે યકીનની સાથે જાણી લો કે ઝકાત–સદકાથી દૌલતમાં ઘટાડો થતો નથી પણ વધારો જ થાય છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "મુસલમાન જે **એક ખજૂર** અથવા **એક કોળિયો** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની રાહમાં આપે તેને અલ્લાહ વધારે તથા ઉછેરે છે, જેવી રીતે કોઈ માણસ પોતાના વાછરડા અથવા ઊંટને પાળે છે, ત્યાં સુધી કે તે **વધીને ઓહદ પહાડ બરાબર થઈ જાય** છે." *(મુસ્નદે ઈમામ અહમદ)*

જ્યારે નફ્લ સદકાની આ ફઝીલત છે તો ફર્ઝ સદકો એટલે ઝકાતની તો કેટલી ફઝીલત હશે, એના કેટલા દુનિયવી તથા આખેરતના ફાયદા હશે એ કોણ કલ્પી શકે છે ?! ખૂદ કુર્આનમાં રબ તઆલા ફર્માવે છે : "અને મુત્તકી (રબથી ડરનાર) તેઓ છે કે અમોએ જે તેમને આપ્યું તેમાંથી અમારા રસ્તામાં ખર્ચ કરે છે." *(સૂરએ બકરહ્, આયત : ૩)* તેમજ ફર્માવ્યું : "અને ફલાહ તેઓ પામે છે જે ઝકાત અદા કરે છે." *(સૂરએ મુઅ્મિન, આ. ૪)* અને બીજી આયતમાં છે : "અને જે કાંઈ તમે ખર્ચ કરશો, **અલ્લાહ તઆલા તેના સ્થાને બીજુ આપશે** અને તે ઉત્તમ રોજી આપનાર છે." *(સૂરએ સબા, આયત : ૩૯)*

## ★ ઝકાત આપવામાં આનાકાની કરનારનો ભયાનક અંજામ ! ★

અને જેઓ ઝકાત આપવામાં કંજૂસાઈ કે આનાકાની કરે છે અને પૂરી ગણત્રીથી ગંભીરપણે એને અદા નથી કરતા તેમના વિશે ખૂદ રબ તઆલાનું જ ફર્માન છે કે, "જે લોકો સોનુ અને ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી તેમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો ! જે

દિવસે જહન્નમની આગમાં તેને તપાવવામાં આવશે અને તેના વડે તેમના કપાળો તથા પાસાંઓ તથા પીઠો ડામવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફ્સ માટે એકત્ર કર્યું હતું, તો હવે (તેનો સ્વાદ) ચાખો ! જે ભેગુ કરતા હતા. *(સૂરએ તૌબા, આયત : ૩૪)*

અને હદીષે પાકમાં પણ ઈમામ અહમદની રિવાયત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી છે કે, "જે માલની **ઝકાત** આપવામાં નથી આવી તે **ક્યામતના દિવસે ગંજા સાપના રૂપમાં આવશે** અને માલિકની પાછળ પડીને **તેને નસાડશે** અને તે ભાગતો રહેશે ત્યાં સુધી કે છેવટે પોતાની આંગળીઓ તેના મુખમાં નાખી દેશે. *(બહારે શરીઅત)*

આવી વિવિધ ચેતવણીઓ હદીષોમાં ઝકાત ન અદા કરનારના માટે આવેલી છે જેથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَ પર ઈમાન ધરાવનારાઓએ આ બાબતે ગંભીર બનીને ઝકાતનો સંપૂર્ણ હિસાબ રાખી અદા કરવી જોઈએ. અંતમાં ઝકાત આપવા બાબતે કેટલીક ગલતફહમીઓ ચાલતી હોય છે જેના નિવારણ માટે ઝકાત કોને આપી શકાય અને કોને નહીં, એની સ્પષ્ટતા નીચે રજૂ કરી દઈએ છીએ :–

## ★ ઝકાતના ક્રમવાર હક્કદારો ★

૧. સૌથી પહેલાં ભાઈ, બહેન અને તેમના સંતાનો (જો ઝકાતના હક્કદાર હોય) ૨. જમાઈ, કાકા, મામા, માસી અને તેમનાં સંતાનો (જો ઝકાતના હક્કદાર હોય) ૩. સગા વ્હાલાં (જો ઝકાતનાં હક્કદાર હોય) ૪. નજીકના પડોસીઓ (જો ઝકાતના હક્કદાર હોય) ૫. પોતાના ગામના માણસો પછી ક્રમવાર દૂર દૂરના લોકોને આપે. હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા તે માણસના સદકાને કબૂલ નથી ફર્માવતો જેના સગાં વ્હાલાં એના સદવર્તાવથી મેહરૂમ રહે. (મતલબ કે તેના ગરીબ સગાને લાભ ન મળતો હોય) અને એ પારકાંઓને આપે. *(રદ્દુલ મુહતાર)*

## ★ ઝકાત કોને આપી શકાય નહીં ★

**(૧)** પોતાની અસ્લ અર્થાત મા બાપ, દાદા દાદી, નાના નાની વગેરે કે જેની ઔલાદમાંથી એ પોતે છે તેમને ઝકાત આપી શકાય નહીં. **(૨)** પોતાની ઔલાદ પુત્ર, પુત્રી, પોત્ર, પોત્રી, નવાસો, નવાસી વગેરેને ઝકાત આપી શકાય નહીં. **(૩)** મુશ્રિક, કાફિર, બદમઝહબ અને મુર્તદ (શીઆ, વહાબી, ગૈર મુકલ્લિદ, દેવબંદી વગેરે)ને ઝકાત આપી શકાય નહીં. **(૪)** પતિ પત્નીને અને પત્ની પતિને ઝકાત આપી શકતાં નથી. **(૫)** સૈયદ (હાશમી)ને ઝકાત આપી શકાય નહીં. **(૬)** માલદાર જેના ઉપર ઝકાત કાઢવી ફર્ઝ છે તેને ઝકાત આપી શકાય નહીં. **(૭)** માલદાર નાબાલિગ બાળકોને ઝકાત આપી શકાય નહીં (માલદારના બાલિગ છોકરા છોકરી જો ગરીબ હોય તો આપી શકાય છે) **(૮)** મૈયતના કફન માટે, મસ્જિદ બનાવવા વગેરે જેમાં માલિક બનાવાતુ ન હોય એવાં કામોમાં ઝકાત આપી શકાય નહીં. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, રદ્દુલ મુહતાર, કાનૂને શરીઅત, બહારે શરીઅત વગેરે)*

***નોંધ** : વધુ માટે અમારી વેબ સાઈટ www.barkatekhwaja.net ઓપન કરો અને રોઝા તથા ઝકાત વિશે "બરકાતે ખ્વાજા" (માસિક)ના અંકો પાછલા વરસો ઓકટો.–૦૫, સપ્ટે.–૦૭, સપ્ટે.–૦૮, સપ્ટે.–૦૯, સપ્ટે.–૧૦, ઓગસ્ટ–૧૧, ઓગસ્ટ–૧૨માં વિવિધ રીતે રજૂ કર્યા છે તેનો અભ્યાસ કરશો.*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને
એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ لَا تَسْفِكُوْنَ دِمَآءَكُمْ وَلَا تُخْرِجُوْنَ
اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ ثُمَّ اَقْرَرْتُمْ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿٨٤﴾
ثُمَّ اَنْتُمْ هٰٓؤُلَآءِ تَقْتُلُوْنَ اَنْفُسَكُمْ وَتُخْرِجُوْنَ فَرِيْقًا
مِّنْكُمْ مِّنْ دِيَارِهِمْ ز تَظٰهَرُوْنَ عَلَيْهِمْ بِالْاِثْمِ
وَالْعُدْوَانِ ط وَاِنْ يَّاْتُوْكُمْ اُسٰرٰى تُفٰدُوْهُمْ وَهُوَ
مُحَرَّمٌ عَلَيْكُمْ اِخْرَاجُهُمْ ط اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ
وَتَكْفُرُوْنَ بِبَعْضٍ ج فَمَا جَزَآءُ مَنْ يَّفْعَلُ ذٰلِكَ
مِنْكُمْ اِلَّا خِزْیٌ فِی الْحَيٰوةِ الدُّنْيَا ج وَيَوْمَ الْقِيٰمَةِ
يُرَدُّوْنَ اِلٰٓى اَشَدِّ الْعَذَابِ ط وَمَا اللّٰهُ بِغَافِلٍ
عَمَّا تَعْمَلُوْنَ ﴿٨٥﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الْحَيٰوةَ
الدُّنْيَا بِالْاٰخِرَةِ ز فَلَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ
وَلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٨٦﴾ وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ
وَقَفَّيْنَا مِنْ بَعْدِهٖ بِالرُّسُلِ ز وَاٰتَيْنَا عِيْسَى ابْنَ
مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ط اَفَكُلَّمَا
جَآءَكُمْ رَسُوْلٌ بِمَا لَا تَهْوٰٓى اَنْفُسُكُمُ اسْتَكْبَرْتُمْ ج
فَفَرِيْقًا كَذَّبْتُمْ ز وَفَرِيْقًا تَقْتُلُوْنَ ﴿٨٧﴾ وَقَالُوْا
قُلُوْبُنَا غُلْفٌ ط بَلْ لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَقَلِيْلًا
مَّا يُؤْمِنُوْنَ ﴿٨٨﴾

અને જ્યારે અમે તમારી પાસેથી વાયદો લીધો કે પોતાનાંઓનું ખૂન ન કરશો અને પોતાનાંઓને પોતાના ગામોમાંથી ન કાઢી મૂકશો પછી તમે એની કબૂલાત આપી અને તમે ગવાહ છો (૮૪) પછી આજે તમો છો પોતાનાંઓને કત્લ કરવા લાગ્યા અને પોતાનાંઓમાંથી એક ટુકડીને તેમના વતનમાંથી કાઢી મૂકો છો, તેમના વિરૂદ્ધ મદદ કરો છો (તેમના વિરોધીઓને) ગુનાહ અને મર્યાદા વટાવવામાં, અને જો તેઓ કૈદી બનીને તમારા પાસે આવે તો બદલો આપીને છોડાવી લો અને તેમને કાઢી મૂકવા તમારા પર હરામ

છે[૧૩૮] તો શું ખુદાના અમુક હુકમો પર ઇમાન લાવો છો અને અમુકને નકારો છો, તો જે તમારામાં એવું કરે તેનો બદલો શું છે પણ એ જ કે દુનિયામાં બેઇજજત થાય[૧૩૯] અને કયામતમાં ઘણા જ સખત અઝાબ તરફ લઇ જવામાં આવશે અને અલ્લાહ તમારા કરતૂતોથી અજાણ નથી[૧૪૦] (૮૫) આ છે તે લોકો જેઓએ આખેરતના બદલે દુનિયાનું જીવન ખરીદી લીધું, તો ન તેઓ પરથી અઝાબ હલ્કો થાય ન તેઓની મદદ કરવામાં આવે (૮૬) અને બેશક ! અમે મૂસાને કિતાબ આપી[૧૪૧] અને તેના પછી અનેક રસૂલો મોકલ્યા[૧૪૨] અને અમે ઇસા મરયમના બેટાને

**ખુલ્લી નિશાનીઓ આપી[૧૪૩] અને પાક રૂહ[૧૪૪] વડે તેની મદદ કરી[૧૪૫] તો શું જ્યારે તમારી પાસે કોઇ રસૂલ તે લઇને આવે જે તમારા મનની ઇચ્છા નથી, ઘમંડ કરો છો ! તો તે (પૈગમ્બરો) માં એક જૂથને તમે જૂઠલાવો છો. અને એક જૂથને શહીદ કરો છો[૧૪૬] (૮૭) અને યહૂદી બોલ્યા અમારા દિલો પર પરદા પડયા છે[૧૪૭] બલ્કે અલ્લાહે તેમના પર લઅનત કરી તેમના કુફ્રના કારણે તો તેમનામાં થોડા ઇમાન લાવે છે[૧૪૮] (૮૮)**

**શાને નુઝૂલ**

૧૩૮. તવરાતમાં બની ઇસરાઇલ પાસેથી વાયદો લેવામાં આવ્યો હતો કે તેઓ અંદર અંદર એક બીજાનાં ખૂન ન કરે, વતનમાંથી ન કાઢી મૂકે, અને જે બની ઇસરાઇલ બીજાની કેદમાં હોય તેને માલ આપીને છોડાવી લે, આ વાયદાની તેઓએ કબૂલાત પણ આપી પોતાની જાતો પર સાક્ષી પણ બન્યા, છતાં પણ એના પર કાયમ ન રહ્યા, અને ફરી ગયા.

હકીકત એ મુજબ છે કે મદીનાના પાદરમાં યહૂદીઓના બે કબીલાઓ રહેતા હતા, જેમાંથી એકનું નામ 'બની કુરેઝા' અને બીજાનું 'બની નુઝેર' હતું, અને મદીના શરીફમાં 'ઔસ' અને 'ખઝરજ' સાથે એવા કરારોથી જોડાએલા હતા, કે જો આપણામાંના ગમે તેના પર હુમલો થાય તો બીજો તેની મદદ કરશે, હવે 'ઔસ' અને 'ખઝરજ' ને એક બીજા સાથે લડાઇ રહેતી હતી, આ બન્ને કબીલા એમના કરારના સાથીદારોની મદદે જતા અને એ રીતે અંદર અંદર એક બીજાને કતલ કરતા હતા, અને એમના ઘરો વેરાન કરી દેતા હતા, તેમને તેમના રહેઠાણોમાંથી કાઢી મૂકતા હતા, પણ જ્યારે એમની પોતાની કૌમના માણસોને એમના કરારવાળા સાથીદારો કેદ પકડતા ત્યારે એ લોકો માલ આપીને તેને છોડાવી લેતા હતા, દા.ત. 'બની નુઝેર' નો કોઇ માણસ 'ઔસ' વાળાઓના હાથે પકડાઇ જતો તો 'બની કુરેઝા' 'ઔસ'ને માલ બદલામાં આપી તેને છોડાવી લેતા, જો કે લડાઇ સમયે એ જ માણસ જો એમના દાવ પર આવી જતો તો તેને કત્લ કરવામાં કશો વિચાર કરતા નહીં.

આ બાબત પર જ એમને સંભળાવવામાં આવે છે કે જ્યારે તમે પોતાનાઓની ખૂનરેજી ન કરવા તેમને પોતાના ઘરોમાંથી ન કાઢવા, અને તેમના કૈદીઓને છોડાવવાનો વાયદો કર્યો હતો, તો પછી એનો શું અર્થ કે કત્લ અને ખૂનરેજી કરવામાં તો વિચાર કરો નહિ, અને પકડાઇ જાય તો છોડાવતા ફરો, વાયદામાંથી અમુક વાત માનવી અને અમુક ન માનવી એનો શું અર્થ છે, જ્યારે તમે કત્લ કરવામાં અને ઘરોમાંથી કાઢી મૂકવામાં ન રોકાયા તો તમે વાયદો તોડેલો જ ગણાશે, અને હરામ કૃત્ય કરેલું જ ગણાશે, અને તમે એને હલાલ ગણ્યુ એટલે તમે કાફિર થઇ ગયા.

**મસઅલો** : એ આયતથી જાણવા મળ્યું કે જુલ્મ અને હરામ બાબત પર મદદ કરવી પણ હરામ છે.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે કતઇ હરામને હલાલ જાણવું કુફ્ર છે.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે અલ્લાહની કિતાબના અમુક હુકમોને ન માનવા એ પણ આખી કિતાબને ન માનવા જેવું જ ઠરે છે, અને એ કુફ્ર છે.

**ફાયદો** : એમાં એની પણ ચેતવણી છે કે જ્યારે ખુદાના હુકમોમાંથી અમુક માનવા અમુક ન માનવા કુફ્ર છે, તો પછી **યહૂદીઓનું હુઝૂર ﷺના ઇન્કાર કરવાની સાથે હઝરત મૂસા અલયહિસ્સલામને માનવું તેમને કુફ્રથી બચાવી શકશે નહીં.**

૧૩૯. દુનિયામાં બેઇજજતી તો એ પ્રમાણે થઇ કે ૩ હિ.સ.માં 'બની કુરેઝા' મરાઇ ગયા, એક દિવસમાં તેમના ૭૦૦ માણસો માર્યા ગયા, અને 'બની નુઝેર' ત્યાર પહેલાં જ તડીપાર કરવામાં આવ્યા હતા, પોતાના કરારના સાથીદારોની ખાતર અલ્લાહના હુક-

મનું ઉલ્લંઘન આ પરિણામ લાવ્યું.

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે **કોઇની તરફદારી માટે દીનના હુકમોનુ ઉલ્લંઘન કરવાથી આખેરતના અઝાબ ઉપરાંત દુનિયામાં પણ બેઇજજતી થાય છે.**

૧૪૦. એમાં નાફરમાનો માટે અઝાબની ખબર આપવામાં આવી છે કે અલ્લાહ તમારા કાર્યોથી અજાણ નથી.

૧૪૧. આ કિતાબ એટલે **તવરાત, જેમાં** અલ્લાહ તઆલાના બધા **વાયદા બયાન કરાયા હતા,** બધાંથી **મહત્વનો વાયદો એ હતો કે** દરેક જમાનાના પૈગમ્બરોનુ કહેવું માનશો, તેમના પર ઇમાન લાવશો, અને તેમની તાઝીમ કરશો.

૧૪૨. હઝરત મૂસા عليه السلامના જમાનાથી હઝરત ઇસા عليه السلامના સમય સુધી એક પછી એક નબીઓ આવતા રહ્યા, એમની સંખ્યા ચાર હજાર કહેવામાં આવે છે, આ તમામ પૈગમ્બરો હઝરત મૂસા عليه السلامની શરીઅતના રખેવાળ અને તેના હુકમો ચલાવનાર હતા, હવે **ખાતિમુલ અમ્બિયા** صلى الله عليه وسلم **પછી કોઇને નુબુવ્વત મળી શકતી નથી એટલે શરીઅતે મોહમ્મદિયહની હિફાઝત અને એનો પ્રચાર હક્કાની ઉલમા અને દીનના મુજદ્દિદોને સુપ્રત થયો છે.**

૧૪૩. આ નિશાનીઓ એટલે હઝરત ઇસા અલયહિસ્સલામના મો'જિઝા, જેમ કે મરેલાંઓને જીવતા કરવાં, આંધળા અને કોઢવાળાને સારા કરી દેવા, પક્ષીઓ બનાવી તેને સજીવ કરવાં, ગૈબની વાતો કહેવી વિગેરે.

૧૪૪. પાક રૂહ (રૂહે કુદસ) એટલે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ જેઓ રૂહાની છે. વહી લાવે છે. જેનાથી દિલો જીવંત થાય છે, તેઓ હઝરત ઇસા عليه السلامની સાથે રહેવા માટે હુકમ કરાએલા હતા, હઝરત ઇસા عليه السلام ૩૩ વર્ષની ઉમરે જીવતા આસ્માન પર ઉઠાવી લેવાયા, ત્યાર સુધી સફરમાં અને બિન સફરમાં કદી પણ હઝરત જિબ્રઇલ એમનાથી અલગ થયા નથી, રૂહુલ કુદસ વડે મદદ એ ઇસા عليه السلامની જબરદસ્ત ફઝીલત છે, સય્યિદે અમ્બિયા અલયહિસ્સલામના સદકામાં હુઝૂરના અમુક ઉમ્મતીઓને પણ રૂહુલ કુદસની મદદ મળી છે, સહીહ બુખારી વિ.માં છે કે હઝરતે હસ્સાન રદિયલ્લાહો અન્હો માટે મિમ્બર પાથરવામાં આવતું, તેઓ નઅત શરીફ પઢતા, હુઝૂર صلى الله عليه وسلم તેમના માટે ફરમાવતા **અલ્લાહુમ્મ અય્યિદહુ બિરૂહિલ કુદ્દૂસ** અય અલ્લાહ ! તુ રૂહુલ કુદ્દૂસ વડે એની મદદ કર.

૧૪૫. છતાં હે યહૂદીઓ ! તમારી સરકશીમાં કોઇ ફરક ન આવ્યો.

૧૪૬. **યહૂદીઓ પૈગમ્બરોના હુકમો** પોતાની મનેચ્છાઓની વિરૂધ્ધ જોઇને તેમને **જૂઠલાવતા** અને મોકો પામતા તો **તેઓને શહીદ કરી દેતા હતા,** જેવી રીતે કે એમણે હઝરત શઅયા અને ઝકરિયા અને બીજા **ઘણા પૈગમ્બરોને શહીદ કરી નાખ્યા, અને હુઝૂર** صلى الله عليه وسلم**ની પાછળ પણ પડેલા રહ્યા,** કદીક આપ પર **જાદૂ કર્યું, કદીક ઝેર આપ્યું. જાત જાતના ફરેબ શહીદ કરી નાખવાની નિયતથી કર્યા.**

૧૪૭. **યહૂદીઓએ** આવું મશ્કરીમાં કહ્યું હતું, એમનો મતલબ એ હતો કે હુઝૂરની હિદાયતને એમનાં દિલો સુધી માર્ગ નથી, અલ્લાહ તઆલાએ એમનો રદીયો આપ્યો કે **બેદીન લોકો જૂઠા છે.** દિલ તો અલ્લાહ તઆલાએ એની પ્રકૃતિ પર બનાવ્યાં છે, અને તેમાં હક સ્વીકારવાની લાયકાત મૂકેલી છે, એ તો **એમના કુફ્રનું ફળ** છે કે એમણે હુઝૂર صلى الله عليه وسلمની નબુવ્વતનો સ્વીકાર કર્યા પછી ઇન્કાર કરી દીધો, **અલ્લાહ તઆલાએ એમના પર લઅનત ફરમાવી** એનો અસર છે કે હકના સ્વીકાર જેવી નેઅમતથી અભાગી રહી ગયા,

૧૪૮. આજ બયાન બીજી જગ્યાએ આ પ્રમાણે છે **بَلْ طَبَعَ اللّٰهُ عَلَيْهَا بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا**

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીષે પાક એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَيْهِ الرَّحْمَة وَالرِّضْوَان

***હદીષ :*** *હઝરત અબૂ ઐયૂબ તથા જાબિર તથા અનસથી રિવાયત છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ કે, "આ મસ્જિદમાં એવા લોકો છે જેઓ ખૂબ પાક થવું પસંદ કરે છે અને અલ્લાહ સુથરા (સ્વચ્છ)ઓને પસંદ કરે છે[૧]." તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હે અન્સારના ગિરોહ ! અલ્લાહે તમારી પાકીના ખૂબ જ વખાણ કર્યા છે ! તમારી કેવીક પાકી છે ?![૨] તેઓ બોલ્યા કે અમે નમાઝના માટે વુઝૂ, જનાબતના માટે ગુસ્લ કરીએ છીએ અને પાકી વડે ઈસ્તિન્જો[3] (કરીએ છીએ). તો ફર્માવ્યું કે તે એ જ પાકી છે ! એને લાઝિમ કરી લો[૪].*

*ઈબ્ને માજહ હઝરત સલ્માનથી રિવાયત કરે છે. ફર્માવે છે કે અમુક મુશ્રિકોએ મજાકના રૂપે કહ્યું કે અમે તમારા સાહબને જોઈએ છીએ કે તમને પાખાના (જાજરૂ) કરવા સુદ્ધાંનું શીખવાડે છે !![૫] મેં કહ્યું, હા ! અમને હુકમ આપ્યો છે કે કિબ્લા તરફ મોઢું ન કરે, અને ન જમણા હાથે ઈસ્તિન્જો (પાખાનુ સાફ) કરે અને ત્રણ પથ્થરો (ઢેફાં)થી ઓછાં ન વાપરે. એમાં ન ગોબેરુ હોય ન હાડકુ[૬]. (મુસ્લિમ શરીફ) અહમદે રિવાયત કરી આ એમના શબ્દો છે.*

*હઝરત અબ્દુર્રહમાન બિન હસનહથી[૭] રિવાયત છે. ફર્માવે છે કે અમારી પાસે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. આપના હાથ શરીફમાં ઢાલ હતી. આપે ઢાલ જમીન પર મૂકી પછી બેસીને તેની પાછળ પેશાબ કર્યો[૮] તો અમુક કાફિરો બોલ્યા, એમને જુઓ તો સ્ત્રીઓ જેમ પેશાબ કરે છે ![૯] એ વાત નબી ﷺએ સાંભળી લીધી તો ફર્માવ્યું, અફસોસ તમારા પર ! શું તમને ખબર નથી કે બની ઈસ્રાઈલવાળાઓને શું આફત પહોંચી હતી ?! કે જ્યારે તેમને પેશાબ લાગી જતો તો કાતરો વડે જગા કાપી નાખતા હતા. તેણે એમને મના કર્યું તો પોતાની કબ્રમાં અઝાબ આપવામાં આવ્યો[૧૦]. એને અબૂ દાઊદ તથા ઈબ્ને માજહએ રિવાયત કરી, અને નિસાઈએ એમનાથી અને તેમણે અબૂ મૂસાથી.*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૦૧.** આ આયતમાં મસ્જિદે કુબાની પ્રશંસા કરવામાં આવી છે અને નબી ﷺને ત્યાં નમાઝ પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે. એટલે કે મસ્જિદના આસપાસ અન્સાર રહે છે અને એમાં તેઓ જ નમાઝ પઢે છે, એઓ ઘણા જ પાક (પવિત્ર) લોકો છે, આપ પણ ત્યાં નમાઝ પઢયા કરો. આ પરથી જાણવા મળ્યું કે જે મસ્જિદ બુઝુર્ગોએ બનાવી હોય અથવા ત્યાં બુઝુર્ગોએ નમાઝ પઢી હોય અથવા એની નજીક બુઝુર્ગ રહેતા હોય કે દફન થયા હોય ત્યાં નમાઝનો સવાબ અધિક છે અને ઈરાદાપૂર્વક ત્યાં જઈને નમાઝ પઢવી રબને પસંદ છે. એનાથી શરીઅત તથા તસવ્વુફના ઘણા મસાઈલ હાંસલ થઈ શકે છે. એની સંપૂર્ણ તેહકીક અમારી તફસીર "નૂરુલ ઈર્ફાન"માં જુઓ.

**૦૨.** આ સવાલ તથા જવાબ લોકોને બતાવવા માટે છે, નહીં તો હુઝૂર ﷺ તો દરેકના અમલથી વાકેફ છે. ફર્માવે છે : لَا يَخْفٰى عَلَيَّ صَلٰوتُكُمْ

**૦૩.** ઢેલાંઓ પછી પાણી વડે પણ ઈસ્તિંજા કરી લે છે અથવા કેવળ પાણી વડે જ ઈસ્તિંજો કરે છે ન કે ઢેલાંઓ વડે. બીજો અર્થ અધિક જાહેર છે, જેમ કે મિર્કાત વગેરેમાં છે. અન્ય લોકો કેવળ ઢેલાંઓ પર જ અટકે છે, પણ એકલાં ઢેલાંથી કામ સૂકા પાખાનામાં થઈ શકે છે, મધ્યમ (ન સૂકુ ન બહુ પ્રવાહી જેવું) હોવાની સ્થિતિમાં ધોવું ફર્ઝ છે જ્યારે રૂપિયા જેટલી જગા ખરડાય જાય.

**૦૪.** પાણી વડે ઈસ્તિંજો કરી લો, નમાઝ માટે વુઝૂ અને જનાબત વખતે ગુસ્લ તો સર્વ હઝરાત કરતા હતા.

**૦૫.** આવી મામૂલી વાતો શીખવાડવી એમની શાનની વિરુદ્ધ છે, મોટા લોકો મોટી વાતો શીખવાડે છે.

**૦૬.** સુબ્હાનલ્લાહ ! કેવો હિકમતપૂર્ણ જવાબ છે ! એટલે કે આ તો અમારા રસૂલ ﷺનો કમાલ છે કે અમને કોઈના મોહતાજ ન રાખ્યા, સર્વ કાંઈ શીખવાડી આપ્યું. જુઓ, અમને ઈસ્તિંજા (પેશાબ, જાજરૂ)ના બારામાં કેટલા ઉમદા હુકમો અતા કર્યા ?! તમો પણ આ વાત શીખી લો..

**૦૭.** હસનહ એમનાં વાલિદાનું નામ છે. વાલિદનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને મતાઅ છે. આપ સહાબી છે.

**૦૮.** "વરકહ" ચામડાની તે ઢાલ છે જેમાં લાકડુ તથા પટ્ટા (જાડી સફેદ નસો) ન વાપરવામાં આવે. જંગમાં તલ્વારનો વાર આસાનીથી રોકી લે છે. ઢાલની આડમાં પેશાબ કરવાથી માલૂમ પડયું કે પેશાબના સમયે આખા શરીરને છુપાવવું જરૂરી નથી કેવળ શર્મગાહનું છુપાય જવું પૂરતુ છે, કેમ કે ઢાલ નાની હોય છે.

**૦૯.** ઈસ્લામથી પહેલાં અરબી પુરૂષો બેધડક સૌની સામે નગ્ન પેશાબ જાજરૂ કરી લેતા હતા. સતર, શરમ તથા પર્દો ઈસ્લામે શીખવાડયું. તે લોકો આ સંસ્કારની હંસી ઉડાડતા હતા, જેવી રીતે કે આજે બેદીન જાહિલ અમુક ઈસ્લામી હુકમો દાઢી, નમાઝ વગેરેની મજાક ઉડાડે છે. આ એવું જ છે જેમ કે ચપટા નાકવાળાઓને નાકચીબા કહીને મજાક ઉડાડે.

**૧૦.** જવાબનો ખુલાસો એ છે કે બની ઈસ્રાઈલને ત્યાં પેશાબના અહકામ ઘણા જ સખત હતા કે જો કપડામાં લાગી જાય તો સળગાવી દો અને જો શરીર પર લાગી જાય તો એટલી ચામડી છોલી નાખો ! એમનામાંથી એક જણે બની ઈસ્રાઈલને મશ્વરો આપ્યો કે એવું ન કરો. આ મશ્વરો આપવાના કારણે તે શખ્સ કબ્રના અઝાબમાં સપડાય ગયો, જો કે તેણે એવી ચીજથી રોક્યું હતું જે નફ્સ પર સખત ભારે હતી, અને તું મને આ પડદો અને હયાથી મના કરે છે, જે ન તકલીફદાયક છે ન તો નફ્સ પર ભારે ?! તો બતાવ તારો શો હાલ થશે ?! એનાથી જાણવા મળ્યું કે એ શખ્સ કોઈ બની ઈસ્રાઈલ હશે અને એ બનાવો એ જમાનામાં મશહૂર હશે. હુઝૂર ﷺના સુસંસ્કાર તો જુઓ કે એની મજાકનો કોઈ જવાબ ન આપ્યો, બલ્કે નમ્રતાથી સમજાવી આપ્યું.


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૩૫૦/–** (રજીસ્ટર્ડથી ટપાલ ખર્ચ રૂા.૬૦ અલગ)

**પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન :–**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

## અલ્ અઝીઝ اَلعَزِيزُ

**(ગલ્બા તથા ઈઝ્ઝતવાળો)**

**સમજૂતી** : તે અઝીમ છે જેની જેવા જુઝ હોય, જેનાથી સખ્ત રીતે જરૂરતો બંધાયેલ હોય અને જેના સુધી પહોંચવું આસાન ન હોય. જ્યાં સુધી આ ત્રણેવ સિફતો કોઈનામાં જમા ન થાય ત્યાં સુધી તેને અઝીઝ કહી શકતા નથી. અને જાહેર છે આ ત્રણેવ સિફતો સહીહ અર્થમાં ફક્ત અલ્લાહ તઆલામાં પામી શકાય છે. (અને અલ્લાહ જેવો તો કોઈ જ નથી !)

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં અઝીઝ તે શખ્સ કહેવાય છે જેની તરફ જરૂરી મામલાઓમાં બીજા બંદાઓ રજૂઆત કરે છે. જરૂરી મામલાઓથી મુરાદ આખેરતની જિંદગી તથા હમેશાં રહેવાવાળી નેકબખ્તી છે. યક઼ીનન તેને હાંસલ કરવું તથા ત્યાં સુધી પહોંચવું કોઈ આસાન કામ નથી. રસૂલુલ્લાહ ﷺની સિફતમાં આ શબ્દ કુર્આનમાં આવેલ છે :– عَزِيزٌ عَلَيهِ مَا عَنِتُّم યક઼ીનન ! પ્યારે આક઼ા ﷺના સદક઼ામાં ઈન્સાનોની સૌથી વધુ સંખ્યા આખેરતમાં સઆદત (નેક નસીબી) તથા ફિરોઝમંદીથી લાભ પામશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે જે તેનો વિર્દ કરશે તે બેનિયાઝી તથા ઈજ્જતની દૌલતથી માલામાલ થશે. **જે શખ્સ ચાલીસ દિવસ સુધી દરરોજ ચાલીસ વાર આ મુબારક નામનો વિર્દ કરશે અલ્લાહ તેની મદદ ફર્માવશે તથા એવી ઈજ્જત આપશે કે ફરી કોઈ મખ્લૂક઼નો મોહતાજ નહીં થાય.** અરબઈને ઈદરીસિયામાં છે કે :–

يَا عَزِيزُ المَانِعُ الغَالِبُ عَلىٰ أَمرِهِ فَلَا شَيْءٌ يُعَادِلُهُ

(યા અ઼ઝીઝુલ્માનિઉલ ગાલિબુ અલા અમ્રિહિ ફલા શયઉન્ યુઆ઼દિલુહૂ)ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **જે શખ્સ દરરોજ સાત દિવસ સુધી લગાતાર છોડયા વગર આ દુઆને ૧૦૦૦ વાર પઢશે તેનો દુશ્મન તબાહ તથા બર્બાદ થશે. અને જો કોઈ દુશ્મનના લશ્કર સામે પોતાના હાથ વડે ઈશારો કરીને ૭૦ વાર પઢશે દુશ્મનની ફૌજ હાર પામશે.**

## અલ્ જબ્બાર اَلجَبَّارُ

**(દરેક પર પોતાની મશિય્યત મરજી લાગુ કરવાવાળો)**

**સમજૂતી** : તે જેની મશિય્યત (મરજી) દરેક પર લાગુ થાય છે. દરેક તેની મરજી સમક્ષ આજિઝ છે. તેના પર કોઈની મરજી ચાલતી નથી. જબ્બારે મુત્લક઼ (યક઼ીની) અલ્લાહ તઆલા જ છે. તેના સિવાય કોઈ નથી જે બીજાને કોઈ ચીજ માટે મજબૂર તથા આજિઝ કરી દે. બસ, જબ્બાર તે અલ્લાહ જ છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં જબ્બાર એ જ શખ્સ થઈ શકે છે જે મખ્લૂક઼ની પૈરવી ન કરતો હોય બલ્કે મખ્લૂક઼ તેની પૈરવીમાં મશગૂલ હોય. જે પોતાના હોદ્દાની બુલંદી, ચાલચલન તથા શાનો શૌકતથી મખ્લૂક઼ને પોતાની પૈરવી કરવા મજબૂર કરી દે. જે

મખ્લૂક઼ને ફાયદો પહોંચાડે તથા મખ્લૂક઼ પર તેનો અસર હોય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે માણસ સફર તથા હઝર (મુક઼ામ પર) ૨૧ વાર **''યા જબ્બાર''**નો વિર્દ કરશે તે જુલ્મ તથા બળપ્રયોગ કરનારાઓથી સુરક્ષિત રહેશે.

## અલ્ મુતકબ્બિર اَلْمُتَكَبِّرُ

**(ઘણો જ ગર્વ તથા અઝમતવાળો)**

**સમજૂતી** : જે પોતાના હરીફને સૌથી કમતર તથા મામૂલી સમજે, અઝમત તથા મોટાઈ ફક્ત પોતાના માટે માને, અને બીજાઓને એ રીતે જુએ જેમ કે બાદશાહ પોતાના ગુલામોને જુએ છે. **આ સિફ્ત અલ્લાહ સિવાય બીજામાં હોવાનો ખયાલ પાત્ર ન કરવો જોઈએ.**

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં મુતકબ્બિર તેને કહેવામાં આવે છે જે આરિફ તથા ઝાહિદ હોય. આરિફ તથા ઝાહિદનો એ મતલબ છે કે તે એવા ખયાલોથી પાક હોય જે પોતાના દિલ તથા બાતિનને અલ્લાહ તઆલાથી ફેરવી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : તેના ફાયદા ઘણા જ અજીબ છે. તેનું ઝિક્ર કરવાવાળો ખૈરો બરકતથી માલામાલ થાય છે. જે શખ્સ નિકાહ બાદ પોતાની બીવીથી હમ બિસ્તર થયા પહેલાં દસવાર يَا مُتَكَبِّرُ *(યા મુતકબ્બિર)* પઢશે તેના ઘરે નેક છોકરો પેદા થશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **જે શખ્સ પાબંદીની સાથે આ નામનો ઝિક્ર કરશે અલ્લાહ તેની બુલંદી તથા ઈજ્જતમાં વધારો કરશે અને કોઈ તેના મુકાબલામાં આવશે નહીં.**

## اَلْخَالِقُ، اَلْبَارِئُ، اَلْمُصَوِّرُ

## અલ્ ખાલિક઼-અલ્ બારી-અલ્ મુસવ્વિર

**(દરેક ચીજનો માલિક, પેદા કરવાવાળો, તસ્વીર બનાવવાવાળો)**

**સમજૂતી** : આ ત્રણેવ મુબારક નામોના અલગ અલગ અર્થો તથા મતલબો છે. જ્યારે કોઈ ચીજ અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં આવે છે તો સૌથી પહેલાં તેના વિશે અંદાઝો કરવામાં આવે છે, પછી તે અંદાઝા પ્રમાણે તેનુ અસ્તિત્વ બીજા નંબર પર આપવામાં આવે છે, ત્યારબાદ અસ્તિત્વ પછી ત્રીજા નંબર પર તેને શકલ (સ્વરૂપ) આપવામાં આવે છે. અલ્લાહ તઆલા દરેક ચીજનો ખાલિક઼ છે તેનો મતલબ એ કે તે દરેક વસ્તુનો અંદાઝો કરે છે જે તેની શાનને લાયક છે, તે 'બારી' છે તેનો મતલબ એ કે જે વસ્તુઓને તે અસ્તિત્વથી નવાઝે છે તેમની શકલોની સારી રીતે ગોઠવણ કરે છે. હાંસલ એ થયું કે તે મુસવ્વિર છે. તેનો મતલબ એ કે તેણે વસ્તુઓની શકલોની ઘણી જ સારી રીતે ગોઠવણ કરી. પરંતું આ તમામ ચીજોની હક઼ીક઼તના ઊંડાણમાં ફક્ત તે જ પહોંચી શકે છે જે આલમની શકલોને ટૂંકમાં જાણી લીધા પછી વિસ્તારમાં જાણે. કેમ કે તમામ આલમ એક એકલી હસ્તીના હુકમમાં છે જેનાં (આલમનાં) અલગ અલગ અંગો તથા મક઼સદો છે. આલમનાં અંગો આકાશ, જમીન, તારાઓ તથા આબોહવા વગેરે છે. આ તમામ એક બેહતરીન ગોઠવણ સાથે છે. અને પોતપોતાની જગાએ ગોઠવાયેલી છે કે તેમાં થોડો પણ ફેર બદલ કરવામાં આવે તો આલમની વ્યવસ્થા વેરવિખેર થઈ જાય. અને તે મુસવ્વિરની તસવીરસાઝી સૃષ્ટિના દરેક હિસ્સામાં જલ્વાગર છે ભલે તે આલમનો હિસ્સો નાનો પણ કેમ ન હોય, જેમ કે કીડા, મકોડા વગેરે. આ જ હાલત દરેક જાનદાર (સજીવ) તથા વનસ્પતિઓની પણ છે. સૃષ્ટિના દરેક હિસ્સામાં કુદરતની એવી ગોઠવણ તથા બનાવટ છે જેને શબ્દોમાં વ્યક્ત કરવું અસંભવ છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક اَلْمُصَوِّرُ **(અલ્ મુસવ્વિર)**થી બંદાએ સબક઼ લેવો જોઈએ કે પ્રથમ તો તે સમગ્ર સૃષ્ટિની શકલને તેની બનાવટ તથા ગોઠવણીની સાથે દિમાગમાં લાવે અને પૂરી સૃષ્ટિની બનાવટનો એવો ઘેરાવ કરે જેમ કે તે તેને જોઈ રહ્યો છે. પછી સૌથી હટીને ફક્ત ઈન્સાનની

તરફ ધ્યાન કેન્દ્રિત કરે. અને ઈન્સાનનાં અંગોને સામે રાખીને સોચે કે મુસવ્વિરે હક઼ીક઼ી સુબ્હાનહૂ તઆલાએ કેવા કેવા અને કેટલા ઈન્સાની અંગો બનાવ્યાં, અને તેમને બનાવવામાં શું બેહતરીન ગોઠવણ તથા હિકમતો છે તેના પર ગૌરો ફિકર (ચિંતન મનન) કરે. ત્યારબાદ ઈન્સાનની માનવી સિફતો (ગુણો) જેના દ્વારા તે ઈલ્મ હાંસલ કરે છે તેના પર ચિંતન કરે. ત્યારબાદ પોતાની હેસિયત પ્રમાણે બીજા જાનવરોની બનાવટને સામે રાખી તેમની શાનદાર બનાવટ તથા અલ્લાહની બેહતરીન કારીગરી પર ચિંતન કરે. ત્યારબાદ ફરિશ્તાઓની મઅરેફત તેમના મર્તબા તથા હોદ્દાઓ, અને અલ્લાહ તઆલાએ તેમને જે કામ સોંપેલ છે જેમ કે ફરિશ્તાઓનું આસ્માન તથા તારાઓની નિગેહબાની કરવી, ઈન્સાનોનાં દિલો પર હિદાયતની સાથે કબ્જો કરવો, અન્ય જાનવરોને તેમની જરૂરીયાત પૂરી કરવાના તરીક઼ાઓની તાલીમ તથા ઈલ્હામ (તે વાત જે ખુદા તરફથી દિલમાં નાખવામાં આવે) કરવું. આ તમામ વાતો પર ચિંતન કરે. મુસવ્વિરે હક઼ીક઼ી અલ્લાહ તઆલાની અઝમત તથા કિબ્રિયાઈને પોતાના દિલો દિમાગમાં વસાવે, જેથી તેનામાં સાચા શુક્રનો જઝબો પેદા થાય. **ખાલિક઼ તથા બારી નામોને બંદાઓ માટે બોલવાં દુરુસ્ત નથી, અને ન કોઈને ખાલિક઼ તથા બારીની પોઝિશન આપવી જાઈઝ છે.**

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામ ખાલિક઼ની ખાસિયત એ છે કે **જે માણસ રાતના એકાંત તથા સુકૂનમાં 'યા ખાલિક઼ો'નો વિર્દ કરશે અલ્લાહ તેના દિલને રોશન તથા તેના ચેહરાને પુરનૂર કરશે.** અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **જે શખ્સ** **يَا خَالِقُ مَنۡ فِیۡ السَّمٰوٰتِ وَمَنۡ فِیۡ الۡاَرۡضِ وَکُلٌّ اِلَیۡهِ مَعَادُهُمۡ** *(યા ખાલિક઼ુ મન્ફિસ્સમાવાતિ વમન્ફિલ્અર્દ્િ વકુલ્લુન્ ઈલૈહિ મઆ઼દુહુમ)* **૫૦૦૦ વાર પઢશે તેની ગુમ થયેલ વસ્તુ મળી આવશે અને જે કોઈ લાપતા હોય તે આ વિર્દની બરકતથી પાછો આવશે.** 'યા બારીઓ'ની ખાસિયત એ છે કે **જે સાત દિવસ સુધી દરરોજ ૧૦૦ વાર પઢશે તમામ આફત તથા બલાઓથી મેહફૂઝ રહેશે.** અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **જે શખ્સ** **بَارِئُ** *(બારીઉન્)***નો વિર્દ કરશે અલ્લાહ તેના માટે માલદારી, ઈજ્જતત તથા આફતોથી સલામતીના દરવાજા ખોલી આપશે.** ઈસ્મે મુબારક **بَارِئُ**ની ખાસિયત એ છે કે તેનું વિર્દ કરવાથી ઘણી અજીબ બરકતો જાહેર થાય છે. **જે ઈલાકાઓમાં ફળ વગેરે પેદા થાય છે ત્યાં આ મુબારક નામનું વિર્દ કરવાથી બે હિસાબ ફળો પેદા થાય છે.** વાંઝણી ઔરત **સાત દિવસ સુધી દરરોજ રોઝાની સાથે ગુરૂબે આફતાબ પછી અને ઈફતાર પહેલાં ૨૧ વાર** **يَا بَارِئَ النُّفُوسِ بِلَا مِثَالٍ خَلَا مِنۡ غَيۡرِهِ** *(યા બારીઅન્ નુફૂસિ બિલા મિષાલિન્ ખલામિન ગૈરિહી)* **નું વિર્દ કરશે તો અલ્લાહ તઆલાના હુકમથી તેનુ વાંઝિયાપણુ દૂર થશે અને બાળજન્મનો સિલસિલો શરૂ થશે.**


| આલિમ બનાવનાર કિતાબ મંગાવો ! | જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) |
|---|---|
| **બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા** | **બંને ભાગના રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–) |
| **બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા** | સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૧૧ |

# દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(**દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

ત્યારબાદ ફર્માવ્યું કે મહોબ્બતમાં આશિક઼ તે શખ્સ હોય છે જે બંને જહાનથી દિલ ઉઠાવી લે. પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે મહોબ્બતના ચાર અર્થો છે, પ્રથમ : ઝિક્રે ખુદામાં દિલો જાનથી ખુશ રહેવું. બીજુ : ઝિક્રે હક્ક઼ને મહાન સમજવું. ત્રીજુ : સંબંધ ખત્મ કરવા. ચોથુ : પોતાની અને જે એના સિવાય છે સૌની હાલત પર રડવું. જેવું કે કલામે મજીદમાં છે :–

قل ان کان اٰباؤکم وابناؤکم واخوانکم وازواجکم۔۔۔الخ۔

અને મુહિબ્બોની સિફત એ છે કે એમની (કુટુંબીજનો, માલ દૌલત વગેરેની) મહોબ્બત અલ્લાહની રાહમાં કુર્બાન કરે, ત્યાર બાદ ચાર મંઝિલો મહોબ્બત, ઈલ્મ, હયા તથા તા'ઝીમની પાર પાડે.

પછી ફર્માવ્યું કે મહોબ્બતમાં સાચો તે છે જે પિતા તથા સગાં સંબંધીઓથી સંબંધ કટ કરી *(સારાંશ કે મા બાપ, સગાં જો ખુદા વ રસૂલના હુકમ વિરુદ્ધ કરવાનું કહે તો તેમની મહોબ્બતમાં તે કામ ન કરી બેસે બલ્કે તેમનાથી વિરુદ્ધ થઈને ખુદા વ રસૂલના હુકમ પર ચાલે. –અનુવાદક)*ને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَથી સંબંધ પેદા કરે. વળી મુહિબ્બ તે શખ્સ છે જે અલ્લાહના કલામના હુકમ પર ચાલે અને હક્ક઼ની દોસ્તીમાં સાચો હોય.

ત્યાર બાદ ફર્માવ્યું, આશિક઼ોનો ઈષાર આશિક઼ી બેનિયાઝી છે અને મુહિબ્બોનો ઈષાર આરઝૂનું ન કરવું છે.

પછી ફર્માવ્યું કે એકવાર રાબિઆ બસરી رحمۃ اللہ علیہاને પૂછવામાં આવ્યું કે આરિફ કોણ છે ? ફર્માવ્યું, જે દુનિયાથી મોઢું ફેરવે અને જે કાંઈ તેની પાસે હોય તેને રાહે ખુદામાં ખર્ચ કરે.

પછી ફર્માવ્યું કે આરિફોની ખૂબી મહોબ્બતમાં ઈખ્લાસ કરવું છે. પછી ફર્માવ્યું કે, ''દુનિયામાં સૌથી ઉમદા વાત એ છે કે દરવેશ દરવેશની સાથે મળીને બેસે અને જે કાંઈ દિલમાં હોય તે એકબીજાને વર્ણન કરે, અને સ્પષ્ટપણે કહી આપે. અને સૌથી બુરી ચીજ એ છે કે દરવેશ દરવેશથી જુદો રહે. જો આવી સ્થિતિ છે તો એ મઅરેફતથી ખાલી છે.'' *(ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના આ કથનને વારંવાર વાંચો અને આજના કહેવાતા, આરિફો, સૂફીઓ, દરવેશો, કહેવાતા તરીક઼તના રહબરોને એના આઈનામાં પારખી લો ! –તંત્રી)*

ત્યારબાદ ફર્માવ્યું કે **અલ્લાહ તઆલાની દોસ્તી એ વાતથી પેદા થાય છે કે જે ચીજોને અલ્લાહ તઆલા દુશ્મન જાણે છે તેની સાથે દુશ્મની કરવામાં આવે. દા.ત. દુનિયા તથા નફ્સ.**

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફ મહોબ્બતમાં ક્યારે કામિલ થાય છે ? એ વખતે જ્યારે કે વાતચીત વચ્ચેથી ઉઠી જાય, એવું થઈ જાય કે ક્યાં તો દોસ્ત રહે ક્યાં તો તે.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આરિફોમાં સાદિક઼ (સાચો) તે છે કે જેની માલિકીમાં કોઈ ચીજ ન હોય અને ન તો તે કોઈની માલિકીમાં હોય.

પછી ફર્માવ્યું કે એકવાર સમ્ઊન મોહિબ્બ رحمۃ اللہ علیہ મહોબ્બતના બારામાં ચર્ચા કરી રહ્યા હતા. એક પક્ષી આવીને આપના માથા પર બેઠુ. કેટલીકવાર ચાંચો મારીને હાથ પર બેઠુ પછી બગલમાં પછી જમીન પર. કેટલીકવાર ચાંચ મારી. ચાંચેથી લોહી વહેવા લાગ્યું પછી ગબડી પડીને જાન આપી દીધી.

જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો હું તથા લોકો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### જે બાબતોથી રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે

**મસ્અલો** : એવો ખયાલ હતો કે હજુ સુબ્હ સાદિક શરૂ થઈ નથી તે કારણે ખાધું પીધું કે સંભોગ કર્યો તે પછીથી જણાયું કે સુબ્હ સાદિક થઈ ચૂકી હતી, તો રોઝો ગણાશે નહીં, ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખાવા પીવા માટે બળજબરીથી મજબૂર કરવામાં આવ્યો એટલે કે ખરેખર એવી ધમકી આપી જેમ કે રોઝો તોડીશ નહીં તો મારી નાખીશ, કે હાથ, પગ, કાન, નાક વિગેરેમાંથી કોઈક અવયવ કાપી નાખીશ તો એવા સંજોગોમાં ભલે પોતાના હાથથી ખાધું પીધું છતાં ફક્ત કઝાનો હુકમ લાગુ પડશે. રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે. (દુર્રે મુખ્તાર વગેરે) અર્થાત તે એક રોઝાના બદલે એક રોઝો રાખવો પડશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ભૂલથી ખાધું પીધું કે સંભોગ કર્યો હતો અથવા નજર કરી હતી કે વિર્ય નીકળી ગયું હતું અથવા એહતેલામ (ઊંઘમાં વિર્ય નીકળવું) થયું હતું અથવા ઉલ્ટી થઈ હતી આ બધીય હાલતોમાં એમ વિચારી લીધું કે રોઝો તૂટી ગયો હવે એ જ ખયાલ સાથે જાણીબુઝી ખાધું પીધું તો ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : કાનમાં તેલ નાખ્યું અથવા પેટ કે દિમાગના અંદરના ભાગ સુધીનો ઘા છે તેમાં દવા નાખી તે પેટ કે દિમાગની અંદર પહોંચી ગઈ અથવા પિચકારી લીધી અથવા નાકમાં દવા ચઢાવી અથવા કાંકરા, પથ્થર, માટી, રૂ, કાગળ, ઘાસ વગેરે એવી કોઈ ચીજ ખાધી જેનાથી લોકો ઘૃણા કરે છે અથવા રમઝાનમાં વગર નિય્યતે રોઝો રાખ્યાની જેમ રહો અથવા સવારમાં નિય્યત કરી ન હતી દિવસે ઝવાલ પહેલાં નિય્યત કરી અને પછી ખાય લીધું અથવા રોઝાની નિય્યત કરી હતી પણ રમઝાનના રોઝાની ન કરી હતી અથવા ગળામાં વરસાદના ટીપાં કે બરફના ટુકડા (કરા) જતા રહ્યા, અથવા ઘણા આંસૂંઓ કે પરસેવો ગળી ગયો અથવા ઘણી નાની છોકરીથી સંભોગ કર્યો કે જે એને લાયક ન હતી અથવા મુરદારની કે જાનવરથી ઝિના કર્યો અથવા જાંઘ કે પેટ ઉપર સંભોગ કર્યો અથવા ચુંબન કર્યું અથવા સ્ત્રીના હોઠ ચૂસ્યા અથવા સ્ત્રીના શરીરને સ્પર્શ કર્યો ભલે શરીર સાથે કપડું હોય પણ શરીરની ગરમી જણાતી હોય અને એવા સંજોગોમાં વિર્ય પણ નીકળી ગયું હોય અથવા હાથથી વિર્ય સ્ખલન કર્યું અથવા ચાલુ રમઝાન સિવાયનો કોઈક રોઝો તોડી નાખ્યો પછી ભલે તે રમઝાનનો કઝા રોઝો કેમ ન હોય અથવા સ્ત્રી ઊંઘી રહી હતી અને તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા સવારમાં ભાનમાં હતી અને રોઝાની નિય્યત કર્યા પછી તે પાગલ બની ગઈ, તેવી હાલતમાં તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા એવા ખયાલથી સેહરી ખાધી કે હજુ રાત છે અથવા રાત હોવામાં વહેમ હતો અથવા એવા ખયાલથી રોઝો છોડી નાખ્યો કે સૂરજ આથમી ગયો છે જ્યારે કે ખરેખર આથમ્યો ન હતો અથવા બે માણસોએ ગવાહી આપી કે સૂર્ય આથમી ગયો છે અને બે માણસોએ ગવાહી આપી કે હજી દિવસ છે એવા સંજોગોમાં રોઝો ઈફતાર કરી નાખ્યો, પાછળથી ખબર પડી કે ખરેખર સૂર્ય આથમ્યો ન હતો, આવા બધાય સંજોગોમાં ફક્ત કઝા જરૂરી છે, કફ્ફારો નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : મુસાફિર મુકીમ થયો, હૈઝવાળી નિફાસવાળી સ્ત્રી પાક થઈ ગઈ, પાગલ હોશમાં

આવ્યો, બીમાર હતો સારો થઈ ગયો, કોઈકનો રોઝો હતો તે તૂટી ગયો ભલે કોઈએ બળજબરીથી તોડાવ્યો કે ભૂલથી પાણી કાંઈક ગળામાં જતું રહ્યું અને તેનાથી તૂટી ગયો, રાત સમજી ઈફતાર કરી નાખ્યો જ્યારે હજુ સૂર્ય બાકી હતો, આવા દરેક સંજોગોમાં જેટલોય દિવસ બાકી રહે તે પૂરા ટાઈમને રોઝાની જેમ પૂરો કરવો વાજિબ છે અને એ દિવસનો રોઝો કઝા રાખવો પણ જરૂરી છે. પરંતું નાબાલિગ બાલિગ થઈ ગયો અથવા કાફિર દિવસે મુસલમાન થયો તો એના ઉપર એ દિવસના રોઝાની કઝા વાજિબ નથી, ફક્ત દિવસનો બાકીનો સમય રોઝદારની જેમ પૂરો કરવો એમના ઉપર પણ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : બાળકની ઉંમર ૧૦ વર્ષની થઈ જાય તો અને રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય તો રોઝો રખાવવો, ન રાખે તો મારીને પણ રખાવો. રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય છતાં રાખીને તોડી નાખ્યો તો કઝાનો હુકમ લાગુ પડશે નહીં, જો નમાઝ તોડી નાખે તો ફરીથી પઢાવવી. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : સુબ્હ સાદિક થવા પહેલાં સ્ત્રી સાથે સંભોગમાં હતો પરંતું સુબ્હ સાદિક શરૂ થતાં જ દૂર થઈ ગયો તો કાંઈ નહીં અને એ જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ભૂલથી સંભોગમાં મશગૂલ થયો, યાદ આવતાં જ દૂર થઈ ગયો તો માફ છે પરંતું જો એવી હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મૈયતના કઝા રોઝા થઈ ગયા હતા તો એનો વારિસ વાલી એના તરફથી ફિદિયો આપે જ્યારે કે મરનારે વસિયત કરી હોય અને પોતાની પાછળ માલ પણ છોડયો હોય, નહીંતર વાલી વારિસ ઉપર જરૂરી નથી, આપે તો બેહતર છે. *(બહારે શરીઅત)*

## રોઝો તોડનારી તે બાબતોનું બયાન કે જેનાથી કફફારો પણ જરૂરી છે

રમઝાનનો રોઝો જાણીબુઝીને તોડી નાખવાથી કફફારો પણ જરૂરી છે. રોઝો તોડવાનો કફફારો એ છે કે, એક લોંડી કે ગુલામ આઝાદ કરવું અથવા ૬૦ રોઝા સતત એકી સાથે રાખવા અને એ ન બની શકે તો ૬૦ મિસ્કીનોને પેટ ભરી બે ટાઈમ ખાવા ખવડાવવું. ૬૦ રોઝા રાખવાની પરિસ્થિતિમાં એક પણ રોઝો વચમાં ગમે ત્યાં છૂટી ગયો તો ત્યાંથી ફરીથી ૬૦ ગણવા, પહેલાં રાખેલા ગણાશે નહીં. (મતલબ લગાતાર સાઈઠ રોઝા થવા જોઈશું) દા.ત. ૫૯ રાખ્યા હતા સાઈઠમો રાખ્યો ન હતો કે બીમારી વગેરે લાચારીને કારણે. તો ફરીથી એકી સાથે સાઈઠ રાખવા. પહેલા ૫૦ રાખેલા બેકાર થયા. પરંતું હા ! સ્ત્રીને હૈઝ આવે તે કારણે જેટલા દિવસો ન રાખી શકી તો તે છૂટેલા નહીં ગણાય અર્થાત પહેલાંના રોઝા તેમજ હૈઝની પછીના રોઝા એ એકી સાથે મળી સાઈઠ થતાં કફફારો પૂરો થયો ગણાશે. *(રદ્દુલ મુહતાર, બહાર, આલમગીરી)*

રોઝો તોડવાથી કફફારો લાગુ પડવાની અમુક શરતો છે : ૧. રમઝાન મહિનામાં રમઝાનનો રોઝો અદા કરવાની નિય્યતથી રોઝો રાખ્યો હોય. ૨. રોઝો રાખનાર મુકીમ હોય મુસાફર ન હોય. ૩. મુકલ્લફ હોય, (એટલે કે આકિલ, બાલિગ હોય) જો બાળકે રોઝો તોડયો તો તેનો કફફારો નથી. ૪. રમઝાનના રોઝાની રાત્રે જ નિય્યત કરી હોય. જો રમઝાનના રોઝાની જેને તોડયો તેની દિવસે નિય્યત કરી છે તો તેનો કફફારો નથી. ૫. રોઝો તોડયા પછી કુદરતી રીતે પોતાના કબ્જામાં હોય તેવી એવી કોઈ બાબત બની કે જેને કારણે રોઝો છોડવાની ઈજાઝત છે જેમ કે હૈઝ કે નિફાસ આવ્યું કે બીમારી આવી પડી જેમાં રોઝો ન રાખવાની ઈજાઝત છે તો કફફારો લાગુ પડશે નહીં. પરંતું રોઝો તોડયો પછી એવી કોઈ બાબત બની કે જે પોતાના કબ્જા તથા ઈખ્તિયારમાં હતી જેમ કે પોતે જ પોતાની જાતને ઝખ્મી કર્યો કે જેથી માઅઝૂર લાચાર બન્યો કે રોઝો રાખવા શક્તિશાળી

ન રહ્યો કે પછી મુસાફિર થઈ ગયો તો એવી બાબતોથી તેનો કફ્ફારો ઉતરશે નહીં, જેમ કે એ ચીજો ઈખ્તિયારી છે પોતે ધારતે તો તે ન કરતે, માટે કફ્ફારો આપવો જરૂરી રહેશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, જૌહરા, બહાર)*

<u>મસ્અલો</u> : રોઝદારે જાણીબુઝી કોઈક દવા પીધી કે ખોરાક ખાધો, પાણી પીધું કે સ્વાદ મજા માટે કોઈ ચીજ ખાધી, પીધી અથવા સ્ત્રી પુરૂષ સાથે જે શેહવતની ઉંમરે પહોંચી ગએલ હોય તેના આગળ કે પાછળના મુકામમાં સંભોગ કર્યો ભલે વિર્ય નીકળ્યું કે ન નીકળ્યું અથવા તે રોઝદાર સાથે સંભોગ કરવામાં આવ્યો હોય એ બધીય હાલતોમાં રોઝાની **કઝા** અને **કફ્ફારો** બંને જરૂરી છે.

<u>મસ્અલો</u> : કોઈક એવું કામ કર્યું કે જેના વડે રોઝો તૂટવાનો હુકમ લાગુ પડતો ન હોય પરંતું એણે એવું સમજી લીધું કે રોઝો તૂટી ગયો પછીથી જાણીબુઝી ખાય પી લીધું. દા.ત. નસ્તર મરાવ્યું કે લોહી ખેંચાવ્યું, સૂરમો લગાડયો, જાનવરથી સંભોગ કર્યો અથવા સ્ત્રીથી વાસના સાથે અડકયો, ચુંબન કર્યું કે સાથે સુવડાવી પરંતું એવા કૃત્યોથી વિર્ય નીકળ્યું નથી અથવા જાજરૂની જગ્યાએ સુકી આંગળ ી નાખી હવે એ કામો પછી તેણે જાણીબુઝી ખાય પી લીધું તો એવી કોઈપણ પરિસ્થિતિમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે. જો તે બધીય હાલતોમાં કે જેનાથી રોઝો છૂટવા ઈરાદો તો ન થતો હતો પરંતું એણે છૂટી ગયાનો ખયાલ કરી લીધો (એટલે ઉપરના કોઈક કામથી રોઝો તૂટતો ન હતો પરંતું એણે તૂટી જવાનો ખયાલ કરી લીધો) અથવા તો કોઈક મુફતીએ ફતવો આપી દીધો હતો કે રોઝો તૂટી ગયો વળી તે મુફતી એવો હોય કે જેના ઉપર શહેરવાળા ભરોસો કરતા હોય તેના ફત્વો આપવાથી તેણે જાણીબુઝી ખાધું પીધું અથવા એણે કોઈ હદીષ સાંભળી હતી જેનો ખરો અર્થ એ સમજી શકયો નહીં અને એનો ખોટો અર્થ સમજીને સમજ્યો કે રોઝો તૂટી ગયો પછી જાણી બુઝી ખાય પી લીધું તો હવે કફ્ફારો જરૂરી નથી. ભલે પછી મુફતીએ ખોટો ફત્વો આપ્યો કે એણે જે હદીષ સાંભળી તેનો કોઈ સબૂત ન હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## તે બાબતોનું બયાન જેનાથી રોઝો તૂટતો નથી

<u>મસ્અલો</u> : ભૂલથી ખાધુ, પીધું કે સંભોગ કર્યો તો રોઝો ન તૂટયો.

<u>મસ્અલો</u> : માખી, મચ્છર, ધુમાડા, ધૂળ ગળામાં જતા રહેવાથી રોઝો નથી તૂટતો પરંતુ જાણી બુઝીને ધુમાડા લીધા તો રોઝો તૂટી જશે, પરંતુ એ ત્યારે કે રોઝદાર હોવાનું પોતાને યાદ હોય. (દા.ત. લોબાન, અગરબત્તી કે કોઈ ધુણી સળગાવી મોં તેની પાસે લઈ જઈ ધુમાડા નાકમાં ખેંચ્યા તો રોઝો તૂટી ગયો.)

<u>મસ્અલો</u> : ભરેલી સેંગી લગાડી, તેલ કે સૂરમો લગાડયો તો રોઝો ન તૂટયો ભલે તેલ કે સૂરમાનો સ્વાદ ગળામાં જણાતો હોય બલ્કે થૂંકમાં સૂરમાનો રંગ પણ જણાય તો પણ રોઝો તૂટશે નહીં. *(રદુલ મુહ્તાર, ઝૌહરા, બહાર)*

<u>મસ્અલો</u> : માખી ગળામાં જતી રહેવાથી રોઝો તૂટશે નહીં પરંતુ જાણી બુઝીને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

<u>મસ્અલો</u> : વાત કરવામાં થૂંકથી હોઠ ભીના થયા તે થૂંકને ગળી ગયો અથવા મોંમાં ગળફો આવ્યો તેને ગળી ગયો તો રોઝો ન તૂટયો પરંતુ એવી બાબતોથી બચવું જરૂરી છે. *(આલમગીરી, રદુલ મુખ્તાર, બહાર)*

<u>મસ્અલો</u> : દાંતોમાંથી લોહી નીકળી ગળા સુધી પહોંચ્યું પરંતુ ગળાથી નીચે ન ઉતર્યું તો રોઝો તૂટયો નહીં. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

<u>મસ્અલો</u> : ભૂલથી ખાવા ખાઈ રહ્યો હતો યાદ આવતાં જ કોળિયો થૂંકી નાખ્યો તો રોઝો ન તૂટયો અને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી)*

<u>મસ્અલો</u> : સુબ્હ સાદિક્ શરૂ થવા પહેલાંથી ખાવા ખાઈ રહ્યા હતો, ખાતાં ખાતાં સુબ્હ સાદિક્ થવા લાગી, સુબ્હ સાદિક્ શરૂ થતાં જ કોળિયો કાઢી

નાખ્યો તો રોઝો ન તૂટયો પરંતુ ખાઈ ગયો તો તૂટી ગયો. *(આલમગીરી)*

મસ્અલો : તલ કે તલ બરાબરની કોઈક ચીજ દાંતો વડે ચાવી અને તે થૂંક સાથે ગળામાં ઉતરી ગઈ તો રોઝો ન તૂટયો પરંતુ એનો સ્વાદ ગળામાં જણાશે તો રોઝો તૂટી જશે. *(ફત્હુલ કદીર)*

મસ્અલો : દવા વાટી કે આટો ચાર્યો, એનો સ્વાદ ગળામાં જણાયો તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર વગેરે)*

મસ્અલો : ગીબત કરી અર્થાત બીજાની પીઠ પાછળ બુરાઈ કરી તો રોઝો ન તૂટયો, જો કે ગીબત કરવી મહા ભયંકર પાપ છે. (કુર્આન શરીફમાં ગીબત કરનાર વિશે ફર્માવ્યું છે કે, "જેમ કે તે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય છે." અને હદીષ શરીફમાં છે કે, "ગીબત વ્યભિચારથી પણ ખરાબ છે.") ગીબતના કારણે રોઝાની નૂરાનિયત જતી રહે છે." *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : ચુંબન લીધું પરંતુ વિર્ય ન નીકળ્યું તો રોઝો ન તૂટયો, એવી જ રીતે સ્ત્રીની તરફ બલ્કે એની શર્મગાહ તરફ નજર કરી પરંતુ હાથ નથી લગાડયો છતાં વિર્ય નીકળી ગયું, ભલે વારંવાર જોવાથી, સમાગમના વિચારો કરવાથી, કેમ કે વિચારોમાં રોઝો તૂટશે નહીં. *(દુર્રે મુખ્તાર, ઝૌહરા)*

મસ્અલો : ઊંઘમાં વિર્ય સ્ખલન થયું તો રોઝો ન તૂટયો.

મસ્અલો : જનાબતની હાલતમાં સવાર કરી બલ્કે જો આખોય દિવસ નહાયા વિનાની હાલતમાં રહ્યો તો રોઝો તો થઈ જશે પરંતુ **નાપાકીની હાલતમાં એટલે મોડે સુધી રહેવું કે નમાઝ કઝા થઈ જાય તે ગુનોહ અને હરામ છે.** હદીષમાં છે કે જુનૂબ (નહાવાની હાજતવાળો) જે ઘરમાં હોય છે તેમાં રહમતના ફરિશ્તા આવતા નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

મસ્અલો : પેશાબ પાખાનાની જગ્યાઓ સિવાયની જગ્યાએ સંભોગ કર્યો તો જ્યાં સુધી વિર્ય નથી નીકળ્યું રોઝો તૂટશે નહીં. એવી જ રીતે હસ્ત મૈથુન થી વિર્ય કાઢવામાં પણ જ્યાં સુધી વિર્ય ન નીકળે રોઝો તૂટશે નહીં. પરંતુ આવું કામ કરવું ભયંકર હરામ કૃત્ય છે. હદીષ શરીફમાં એવા માણસને **મલઊન** કહ્યો છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## જેનાથી રોઝો મકરૂહ થાય છે

મસ્અલો : જૂઠું બોલવું, ચાડી કરવી, ગીબત કરવી, ગાળો બોલવી, બેકાર બકવાસ કરવો, કોઈને તકલીફ આપવી આ વાતો આમ પણ હરામ અને નાજાઈઝ છે. રોઝામાં સખત હરામ અને નાજાઈઝ છે અને એવી વાતોથી રોઝો મકરૂહ થાય છે.

મસ્અલો : રોઝદારે વિના મજબૂરીએ કોઈક ચીજ ચાવવી કે ચાખવી મકરૂહ છે ચાખવા માટે મજબૂરીના બહાનાંઓ આ છે જેમ કે :–

(૧) ધણી કે માલિક ખરાબ સ્વભાવનો છે નમક–મીઠુ ઓછુ વત્તુ હશે તો તેના ગુસ્સાનો ભોગ બનવું પડશે, તો તે કારણે ચાખવામાં વાંધો નથી. ચાવવા માટેની મજબૂરીનું કારણ દા.ત. એટલું નાનું બાળક છે કે રોટલી નથી ખાઈ શકતો અને કોઈ નરમ ખોરાક નથી જે એને આપી શકાય, વળી ન તો કોઈ રોઝા વિનાનું માણસ ત્યાં હાજર છે કે જે ચાવીને આપી શકે તો બાળકને ખવડાવવામાં રોટલી વગેરે ચાવીને આપવામાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર) ચાખવાનો અર્થ એ નથી જે આજકાલ રિવાજ પ્રમાણે બોલવામાં આવે છે કે કોઈ ચીજનો સ્વાદ જાણવા માટે તેમાંથી થોડી ખાઈ લેવામાં આવે છે, એવું ચાખવાથી રોઝો મકરૂહ જ નહીં બલ્કે બિલકુલ જતો રહેશે (તૂટી જશે). વળી જો કફ્ફારાની શરતો લાગુ પડતી હશે તો કફ્ફારો પણ જરૂરી રહેશે, ચાખવાનો મતલબ એ છે કે કોઈ ચીજને જીભ ઉપર રાખીને સ્વાદ જાણી લે અને તેને થૂકી કાઢે, પણ એમાંથી ગળામાં કાંઈપણ જવા ન પામે નહીં તો રોઝો તૂટી જશે.

વધુ પેજ નં. ૨૬....પર

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## પૂરેપૂરા દુનિયાદાર મોલ્વી અને ઈમામ

આખેરતની ચિંતા (ફિક્ર)ની સાથે, દુનિયામાં રહીને દુનિયવી જિંદગી જીવીને, તેની જરૂરિયાતોને પૂરા કરવાનું ઈસ્લામમાં મના નથી. પરંતું આજે અવામ (સામાન્ય પ્રજા) તો અવામ બીજા તે ભાઈઓ જે મોલ્વી કહેવાય છે, ઈમામ અને મુદર્રિસીનનું જીવન ગાળે છે, લોકોને જન્નત અને આખેરતની વાતો બતાવે છે પરંતું ખૂદ પોતે આખેરતની ફિક્રથી ઘણા જ દૂર, માત્ર દુનિયાદાર થઈ ગયેલ છે. આ એ જ મોલ્વી સાહેબો છે જેમને આલિમ અને અલ્લામા કહેવડાવવાનો શોખ છે પરંતું દીની કિતાબોના વાંચનનો શોખ નથી.

અમીરોની જેમ જો કે રાચરચીલુ વસાવી લીધું છે પરંતું કિતાબો ખરીદવા અને ઘરમાં રાખવા માટે ન તો પૈસા છે અને ન તો ઘરમાં જગ્યા છે, અને અહીં તહીંથી થોડીક એકઠી કરી પણ લીધી હોય તો વાંચવાનો સમય નથી. આ લોકો કુર્આન અને ઈસ્લામના ઝંડાધારીઓ (ઠેકેદારો) છે પરંતું અત્યાર સુધીમાં પૂરા કુર્આનની તફસીર તેમની નજરોમાંથી એક વખત પણ નીકળેલ નથી (વાંચેલ નથી). તેમને કોઈ "મોહદ્દિષ સાહેબ" કહી આપે તો ખુશીથી ઝુમી ઉઠે છે પરંતું અત્યાર સુધીમાં બુખારી અને મુસ્લિમ કે મિશ્કાત શરીફ એક વખત પણ સંપૂર્ણ રીતે આખી પઢેલ નથી. આ લોકો મસ્લકે આ'લા હઝરતના નારા લગાડવાનો અને તેના માટે લડાઈ ઝઘડા કરવાનો જોશ તો ધરાવે છે પરંતું ફતાવાએ રઝવિય્યહ પઢવાની તે લોકોને ફુરસદ મળતી નથી !

તેમનામાંથી અમુક લોકો તો એવા છે કે જેઓ મન્તિક અને ફિલોસોફીની બારીકીઓ અને નહવો સર્ફ (અરબી વ્યાકરણ), બલાગત (મધુરવાણી) અને ફસાહત (ખુશ બયાની) પર ટીકા ટીપ્પણ કરવામાં એવા ડૂબેલા છે કે તફસીર હદીષ, ફિક્હ અને તસવ્વુફની કિતાબોને એવું કહીને નજર અંદાઝ કરી દે છે કે "આ તો સહેલું છે, આપમેળે આવડી જશે." આ તે લોકો છે જેમને હજુ ઈલ્મની હવા સુધ્ધાં લાગેલ નથી.

આ ઈમામ સાહેબો છે જેમને ઈમામત અને નમાઝથી વધુ તેમના પગારોની ચિંતા રહે છે. જ્યાં સુધી ઈમામત કરે છે ત્યાં સુધી નમાઝ પઢે છે અને ઈમામત છોડી દીધી અથવા ઘરે જવાનું થયું તો નમાઝ પણ ગાયબ !

આ મુદર્રિસ સાહેબો છે જે રાત્રે બેસીને વાતોના ફડાકા મારે છે અને સવારે તલ્બાઓ (વિદ્યાર્થીઓ) સમક્ષ દર્સગાહ (દારુલ ઉલૂમ અથવા સ્કૂલ)માં વિદ્યાર્થીઓ સમક્ષ અહીં તહીંની હાંકે છે (ગપ્પા મારે છે) અને વિદ્યાર્થીઓને ઊંધુ ચત્તુ પઢાવે છે (ભણાવે છે).

ખુલાસો એ જ કે એમાં કોઈ શંકાને સ્થાન નથી કે આજકાલ કેટલાક મોલ્વીઓએ દીન (મઝહબ)ને બિલ્કુલ ધંધો બનાવી લીધો છે. કાશ ! તેઓને તૌફીક઼ મળતી અને તેઓ દીનનું કામ, દીનની નિય્યતથી કરતા તો ખુદાએ તઆલા તેઓને દુનિયામાં પણ રોજી રોટીથી પરેશાન ન રાખત અને કૌમના દિલમાં તેમના માટે મહોબ્બત નાખી દેત, અને બેશક ! આ બધું અલ્લાહ ﷻની તરફથી છે.

ખાસ કરીને તે મુક઼ર્રિરીન અને વાએઝીન (તક઼રીર અને વાએઝ કરવાવાળાઓ) જેઓ નઝરાનાના નામે મોટી મોટી રકમો નક્કી કરે છે અને થોડુ ઓછું મળે છે તો ફેંકાફેંકી કરે છે, લડાઈ ઝઘડાઓ કરે છે અને પોતાની આ દુનિયા પરસ્તીના બચાવમાં

ઓલ્માએ કિરામનો તે ફત્વો રજૂ કરે છે જેમાં તેમણે વાએઝના માટે જરૂરિયાત મુજબ અને સમય મુજબ લોકો પાસેથી થોડુ લેવાની છૂટ આપેલ છે, જો કે તેઓનો આ ફરેબ છે. ઓલ્મા આ ફત્વો અને છૂટ અમીરોની બરોબરી કરવા, કરોડપતિ બનવા, મકાનમાં આરસપહાણ લગાડવા, તેમના બાળકોને ૧૦૦૦ રૂા. માસિક ફી વાળી મિશનરી સ્કૂલોમાં ભણાવવા માટે નથી પરંતું તે સાદગીભર્યા જીવનની જરૂરિયાત માટે છે, કરોડપતિ બનવા માટે નથી અને માલ ભેગો કરીને મરવા માટે નથી.

ફકીર (લેખક) જો કે ખૂદ પોતે પણ એક દુનિયાદાર અને ખૂબ ગુનેહગાર માણસ છે, પરંતું આ બધું એટલા માટે લખી નાખ્યું છે કે શાયદ તેના સદકામાં રબ્બે કદીર મને પણ સંભલવાની અને સુધરી જવાની તૌફીક અતા ફર્માવે. આમીન

અહીંયા એ બતાવી દેવું પણ જરૂરી છે કે નઝરાણાના નામ ઉપર જરૂરત વગર મોટી મોટી રકમો નક્કી કરવાવાળા મુકર્રિર (તકરીર કરવાવાળાઓ) અને શાયરો (નઅતખાં) ખોટા રસ્તે છે તો એમને ફાળા ઉઘરાવીને મસ મોટી રકમો આપવાવાળાઓ પણ ખોટા રસ્તે છે. (ગલતી પર છે)

## જવાન છોકરીઓની શાદી કરવામાં મોડું કરવું

આજકાલ જવાન છોકરીઓને ઘરમાં બેસાડી રાખવું અને તેઓની શાદીમાં મોડુ કરવું એ આમ રિવાજ થઈ ગયેલ છે. ઈસ્લામી દષ્ટિકોણથી આ રિવાજ ખોટો છે. હદીષે પાકમાં છે, રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જેની છોકરી ૧૨ વરસની ઉંમરની થાય અને તેના નિકાહ ન કરવામાં આવે, પછી તે છોકરી ગુનાહ કરવામાં દાખલ થાય તો તે ગુનાહ તે વ્યક્તિ (માં બાપ) ઉપર પણ લાગુ પડે છે." *(મિશ્કાત શરીફ, પેજ–૨૭૧)*

આજકાલના ફુઝૂલ ખર્ચાઓ અને રિવાજોએ પણ શાદીઓને મુશ્કેલ બનાવી દીધી છે જેના કારણે પણ ઘણી જવાન છોકરીઓ તેમના ઘરોમાં બેઠી છે. આ ખર્ચાઓ ઉપર કાબૂ મેળવવા માટે ઠેકઠેકાણે ચળવળો ચલાવવાની કમિટીઓ સ્થાપવાની જરૂરત છે. જો કે પોત પોતાની જાતિ અને કૌમમાં આ કામ કરવામાં આવે તો પણ કાંઈ વાંધો નથી. ભાઈઓ ! કામ કરવાનો સમય છે. ફક્ત વાતોના વડા કરવાથી કે ફક્ત નારાઓ લગાડવાની અને મુશાએરા સાંભળવાથી કંઈ પ્રાપ્ત થવાનું નથી.

કેટલાક લોકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે છોકરીઓની ઉંમર મોટી કરી દે છે અને તેણીઓને શાદીથી દૂર (અવિવાહિત) રહેવા માટે મજબૂર કરી દે છે. આ પણ મૂર્ખામી અને બેવકૂફી છે.

આજકાલ મુસલમાનોમાં કેટલાક બદમઝહબ અને બાતિલ ફિર્કાઓ જવાન છોકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે મદ્રસાઓ અને સ્કૂલો સ્થાપવામાં ઘણા જ પ્રયત્નશીલ છે. તેમનો હેતુ તેમના ખોટા અને બિન મુસ્લિમ અકીદાઓ મુસલમાનોમાં ફેલાવવા અને ઘરેઘર પહોંચાડવા સિવાય અન્ય કાંઈ જ નથી, અને આ બાજુ લોકોમાં આજકાલ ઔલાદથી પ્રેમ એટલો વધી ગયો છે કે દરેક વ્યક્તિ એ કોશિશમાં છે કે, "મારી છોકરી અને મારો છોકરો ન જાણે શું અને શું બની જાય ?" અને ઉચ્ચ શિક્ષણનો નશો સવાર થઈ ગયેલ છે. એમાં સફળ તો ઘણા ઓછા થાય છે અને મોટાભાગે ખરાબ દિવસો જોવા મળે છે. છોકરાઓ વધુ ભણીને બાપ બની જાય છે અને છોકરીઓ આઝાદ બની જાય છે.

શક્ય છે કે અમારી આ વાતો (સલાહ)થી અમુક લોકોને વિરોધ હોય પરંતું અમારી સલાહ એ જ છે કે છોકરીઓને ઉચ્ચ શિક્ષણથી દૂર રાખવામાં આવે ખાસ કરીને જ્યારે આ શિક્ષણ શાદીના રસ્તામાં નડતરરૂપ હોય અને ભણવું ભણાવવાના ચક્કરમાં આધેડ કરી દેવામાં આવતી હોય, અને ખાસ કરીને ગરીબ વર્ગના લોકોમાં, કારણ કે તેમને માટે ભણેલી ગણેલી છોકરીઓ બોજારૂપ બની જાય છે, કેમ કે આવી છોકરીઓ માટે પતિ પણ એ ગ્રેડનો અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલો હોવો જોઈએ, અને એવા લોકો મળતા નથી અને જો મળી જાય છે તો તે દહેજમાં કાર અથવા બાઈકની માંગણી કરે છે, બલ્કે બારાતથી પહેલાં જ એક બે લાખ રૂપિયા ચૂકવવાની માંગણી કરે છે.

# વેપારનું મહત્વ અને તેના નિયમો

**★ હરામ કમાણી ખાવાથી દુઆ કૂબૂલ નથી થતી ★**

રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે કે એક વ્યક્તિ ખૂબ જ દૂરનો સફર ખેડીને હજ્જ કરવા માટે આવે છે, એ સ્થિતિમાં કે તેનું આખુ શરીર ધૂળથી લથપથ છે. તે પોતાના બંને હાથ આસ્માન તરફ ફેલાવીને કહે છે, હે મારા રબ ! અને દુઆઓ માંગે છે. જ્યારે કે તેના પેટમાં હરામ લુકમો છે, તેના પેટમાં હરામ પાણી છે, તેનો પહેરવેશ હરામનો છે, અને હરામ પર જ તે ઉછરેલો છે, તો **આવા વ્યક્તિની દુઆ કેમ કરીને કૂબૂલ થઈ શકે છે ?!**

રિવાયતમાં છે કે હઝરત મૂસા علیہ السلام એક વ્યક્તિની પાસેથી પસાર થયા જે દુઆ કરતો હતો અને રડી કરગરીને દુઆ કરતો હતો. આ જોઈને હઝરત મૂસા علیہ السلامએ કહ્યું, હે મૌલા ! જો મારી પાસે એની હાજત, જરૂરત પૂરી થતી તો હું પૂરી કરી દેતો. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની પાસે વહી મોકલી કે હે મારા પયગમ્બર મૂસા! હું તમારાથી વધુ તેના પર રહમ કરનાર છું. **હે મૂસા ! આ દુઆ માટે હાથ એટલા ઉઠાવે કે તેના હાથ આસ્માન સુધી પહોંચી જાય તો પણ તેની દુઆ કૂબૂલ નહીં કરું, કેમ કે તેના પેટમાં હરામનો લુકમો પડેલો છે અને હું કોઈ એવા બંદાની દુઆ કૂબૂલ નથી કરતો જેનું ખાવું પીવું હરામનું હોય.**

ભાઈઓ ! હરામ ખાવાથી દિલ કાળુ થઈ જાય છે. જીભનો અસર બાકી નથી રહેતો. દુઆની કૂબૂલિયતના સર્વે દરવાજા બંધ થઈ જાય છે, જેથી આપણને હલાલ અને પાકીઝા રોજી ખાવાનો સખ્ત તાકીદ સાથે આદેશ આપવામાં આવ્યો છે. બુખારી શરીફમાં છે કે એક સમય એવો આવશે જેમાં આદમી એ વાતની પરવા નહીં કરે કે તેણે જે કાંઈ ખાધું છે તે હલાલનું છે કે હરામનું. આજકાલ લોકોની જે વિચારસરણી છે તે સાફ બતાવે છે કે આ ભવિષ્યવાળી બિલ્કુલ સાચી છે, આજે લોકોનો દૃષ્ટિકોણ અને ખયાલ એ છે કે :–

**કહાં કા હલાલ ઔર કહાં કા હરામ !**
**જો સાહબ ખિલાએ વો ચટ કિજીએ !**

**★ વેપારના બે નિયમ ★**

એક વખત હુઝૂર ﷺ ઉમરા કરવા માટે મક્કા મુકર્રમા તશરીફ લાવ્યા. આપની સાથે સહાબાએ કિરામ પણ હતા. એક સહાબિયા જેમનું નામ હઝરત કૈલા رضی اللہ عنہا હતું તે આપની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું વેપાર કરું છું. જ્યારે મને કોઈ વસ્તુ ખરીદવી હોય છે તો હું વેચવાવાળાને તેની કિંમત ખૂબ જ ઓછી બતાવું છું અને પછી વધારી વધારીને જેટલામાં ખરીદવા ચાહું છું તે કિંમત પર આવી જાઉં છું. એ જ રીતે જ્યારે કોઈ ચીજ વેચું છું તો હું ખૂબ જ કિંમત વધારીને કહું છું પછી જેટલામાં વેચવાનો ઈરાદો હોય છે ઓછું કરતાં કરતાં તેના પર આવી જાઉં છું. વેપારનો મારો આ તરીકો ઠીક છે કે નથી ? ફર્માવ્યું, કૈલા ! આ તરીકો બરાબર નથી, જે વસ્તુ જેટલામાં વેચવી છે એટલી જ કિંમત બતાવો. લેવાવાળાની મરજી હશે તો લેશે નહીં તો નહીં લે. જે ચીજ ખરીદો તેની પણ એક જ કિંમત કહી દો. આ સાંભળી હઝરત કૈલા رضی اللہ عنہا જ્યારે ત્યાંથી પરત થયાં તો જ્યાં સુધી જીવંત રહ્યાં એક કિંમત અને એક વાત કહેનાર બનીને પાબંદ રહ્યાં. આમાં ન તેમને બક બક ન ઝક ઝક કરવી પડતી હતી. ન ગ્રાહક મનોમન ભયભીત થતો કે

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

નહીં છોડાવીશ તો મને ઠગી લેવામાં આવશે. હઝરત કૈલાએ આ તરીકો પકડી રાખ્યો તો ધીરે ધીરે અલ્લાહ તઆલાએ તેમના વેપારમાં બરકત અતા ફર્માવી અને વેપારમાં વધારો પણ થયો.

જૂઠી કસમો ખાઈને માલ વેચવો ગુનાહે કબીરા છે. બુખારી શરીફની રિવાયત છે કે એક વ્યક્તિએ માલ બજારમાં મૂકયો અને અલ્લાહની કસમ ખાધી કે મને આટલી કિંમત આની મળી રહી છે. જ્યારે કે તેને એટલી કિંમત ન મળતી હતી. પણ કસમ તેણે એટલા માટે ખાધી કે ગ્રાહકને ફસાવી લે. ઈર્શાદે નબવી છે કે અલ્લાહ ક્યારેય આવા લોકોની તરફ માફી અને રહમતની નજરથી નહીં જુએ. કયામતમાં તેમનો હશ્ર ભયાનક હશે અને આવા લોકો મારી શફાઅતથી મેહરૂમ કરી દેવામાં આવશે.

### ★ ખોટા સિક્કા ★

હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા મુહમ્મદ ગઝાલી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ અહયાઉલ ઉલૂમમાં એક બનાવ નકલ ફર્માવે છે. આ બનાવ એક અલ્લાહવાળાનો છે જેનું નામ હઝરત અબ્દુલ્લાહ હતું. જે મુલ્કે શામના કોઈ શહેરના રહેવાસી હતા. લોકોના કપડાં સીવતા અને રોજી કમાતા હતા. પુષ્કળ લોકો તેમની પાસે કપડાં સીવડાવવા આવતા, તેઓ પૈકી એક મજૂસી પણ હતો જે ખૂબ જ બદમાશ હતો. લોકોને ધોકો આપવું તેની આદત હતી. કેટલાક લોકો હોય છે જે રૂપિયા પૈસા કમાવા માટે દરેક જાઈઝ નાજાઈઝ તરીકાનો ઉપયોગ કરે છે. જ્યારે કોઈને ધોકો આપે છે તો દિલમાં ખુશી અનુભવે છે કે ફલાણાને ખૂબ જ ઉલ્લુ બનાવ્યો ! આ લોકો ખરાબ અને ખામીવાળો માલ ભેળસેળ સાથે વેચે છે અને સૌથી સારા માલની કિંમત લે છે, જ્યારે કે જો ઈસ્લામી દષ્ટિકોણથી જોવામાં આવે તો તેમની આ નીચ હરકતો અખ્લાકી અને શરઈ તરીકાઓથી હટીને છે. તેમના આ દષ્ટિકોણ શરીઅતના વિરૂદ્ધ છે. નામ બિસ્મિલ્લાહ અને કામ જુઓ તો નઊઝુબિલ્લાહ ! ન અખ્લાક મુસલમાની ન સુરત, અને સીરત મુસલમાની ન અમલ અને કિરદાર મુસલમાની, ન દિલમાં ખુદાનો ખૌફ અને ન તો શરમે નબી, ન ઈલ્મ અને અમલની લાગણી, ન મહેનત અને શ્રમનો જઝબો. ખૂબ જ ધ્યાનથી જુઓ તો એવું સમજાય છે કે બસ લૂટફાટ પર જિંદગીનો આશરો છે, બેઈમાની જીવનનો હેતુ છે. દુકાનદાર ગ્રાહકને ધોકો આપે છે, દવા વેચવાવાળો લોકોને દગો આપે છે, ખાવા પીવાની ચીજોમાં મિલાવટ જ મિલાવટ નજરે આવે છે. કચેરી અને ઓફિસોના કારકૂનો લોકોથી લાંચ લેતા નજરે પડે છે. બલ્કે બેઈમાની ધોકાબાજી અને લૂટફાટની પરંપરા જે સતત અને નિરંતર ચાલી રહી છે, ન દૂધમાં પાણી મિલાવવાવાળા શરમ અનુભવે છે, ન તો લાંચ રિશ્વત લેવાવાળાને દુનિયાની પરવા, લીડરો પ્રજાને બેવકૂફ બનાવી રહ્યા છે, દરેક પોત પોતાની રોટલી શેકી રહ્યા છે, બસ ! તેમની રોટલી શેકાઈ જવી જોઈએ.

યાદ રાખો ! કોઈ પણ કૌમ દુનિયામાં ત્યાં સુધી ઉચ્ચતા નથી મેળવી શકતી જ્યાં સુધી તેના અખ્લાક બેહતરથી બેહતર ન હોય. અખ્લાકની કક્ષા બેહતર હશે તો સામાજિક ખુશીઓ પણ હશે અને સમાજ સુધારણા પણ, નહીં તો જે કૌમના સભ્યો જૂઠા, ખરાબ પારસ્પરિક લૂટી રહ્યા હોય તે કૌમ બે ભાગમાં વહેંચાઈ શકે છે, પણ આગળ નથી આવી શકતી.

**કુવ્વતે ફિક્રો અમલ પહલે ફના હોતી હૈ**
**તબ કિસી કૌમ કી શૌકત પે ઝવાલ આતા હૈ**

હઝરત અબ્દુલ્લાહ સિલાઈ કરીને હલાલ રોજી કમાતા. સિલાઈના બદલામાં તે મજૂસી આપને ખોટા સિક્કા આપી જતો અને આપ તેને રાખી લેતા. એક દિવસ આકસ્મિક રીતે આપ દુકાને ન હતા. આપનો નોકર બેઠો હતો. તે મજૂસી આવ્યો, તેણે પોતાનાં કપડાં લઈને ખોટા સિક્કા આપ્યા. નોકરે કહ્યું, આને પરત લઈ લો આ ખોટા સિક્કા છે, નહીં ચાલે ! તે ધોકેબાઝે જોયું કે તે પકડાઈ ગયો તો સિક્કા બદલી દીધા. થોડીવાર પછી અબ્દુલ્લાહ પોતાની દુકાન પર આવ્યા. નોકરે કહ્યું, પેલો મજૂસી આવ્યો હતો તે પોતાના કપડાં લઈ ગયો છે. હઝરત અબૂ અબ્દુલ્લાહે રૂપિયાની થેલી ઉલ્ટાવીને જોઈ તો તેમાં કોઈ ખોટો

સિક્કો ન હતો. નોકરથી પૂછયું, તેણે સિલાઈ નથી આપી ? નોકરે કહ્યું, આપી છે શેઠ ! ખૂબ જ ધોકેબાઝ અને ચતૂર છે, તે ખોટા સિક્કા આપતો હતો પણ મેં તેને પાછા આપી દીધા. બુઝુર્ગે કહ્યું, કાશ ! તું ખોટા સિક્કા લઈ લેતો તો સારું હતું ! નોકર અચંબામાં પડી ગયો અને બોલ્યો, આ તમે શું કહી રહ્યા છો ?! કહ્યું, હા ! હું ઠીક કહી રહ્યો છું. વરસોથી હું તેની પાસેથી ખોટા સિક્કા લેતો આવ્યો છું. મેં ક્યારેય તેનાથી ફરિયાદ નથી કરી, તું પણ ખોટા સિક્કા લઈ લેતો તો સારું હતું. નોકરે ફરી આશ્ચર્યભરી નજરોથી બુઝુર્ગ તરફ જોયું અને પૂછયું, ખોટા સિક્કા લઈ લેતો તો સારું થાત એવું કેમ ? ફર્માવ્યું, એટલા માટે કે હવે તે ખોટા સિક્કા બીજા કોઈને આપવાની કોશિશ કરશે. હું સિલાઈના બદલામાં ચૂપચાપ લઈને તેને ઊંડા કૂવામાં ફેંકી દેતો હતો કે ધોકો આપવાની આ પરંપરાનો અંત આવી જાય.

અલ્લાહ ! અલ્લાહ ! શું ખૈર ખ્વાહીનો જઝબો હતો ! જાતે નુકસાનમાં પડવાનું પસંદ કર્યું પણ પોતાના કોઈ ભાઈનું નુકસાન થતું જોવાનું પસંદ ન કર્યું. ફર્માને નબવી છે કે મુસલમાન જો મુસલમાનનો શુભેચ્છક ન હોય તો તે સંપૂર્ણ ઈમાનવાળો નથી.

**હલાલ રોટલી** : એક શખ્સ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો અને કહ્યું, હું ખૂબ જ મોટી ઉલઝનમાં છું. આપે પૂછયું, કઈ વાત છે ? કહ્યું, હું નમાઝ પઢતાં પઢતાં ગાફિલ થઈ જાઉં છું અથવા દિમાગ એવી વાતોમાં લાગી જાય છે કે યાદ જ નથી રહેતું કે મેં કેટલી રકઅતો પઢી છે, આપ કૃપા કરી કોઈ વાતનો આદેશ આપો કે મારી દરેક ઉલ્ઝનો દૂર થઈ જાય. આપે ફર્માવ્યું, હે ભાઈ ! તારા મોંને હરામથી અને કપડાંને નજાસતથી સાફ રાખ.

તમારી અને મારી વાત તો છોડો, અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરોને પણ તાકીદ ફર્માવી કે પાકીઝા અને હલાલ ચીજો ખાવ. પાક રિઝક઼ અને હલાલ રોજીનું ઈસ્લામમાં ખૂબ જ મહત્વ છે. એક વખત હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જો ઈબાદતને દસ ભાગોમાં વહેંચવામાં આવે તો તેના નવ ભાગ રિઝક઼ે હલાલ ખાવા પીવામાં છે. હલાલ અને પાક રોજી કમાવવું અને ખાવા ખવડાવવું ઈબાદત છે. ફર્માને નબવી ﷺ છે કે, **"જે વ્યક્તિ હરામનો એક લુકમો ખાય છે તેની ચાલીસ દિવસ સુધી નમાઝ ક઼બૂલ નથી થતી."** હરામ લુકમાનો અસર ચાલીસ દિવસ સુધી બાકી રહે છે તો અલ્લાહના બંદાઓએ સોચવું જોઈએ કે **જે લોકો રાત દિવસ હરામ ખાઈ છે તેનું પરિણામ શું હશે ?!** નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, "હરામ માલથી પેદા થવાવાળો ગોશ્ત જન્નતમાં પ્રવેશ નહીં પામે." જો હરામ માલથી બાળકોની પરવરિશ થઈ રહી છે અને બેગમ સાહિબા બની ઠની રહી છે તો આ વઈદ (ધમકી) પણ સામે રાખી લો. જેથી આપણને હુકમ છે કે જયારે ઘરમાં કમાઈની રકમ આવે તો તેના જાઈઝ નાજાઈઝ હોવાના વિશે કમાનાર પતિને, બાપને, ભાઈને અને દિકરાને પૂછી લે, જો કમાઈ હલાલ ન હોય તો તેના ઉપયોગથી બચે. આપણા બુઝુર્ગોએ આ મામલામાં એવી એવી સાવધાની વર્તી છે કે શું કહીએ ! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, "સાવધાનીનો તક઼ાદો એ છે કે હલાલ અને શંકાસ્પદ વસ્તુઓથી પણ સિત્તેરવાર પરહેઝ કરો જેથી હરામ તરફ બિલકુલ ખયાલ ન જાય."

સાવધાનીનો આ પ્રકાર તો અલ્લાહવાળાઓનો છે, પણ દીનનો સામાન્ય હુકમ જે સૌના માટે છે તેનાથી મોઢું ફેરવનારનો શો અંજામ થશે જેઓ હરામ કમાય છે અને પોતાની પત્ની અને બાળકોને હરામ ખવડાવે છે ?! જેથી આપણે કારોબારમાં, ધંધા, વેપારમાં, લેણદેણમાં ખૂબ જ સાવધાની રાખવી જોઈએ, ક્યાંક એવું ન થાય કે હરામનું મિશ્રણ થઈ જાય જેનાથી આપણે દીનનું નુકસાન ઉઠાવવું પડે. આ અમુક સારી સલાહો જે તમારા સમક્ષ રજૂ કરી, બસ દુઆ છે કે અલ્લાહ સૌને હરામ કામોથી, હરામ ખાવાથી, હરામ પીવાથી બચાવે અને સૌને રિઝક઼ે હલાલ અતા ફર્માવે. (આમીન)

# અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**★ હુઝૂર ﷺના ચહેરા મુબારકને કુર્આનમાં તારો કહેવામાં આવ્યો ★**

**وَالنَّجۡمِ إِذَا هَوٰى** "તે પ્યારા તારા (મુહમ્મદ)ની ક઼સમ ! જયારે કે તે મેઅરાજમાંથી ઉતરે." *(પારા–૨૭, સૂ. નજ્મ, આ. ૧)*

**મહબૂબે રબ્બુલ આલમીન ﷺની શાને મહબૂબી**

**★ મહબૂબ ﷺના કાર્યને ખુદા عَزَّوَجَلَّએ પોતાનું કાર્ય ફર્માવ્યું ★**

**وَمَا رَمَيۡتَ إِذۡ رَمَيۡتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى** "અને હે મહબૂબ ! પેલી માટી જે તમે ફેંકી (તે) તમે નથી ફેંકી પરંતુ અલ્લાહે ફેંકી હતી." *(પારા–૯, સૂ. અન્ફાલ, આ. ૧૭)*

**★ જાને મહબૂબ ﷺની ક઼સમ યાદ ફર્માવી ★**

**لَعَمۡرُكَ إِنَّهُمۡ لَفِىۡ سَكۡرَتِهِمۡ يَعۡمَهُوۡنَ**

"હે મહેબૂબ ! તમારા પ્રાણની ક઼સમ, બેશક ! તેઓ પોતાના નશામાં ભટકી રહ્યા છે." *(પારા–૧૪, સૂ. હિજ્જ, આ. ૭૨)*

**★ મહબૂબ ﷺની તકલીફ ખુદા عَزَّوَجَلَّને ગવારા નથી ★**

**طٰهٰ ۝ مَآ أَنۡزَلۡنَا عَلَيۡكَ الۡقُرۡاٰنَ لِتَشۡقٰٓى**

"હે મહેબૂબ ! અમે આ કુર્આન તમારા પર એટલા માટે નથી ઉતાર્યું કે તમે કષ્ટમાં પડો." *(પારા–૨૬, સૂ. તાહા, આ. ૧, ૨)*

**★ ખુદા عَزَّوَجَلَّએ મહબૂબે આ'ઝમ ﷺની બૈઅતને પોતાની બૈઅત અને હુઝૂર ﷺના હાથ મુબારકને પોતાના હાથ ફર્માવ્યા ★**

**إِنَّ الَّذِيۡنَ يُبَايِعُوۡنَكَ إِنَّمَا يُبَايِعُوۡنَ اللّٰهَ يَدُ اللّٰهِ فَوۡقَ أَيۡدِيۡهِمۡ**

"તે જે તમારી બૈઅત કરે છે તેઓ અલ્લાહની જ બૈઅત કરે છે. તેમના હાથો પર અલ્લાહનો હાથ છે." *(પારા–૨૬, સૂ. ફતહ, આ. ૧૦)*

**★ રહમતે આલમ ﷺને ચમકતો તારો ફર્માવ્યો ★**

**وَالنَّجۡمِ إِذَا هَوٰى** "એ પ્યારા ચમકતા તારાની ક઼સમ ! જયારે એ મેઅરાજથી ઉતરે." *(સૂરએ નજ્મ, પારા : ૨૭, આ. ૧)*

**★ મહબૂબે આ'ઝમ ﷺને અધિક કષ્ટ ઉઠાવવાથી મહેરબાનીની રૂપે મનાઈ ફર્માવી ★**

**يٰٓأَيُّهَا الۡمُزَّمِّلُ ۝ قُمِ الَّيۡلَ إِلَّا قَلِيۡلًا ۝ نِصۡفَهٗٓ أَوِ انۡقُصۡ مِنۡهُ قَلِيۡلًا**

"હે કપડું ઓઢી લેનાર ! રાત્રે ઉભો રહે સિવાય થોડી રાતના. અડધી રાત અથવા એનાથી થોડુંક ઓછું કરો." *(પારા–૨૯, સૂ. મુઝ્ઝમ્મિલ, આ. ૧, ૨, ૩)*

**★ રસૂલે પાક ﷺના સીના મુબારકની પ્રશંસા ★**

**أَلَمۡ نَشۡرَحۡ لَكَ صَدۡرَكَ** "શું અમે તમારો સીનો

વિશાળ નથી કર્યો ?" *(પારા–૩૦, સૂ. અલમ નશ્રહ, આ. ૧)*

**★ આપ ﷺના ઝિક્ર (ચર્ચા)ની બુલંદી ★**

**وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ** "અને અમે તમારા માટે તમારું ઝિક્ર બુલંદ કર્યું." *(પારા–૩૦, સૂ. અલમ નશ્રહ, આ. ૪)*

**★ મહબૂબ ﷺની ખૂબીઓ અસંખ્ય છે ★**

**إِنَّا أَعْطَيْنٰكَ الْكَوْثَرَ** "હે મહબૂબ ! બેશક ! અમે તમને અસંખ્ય ખૂબીઓ આપી." *(પારા–૩૦, સૂ. કૌષર, આ. ૧)*

**★ રબ્બુલ ઈઝ્ઝત ﷻએ મહબૂબ ﷺને પોતાની મહોબ્બતમાં ચકચૂર કરી દીધા ★**

**وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى** "અને તમને તેની મહોબ્બતમાં ચકચૂર જોયા તો પોતાની તરફ માર્ગ આપ્યો." *(પારા–૩૦, સૂ. વદ્દુહા, આ. ૭)*

**★ મહબૂબ ﷺના ચહેરા મુબારકને ચાશ્ત અને ઝુલ્ફે મુબારકને રાત ફર્માવી કસમ યાદ ફર્માવી ★**

**وَالضُّحٰى ۝ وَالَّيْلِ اِذَا سَجٰى ۝** "ચાશ્તની કસમ અને રાત્રીની જ્યારે પડદો નાખે." *(પારા–૩૦, સૂ. વદ્દુહા, આ. ૧, ૨)*

**★ મહબૂબ ﷺના શહેરની કસમ યાદ ફર્માવી ★**

**لَآ أُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۝ وَأَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ ۝**

"મને આ શહેરની કસમ કે હે મહબૂબ ! તમે આ શહેરમાં વસો છો." *(પારા–૩૦, સૂ. બલદ, આ. ૧, ૨)*

**★ હર ઘડી મહબૂબ ﷺના દરજ્જા બુલંદ ફર્માવે છે ★**

**وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْأُوْلٰى** "અને બેશક ! પાછલી (ઘડી) તમારા માટે પહેલાં કરતાં ઉત્તમ છે." *(પારા–૩૦, સૂ. વદ્દુહા, આ. ૪)*

પેજ નં. ૧૯નું ચાલુ...

**મસ્અલો** : કોઈ ચીજ ખરીદી અને એનું ચાખવું જરૂરી હોય, જો ન ચાખે તો નુકસાન થશે એમ હોય તો ચાખી શકે છે વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સ્ત્રીને ચુંબન કરવું, ગળે લગાડવી, શરીર સ્પર્શ કરવું મકરૂહ છે જ્યારે કે વિર્ય સ્ખલનનો ડર હોય અથવા સંભોગ થઈ જવાનો ડર હોય. સ્ત્રીના હોઠ કે જીભ ચૂંસવા રોઝાની હાલતમાં મકરૂહ છે ભલે વિર્ય સ્ખલન કે સંભોગનો ડર હોય કે ન હોય, એ જ રીતે મુબાશિરતે ફાહેશા પણ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ગુલાબ, મુશ્ક વગેરે સુગંધો સૂંઘવી, દાઢી, મૂંછમાં તેલ લગાડવું, સૂરમો લગાડવો મકરૂહ નથી પરંતુ જો સુંદરતા માટે સૂરમો લગાડયો કે દાઢીમાં તેલ એટલા ખાતર લગાડયું કે દાઢી વધી જાય જો કે એક મુટ્ઠી જેટલી છે તો આ બંને વાતો રોઝા વિના પણ મકરૂહ છે અને રોઝામાં એથી વધુ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : વુઝૂ અને નહાવા સિવાય ઠંડક પહોંચાડવાના મતલબથી કોગળા કરવા કે નાકમાં પાણી નાખવું કે ઠંડક માટે નહાવું બલ્કે શરીર ઉપર ભીંગવેલું કપડું લપેટવું મકરૂહ નથી. પરંતુ પરેશાની તકલીફ જાહેર કરવા કપડું લીલું કરી લપેટવું મકરૂહ છે એટલા કારણે કે ઈબાદતમાં દિલનું પરેશાન જાહેર થવું ઠીક વાત નથી. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : મોં માં થૂંક ભેગું કરી ગળી જવું રોઝા વિનાની હાલતમાં પણ સારું નથી, રોઝામાં તો એ મકરૂહ છે. *(આલમગીરી, બહાર, બહાવાલા કાનૂને શરીઅત)*

**મસ્અલો** : રોઝામાં દાતણ કરવું મકરૂહ નથી, જેમ બીજા દિવસોમાં સુન્નત છે તેમ રોઝાની હાલતમાં પણ સુન્નત છે.

# હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہ

**નામ તથા નસબ :** નામ : મુસ્લિમ, કુન્નિયત : અબુલ હુસૈન, લક્બ : અસાકરિલ્ મલતા વાલિદૈન, અને વાલિદનનું નામ : અલ હજ્જાજ બિન મુસ્લિમ છે. નસબનો સિલસિલો આ પ્રમાણે છે :–

મુસ્લિમ બિન અલ હજ્જાજ બિન મુસ્લિમ બિન દરદ બિન કુરશાદુલ કુશૈરી. આપનું પેઢીનામુ અરબના મશહૂર કબીલા બનૂ કુશૈરથી મળે છે એટલા માટે આપને કુશૈરી કહેવામાં આવે છે.

**વિલાદત તથા તા'લીમ :** ખુરાસાનના મશહૂર અને મહાન શહેર નીશાપુરમાં આપની વિલાદત થઈ. વિલાદતની તારીખ હિ.સ. ૨૦૨ અથવા ૨૦૬ છે. નીશાપુર તે જમાનાના અલ્લામા હમવીના કૌલ પ્રમાણે મઅદનુલ ફુઝલા તથા મમ્બઉલ ઉલમા હતું. ત્યાંથી એટલા બધા ઉલમાએ કિરામ તથા ઈમામો નીકળ્યા જેની ગણત્રી નથી.

ઈમામ સુબ્કી ફર્માવે છે, આ શહેર એટલા પ્રમાણમાં મોટા તથા અઝીમ શહેરમાં હતું કે બગદાદના પછી એના જેવું ન હતું. ઈતિહાસકારોએ તેને ઉમ્મુલ બિલાદ કહે છે.

શરૂઆતની તા'લીમ નીશાપુરમાં હાંસલ કરી. તે સમયે ત્યાં હઝરત ઈમામ ઝહલી અને હઝરત ઈસ્હાક બિન રાહવિયા જેવા ઈમામ મૌજૂદ હતા. આપે ૧૪ વરસની ઉંમરમાં હદીષોને સાંભળવાની (ઈલ્મે હદીષ શીખવાની) શરૂઆત કરી હતી. ઈલ્મે હદીષ હાંસલ કરવા માટે આપે દૂર દૂરના સફર કર્યા અને અલગ અલગ જગ્યાઓની ખાક છાની (સફર કર્યા). ઈરાક, હિજાઝ (મક્કા–મદીના વગેરે), શામ (સિરીયા), અને મિસ્ર વગેરે જગ્યાઓએ ઘણી બધી વાર દૌરા કર્યા. બગદાદે મુઅલ્લા કેટલીયેવાર ગયા ત્યાં સુધી કે આપે એક જમાનામાં દર્સ પણ આપ્યો હતો.

**સ્વભાવ તથા વિશિષ્ટતાઓ :** આપ સુર્ખ (લાલ) તથા સફેદ રંગના, ઊંચા કદ તથા પ્રભાવશાળી ચહેરો ધરાવતી શખ્સિયતના માલિક હતા. માથા ઉપર અમામો શરીફ બાંધતા હતા. ઈલ્મે દીનને ક્યારેય રોઝીનું માધ્યમ ન બનાવ્યું. કાપડનો વેપાર કરીને જરૂરિયાત પૂરી ફર્માવતા. આપની વિશિષ્ટતાઓમાંથી છે કે પૂરી ઉંમરમાં ન કોઈની ગીબત કરી, ન કોઈને માર્યો, અને ન કોઈની સાથે સખ્તીથી વાતચીત કરી.

**આપના ઉસ્તાદો :** આપના ઉસ્તાદોની ગણત્રી મુશ્કેલ છે. અમુક હઝરાત આ છે : મુહમ્મદ બિન યહયા ઝહલી, ઈસ્હાક બિન રાહવિયા, મુહમ્મદ બિન મહરાન, અબૂ ગ્સ્સાન, હઝરત ઈમામ અહમદ બિન હંબલ, અબ્દુલ્લાહ બિન મુસ્લિમા કઅનબી, અહમદ બિન યૂનુસ યરબૂઈ, સઈદ બિન મન્સૂર, અબૂ મુસ્અબ, હરમલા બિન યહયા, હૈષમ બિન ખારજા, શૈબાન બિન ફર્રૂખ, હઝરત ઈમામ બુખારી.

**આપના શાગિર્દો :** આપના શાગિર્દોની ગણત્રી મુશ્કેલ છે. અમુક હઝરાતના નામો આ પ્રમાણે છે : હઝરત ઈમામ તિર્મિઝી, હઝરત ઈમામ અબૂ હાતિમ રાઝી, હઝરત ઈબ્ને ખુઝૈમા, અબૂ અવાના, અબૂ અમ્ર મુસ્તમલી, હઝરત અબ્દુલ્લાહ બિન અલ શરકી, હઝરત અલી બિન ઈસ્માઈલ અલ સફાર.

**ઈલ્મ તથા ફઝ્લ :** આપ હદીષની વિદ્યામાં અઝીમ કાબેલિયતના માલિક (હદીષની ખૂબ જ સમજ ધરાવતા) હતા. સહીહ તથા સકીમ (ઝઈફ) હદીષને ઓળખવામાં તે પોતાના જમાનાના મોટાભાગના મુહદ્દિષો ઉપર શ્રેષ્ઠતા ધરાવતા હતા, ત્યાં સુધી કે અમુક કામોમાં તેમને હઝરત ઈમામ બુખારી ઉપર પણ ફઝીલત હાસલ હતી. કેમ કે હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ શામના લોકોની મોટા ભાગની રિવાયતો બતરીકે મનાવિલા હાંસલ

✾ ✾ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ✾ ✾

કરી છે. જેના કારણે ક્યારેક ગલતી થઈ જાય છે. અને નામ તથા કુન્નિયતની ગણત્રીમાં વધારે થવાથી આપ એક રાવીને બે સમજી લે છે. હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہએ ડાયરેક્ટ સાંભળ્યું છે જેના કારણે આપ ભૂલ નથી ખાતા.

હઝરત ઈમામ મુસ્લિમની ખિદમતો, તેમના કમાલો અને યાદશક્તિના કારણે લોકો એટલા બધા ચાહતા કે હઝરત ઈસ્હાક બિન રાહવિયા જેવા ફનના ઈમામ કહે છે : "અલ્લાહ જાણે છે કે આ શખ્સ કેટલો અઝીમ ઈન્સાન છે."

હઝરત ઈમામ અબૂ ઝરઆ અને હઝરત અબૂ હાતિમ રાઝી પોતાના સમયના મશાઈખ ઉપર આપને અગ્રતા આપતા હતા.

ઈબ્ને અખરમ કહે છે : નીશાપુરે (શહેરે) ત્રણ મુહદ્દિષો પેદા કર્યા : હઝરત મુહમ્મદ બિન યહયા, હઝરત ઈબ્રાહીમ બિન અબી તાલિબ, હઝરત ઈમામ મુસ્લિમ. (رحمۃ اللہ علیہم اجمعین)

હઝરત અબૂબક્ર જારૂદી કહે છે : હઝરત ઈમામ મુસ્લિમ ઈલ્મની હિફાઝત કરવાવાળા હતા. મુસ્લિમ બિન કાસિમે કહ્યું, તે જલીલુલ કદ્ર ઈમામ હતા.

બંદારે કહ્યું : દુનિયામાં કેવળ ચાર હાફિઝો છે : હઝરત અબૂ ઝરઆ, હઝરત મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી, હઝરત દારમી અને હઝરત મુસ્લિમ બિન હજ્જાજ. (رحمۃ اللہ علیہم اجمعین)

આપના એક ઉસ્તાદ મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ ફરાદ કહેતા હતા : હઝરત મુસ્લિમ ઈલ્મનો ખઝાનો છે, મેં તેમનામાં ભલાઈના સિવાય કાંઈ ન પામ્યું.

**વિસાલ મુબારક** : આપના વિસાલનો વાકિઓ પણ ખૂબ જ અજીબ બયાન કરવામાં આવે છે કે કોઈક મજલિસમાં આપથી એક હદીષના બારામાં સવાલ થયો. સંજોગોવસાત તે હદીષ યાદ ન આવી. ઘરે આવીને તે હદીષને કિતાબોમાં તલાશ કરવાનું શરૂ કર્યું, નજીકમાં જ ખજૂરોનો એક ટોપલો પણ રાખ્યો હતો. હદીષની તલાશ દરમિયાન તે એક એક ખજૂર ઉપાડીને ખાતા રહ્યા અને ધ્યાનમાં સંખ્યાની તરફ ધ્યાન ન થઈ શક્યું અને આખો ટોપલો ખજૂરો ખાઈ ગયા. જ્યારે હદીષ મળી તો પાછળ વળીને જોયું તો ખજૂરો વધારે ખાઈ લેવાનો એહસાસ થયો, તેના કારણે આપ બીમાર થઈ ગયા.૨૫ રજબ હિ.સ. ૨૬૧ રવિવારના રોજ વિસાલ થઈ ગયો. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ)

**કિતાબ** : સહીહ મુસ્લિમ

આપની કિતાબોની સંખ્યા ૨૦ની આસપાસ છે પણ સહીહ મુસ્લિમને ખૂબ  જ ખ્યાતિ અને આમ મકબૂલિયતનો દરજ્જો મળ્યો છે, એટલે સુધી કે પહેલાંના જમાનાના બુઝુર્ગોમાં અમુક મુહક્કિકોએ સહીહ મુસ્લિમને સહીહ બુખારી ઉપર પણ અગ્રતા આપી છે. (એની તરતીબના આધાર પર)

હઝરત ઈમામ બુખારીનો મકસદ મરફૂઅ સહીહ હદીષોને ભેગી કરવી અને ફિકહ તથા સીરત તેમજ વધારેમાં વધારે તફસીર વગેરે ભેગું કરવાનો હતો એટલા માટે તેમણે મૌકૂફ, મુઅલ્લક, સહાબા તથા તાબઈના ફતાવા પણ નકલ કર્યા જેના કારણે હદીષોના મતનો તથા તર્કના ટુકડા કિતાબમાં વિખેરાઈ ગયા. અને હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہનો મકસદ કેવળ સહીહ હદીષોને પસંદ કરવાનો છે. તે ઈસ્તિમ્બાત વગેરેથી તઅર્રુઝ (રોકવું) ન કરતા બલ્કે દરેક હદીષના અલગ અલગ તરીકાને સુંદર ક્રમથી એક જગાએ બયાન કરે છે જેનાથી મતનોના મતભેદ અને અલગ અલગ સનદોથી વાકિફયત હાંસલ થાય છે. એટલા માટે મુન્કતઅ હદીષોની સંખ્યા જુઝ છે.

આપે પોતાના શયખો (ઉસ્તાદો)થી ડાયરેક્ટ સાંભળેલી ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) હદીષોથી (કિતાબ) સહીહ મુસ્લિમનો ઈન્તેખાબ કર્યો છે. અને અલગ અલગ હૈસિયતોથી હદીષોની સંખ્યા ૫૦૦૦, ૮૦૦૦ અને ૧૨,૦૦૦ ગણવામાં આવે છે. કિતાબની ગોઠવણીમાં પ્રકરણોનો લેહાઝ તો આપે રાખ્યો હતો પણ તર્જુમાના પ્રકરણો રચ્યાં ન હતાં. આપના પછી બીજા મુહદ્દિષોએ આ કામને અંજામ આપ્યું. *(મુકદમા જામિઉલ અહાદીષ)*

તા. ૨૭-૫-૨૦૧૪ "ગુજરાત ટુ ડે"માં છપાયેલ લેખ.....

# શબે મેઅરાજ વિશે

## "જાણવા જેવી હક઼ીક઼તો"ની હક઼ીક઼ત !

રજૂકર્તા : **હઝરત મુફ્તી મુઝમ્મિલ બરકાતી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

***"અહલે સુન્નત વ જમાઅત"નો*** *માન્યવર અક઼ીદો છે કે :-*

***ઔર કોઈ ગયબ કયા તુમસે નિહાં હો ભલા-જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ***

*-(આ'લા હઝરત)*

*શબે મેઅરાજમાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ પોતાના રબનો દીદાર કર્યો હતો. સિદરતુલ્ મુન્તહા પર જિબ્રઈલ علیہ السلام અટકી ગયા અને આપ ﷺ અર્શે આ'ઝમથી ઉપર લામકાં પહોંચ્યા અને રબના જલ્વાથી સરફરાઝ થયા. પણ એક ગુજરાતી દૈનિક પત્ર "ગુજરાત ટુ ડે" જે મુસ્લિમોનું ધાર્મિક વર્તમાનપત્ર નથી બલ્કે સમગ્ર ગુજરાતીઓનું સામાજિક વર્તમાનપત્ર છે. છતાં એમાં શબે મેઅરાજમાં હુઝૂર ﷺ થકી રબના દીદાર વિશે વિવાદાસ્પદ લેખ તા. ૨૭-૫-૨૦૧૪ના રોજ રજૂ થયો જેણે સુન્નીઓમાં બેચૈની ખડી કરી આપી છે. ઠીક છે મુસ્લિમોના સામાજિક કોમન પ્રશ્નોની એ ચર્ચા કરે પણ ધાર્મિક વિવાદી લેખો અપાત્ર વ્યક્તિઓ અને ગમે તે ફિર્ક઼ાવાળાના લખેલા છાપીને તેમણે ખોટા વિવાદોને તથા ગુમરાહ વિચારોને ઉત્તેજન આપવું ન જોઈએ. હવે જ્યારે તેમણે "શબે મેઅરાજમાં રબના દીદાર" વિશેના વિવાદને છાપી મારીને છેડયો છે તો અમો એમના એ લેખને રદિયો આપીએ છીએ અને સુન્નીઓમાં ગુમરાહી કે ગલતફહમી ન ફેલાય જેથી તેના લખાણનો જવાબ જનાબ મુફ્તી મુઝમ્મિલ બરકાતી સાહબના ક઼લમ થકી અત્રે રજૂ કરીએ છીએ. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

થોડાક દિવસો પહેલા દૈનિક પત્ર "ગુજરાત ટુ ડે" તા. ૨૭-૫-૨૦૧૪માં શબે મેઅરાજની હક઼ીક઼ત વિશે બુરાહાનુદ્દીન નામના લેખકનો એક લેખ છપાયેલ હતો. જેમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે શબે મેઅરાજમાં હુઝૂર ﷺએ અલ્લાહ તઆલાનો દીદાર નહોતો કર્યો બલ્કે આપે હઝરત જિબ્રઈલ علیہ السلامનો દીદાર કર્યો હતો. અને આ સંદર્ભમાં તેમણે પોતાની જાતે ઘણા પુરાવાઓ રજૂ કર્યા હતા. પણ આ પુરાવાને જોતાં એવું લાગે છે કે બુરાહાનુદ્દીન સાહબને આ બાબતમાં ઘણુ બધુ વાંચન કરવાનું રહી ગયું છે. અને જ્યાં સુધી પૂરતી માહિતી ન હોય ત્યાં સુધી કોઈપણ "ગંભીર વિષય" પર લખવું એ કહેવાતા વિદ્વાન તથા એજ્યુકેટેડ વર્ગને શોભતુ નથી, ન તેમને શોભે છે કે આવા "ટોપિક" (વિષય) પર જે અતિ મહત્વપૂર્ણ અને ઈસ્લામના આકાશી મઝહબ હોવાનો જીવતો જાગતો નમૂનો અને બેનમૂન તસ્વીર છે તેના પર ક઼લમ ચલાવે. આશ્ચર્યની વાત એ છે કે કુર્આની આયતનો તર્જુમો પણ ક્યાંક તો સાવ ખોટો છે અને ક્યાંક તો શાબ્દિક તર્જુમો રજૂ કર્યો છે. શું ખબર કયા શબ્દકોશમાંથી શબ્દો લીધેલ છે ?! અથવા તો ગુજરાત ટુ ડેના ગુજરાતી અનુવાદકે પોતે જ સમજયા વિના શાબ્દિક અનુવાદમાં શબ્દકોશમાંથી શોધીને શબ્દો મૂકી આપ્યા છે કે જેને એ પોતે પણ જ સમજાવી શકે તેમ નથી જણાતુ !

જેમ કે સૂરએ બની ઈસ્રાઈલની પહેલી આયતનો તર્જુમો આ પ્રમાણે કરેલ છે :-

*ઊંચા તેઓ છે (અલ્લાહ) જેમણે રાત્રે પ્રવાસ કરવા તેમના જામિનને (મુહમ્મદ) મસ્જિદુલ હરામમાંથી (કા'બા શરીફથી) મસ્જિદે અક્સા સુધી લીધા એ પાડોશી જેને અમે અમારી આર્શિવાદ આપ્યો છે અને જેને અમે અમારી નિશાનીઓ બતાવી છે." (પારા : ૧૫/૦૧)*

હવે એમને કોણ કહે કે જેમને એક આયતોનો સહીહ તર્જુમો નથી આવડતો તે આવા અતિ મહત્વના વિષય પર કેવી રીતે કલમ ઉઠાવે છે ? એવી જ રીતે, સૂરએ નજમની આયતનો તર્જુમો પણ કરેલ છે. હવે, સર્વ પ્રથમ અમો સૂરએ બની ઈસ્રાઈલનો સહીહ તર્જુમો રજૂ કરીએ છીએ ત્યાર પછી અમારી કાંઈક રજૂઆત કરીશું.

"પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી, જેની આજુબાજુ અમે બરકત મૂકી, જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ." *(કન્ઝુલ ઈમાન)*

**★ તમામ અંબિયાની ઈમામત કરવી એ હુઝૂર ﷺના સન્માનપાત્ર ચીજ નથી ! ★**

**ગુજરાત ટુ ડેના લેખક લખે છે :–**

*કે "મસ્જિદના પ્રવાસ વખતે પયગંબર સાહબે ઈમામત કરી એ સૂચક છે કે દિવ્ય નેતૃત્વનો વારસો બની ઈઝરાયેલમાંથી તેમને તબદીલ કરવામાં આવી રહ્યો હતો. જે કોઈ વધુ સન્માનને લાયક નથી." (ગુજરાત ટુ ડે, તા. ૨૭–૫–૨૦૧૪)*

**અમારો જવાબ** : કેવી રીતે તમો કહો છો કે આ ફઝીલત હુઝૂર ﷺ માટે વધુ સન્માનને લાયક નથી ?! **શું મસ્જિદે અક્સામાં એક લાખ ચોવીસ હજાર અથવા બે લાખ ચોવીસ હજાર નબીઓનું હુઝૂર ﷺની ઈક્તિદામાં નમાઝ પઢવું અને સરકાર ﷺનું એમને નમાઝ પઢાવવું એ વાતનું સૂચક નથી કે હુઝૂર ﷺ તમામ નબીઓના સરદાર અને પેશ્વા છે ?** અને અલ્લાહ તઆલાની બારગાહમાં તેમનો મર્તબો તમામ અંબિયાથી ઘણો અધિક છે ? શું આવી મહત્તમ ફઝીલતની પણ તમે અવગણના કરો છો ? અને **શું બની ઈસ્રાઈલનું નેતૃત્વ હુઝૂર ﷺને આપવું એ હુઝૂર માટે ફઝીલતની વાત નથી ? તો, અમને સમજાવો કે તમારે ત્યાં ફઝીલત કોને કહેવાય છે ?!**

એવું લાગે છે કે, લખનારાના અંતઃકરણમાં કોઈક અગમ્ય તથા ગુપ્ત બદ્અક઼ીદગી ભરેલી છે જે આવુ લખાણ લખવા માટે એમને પ્રેરિત કરે છે. જેમ કે લખે છે :–

**★ હુઝૂર ﷺએ અલ્લાહ તઆલાનો દીદાર ન હોતો કર્યો ?! ★**

**ગુજરાત ટુ ડેના લેખક લખે છે :**

*"સહાબાઓના સમયથી વિદ્વાનો વચ્ચે એમના વિશે કે જેને મુહમ્મદ પયગંબર સાહબે (સ.અ.વ.) મળ્યા હતા અને આકાશ અને ક્ષિતિજની પારના સ્થળ પર જોયા હતા એ અલગ અલગ અભિપ્રાય રહ્યો છે. કેટલાક કહે છે કે તેમણે અલ્લાહને જોયા તો અન્યનું માનવું છે કે તેઓએ જિબ્રઈલને તેમના મૂળ સ્વરૂપમાં જોયા હતા. ઈબ્ને અબ્બાસે અગાઉનાની (જોયા બાબતની) કસમ ખાધી જયારે મોહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.)ની પત્ની આઈશા (ર.અ.) ભારપૂર્વક અલ્લાહને ભૌતિક જોયા હતા ના વિચારની નિંદા કરી હતી પણ બાદમાં આ અભિપ્રાયની તરફેણ કરી."*

*(ગુજરાત ટુ ડે, તા. ૨૭–૫–૨૦૧૪)*

વળી આગળ ગુજરાત ટુ ડેના લેખક લખે છે કે, *"આ બંને ધારણા ગંભીર આશંકાઓને આમંત્રિત કરે છે કે જેનો સંતોષકારક જવાબ ન હોઈ શકે." (ગુજરાત ટુ ડે, તા. ૨૭–૫–૨૦૧૪)*

**અમારો જવાબ** : અમો કહીએ છીએ કે "કેવી

રીતે સંતોષકારક જવાબ ન હોઈ શકે ? આ એક જ મસ્અલો નહીં, આવા સેંકડો મસાઈલ છે જેમાં સહાબાના જમાનાથી ઈખ્તેલાફ છે. તો શું તમે આવા બધા મસાઈલમાં એવું કહીને પોતાનો દામન છોડાવી દેશો કે આનો સંતોષકારક જવાબ ન હોઈ શકે ?! થોડોક અધિક જો તમે અભ્યાસ કર્યો હોત તો તમને સંતોષકારક જવાબ કદાચ મળી ગયો હોત.

લો, હવે આ બાબતને વિસ્તારપૂર્વક અને ગંભીરતાપૂર્વક વાંચો, કદાચ તમને સંતોષ થઈ જાય!

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ભલે અલગ મંતવ્ય ધરાવતા હતાં, પણ, લગભગ સહાબાએ કિરામ આ બારામાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના અભિપ્રાયને જ સહીહ ગણાવતા અને એમનો નઝરીયો (માન્યતા) પણ એ જ હતો જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો હતો કે રસૂલે પાક ﷺ એ માથાની આંખો વડે પોતાના રબના દીદાર કર્યા.

જેમ કે હઝરત અલ્લામા નૂરુદ્દીન સમહૂદી નસીમુર્રિયાઝમાં ફર્માવે છે કે, ''અકષર સહાબા કા મઝહબ યહ હૈ કે હુઝૂર ﷺ ને મેઅરાજ કી રાત, **અપને રબ કો સર કી આંખો સે દેખા.** ઔર યહી ઝયાદહ સહીહ ઔર રાજેહ બાત હૈ.'' *(૨/૩૦૩)*

અને હઝરત ઈમામ નવવી رحمۃ اللہ علیہ શર્હે મુસ્લિમમાં ફર્માવે છે : ''અકષર ઉલમા કે નઝદીક સહીહ યહી હૈ, **હુઝૂર ﷺ ને મેઅરાજ કી રાત અપને રબ કો અપને સર કી નિગાહોં સે દેખા.''** *(૧/૯૭)*

આ જ ઈમામ નવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઈલ્મે હદીષનો કાઈદો છે કે જ્યારે એક સહાબી કોઈ વાત કહે અને બીજા સહાબા એની વિરુદ્ધ બીજી કોઈ વાત (દલીલથી) કહે તો શ્રેષ્ઠ અને ઉત્તમ વાત તે બીજા સહાબાની જ ગણવામાં આવશે અને પેલા સહાબીની વાત એમના ઉપર દલીલ નહીં બને. *(૧/૯૭)*

મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼માં છે કે, ''હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ને ક઼સમ ખાકર ફર્માયા કે, **બેશક ! હુઝૂર ﷺ ને અપને રબ કો દેખા.''**

એવી જ રીતે ઈમામ ઈબ્ને ખુઝૈમા હઝરત ઉર્વા ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે તેઓ શબે મેઅરાજ દીદારે ઈલાહીને માનતા અને હઝરત આઈશાના ઈર્શાદથી તેમને બહુ જ તકલીફ થતી.'' *(શર્હે ઝુર્કાની, ઈબ્ને ખુઝૈમાના હવાલાથી, ૧/૧૧૬)*

એવી જ રીતે હઝરત કઅબ અહબાર અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના તમામ શાગિર્દોનો આ જ નઝર્યો (માન્યતા) હતો.

આ પ્રમાણે જો ઉદાહરણ આપવામાં આવે તો સેંકડો હવાલાઓનો ઢગ થઈ જશે ! આ તો કેવળ ગુજરાત ટુ ડેના લેખકના સંતોષ ખાતર થોડાક ઉદાહરણો આપી દીધાં, નહીં તો ઉપર હઝરત ઈમામ નવવી અને ઈમામ નૂરુદ્દીન સમહૂદીના ક઼ૌલ જ આપણા માટે પૂરતા છે.

## ★ ગુજરાત ટુ ડેના લેખકની મનઘડત દલીલો ! ★

**ગુજરાત ટુ ડેના લેખક લેખે છે :** *''સૌ પ્રથમ તો મોહમંદ પયગંબર સાહેબ (સ.અ.વ.) જ્યારે મેઅરાજની ઘટનાઓનું વર્ણન કર્યું ત્યારે પોતે અલ્લાહને જોયા હોવાનો દાવો ક્યારેય ન હોતો કર્યો.'' (ગુજરાત ટુ ડે, તા. ૨૭–૫–૨૦૧૪)*

**અમારો જવાબ** : શું આ બારામાં તમે વધારે અભ્યાસ કર્યો ? જો એવું કર્યું હોત તો ક્યારેય તમારી ક઼લમથી આવુ **પાયાવિહોણું જૂઠાણુ** જાહેર ન થઈ શકત.

હવે જુઓ કે તમારા લખાણમાં કેટલુ સત્ય છે ?!

હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ ની કિતાબ મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલમાં છે કે અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું કે, **''મૈંને (શબે મેઅરાજ) અપને રબ કો દેખા.''** *(૧/૨૮૫)*

આ હદીષના બારામાં ઈમામ જલાલુદ્દીન સુયૂતિ ખસાઈસુલ કુબ્રામાં ફર્માવે છે કે સહીહ સનદથી

સાબિત છે. *(૧/૧૬૧)* એવી જ રીતે હઝરત અલ્લામા અબ્દુર્રઊફ મનાવીએ તૈસીરમાં લખેલ છે. *(૨/૨૫)*

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"બેશક ! અલ્લાહ તઆલાને હઝરત મૂસા علیہ السلامકો દૌલતે કલામ બખ્શી ઔર મુઝે અપના દીદાર અતા ફર્માયા."** *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૪૪૭)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકાર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"મુઝે મેરે રબને ફર્માયા કે મૈંને (હઝરત) ઈબ્રાહીમ કો અપની દોસ્તી દી ઔર (હઝરત) મૂસા સે કલામ ફર્માયા ઔર મુહમ્મદ ! (صلی اللہ علیہ وسلم) તુમ્હેં અપના મુવાજહા બખ્શા કે બેપર્દા વ બેહિજાબ તુમને મેરે જમાલે પાક કે દેખા."** *(તારીખે દમિશ્ક, ૩/૨૯૬)*

હઝરત આઈશા رضی اللہ عنہاનાં બહેન હઝરત અસ્મા رضی اللہ عنہاથી રિવાયત છે કે મૈંને સુના, હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ "સિદરતુલ્ મુન્તહા" કા વસ્ફ બયાન ફર્મા રહે થે. મૈંને અર્ઝ કી, યા રસૂલલ્લાહ ! હુઝૂરને સિદરહ કે પાસ કયા દેખા ? તો ફર્માયા : **"મુઝે ઉસ્કે પાસ રબ કા દીદાર નસીબ હુવા."** *(અદ્દુરુલ મન્થૂર, ઈબ્ને મર્દુવિયહના હવાલાથી : ૫/૧૯૪)*

**આ ચારેય હદીષોમાં સ્પષ્ટ લખેલું છે કે ખૂદ હુઝૂર صلی اللہ علیہ وسلمએ દીદારે ઈલાહીનો દાવો કર્યો,** જેનાથી સાબિત થયું કે સહાબાએ કિરામનો ક઼ૌલ, તેમના અનુમાન પર આધારિત નથી, જેમ કે તમે આગળ લખ્યું છે. બલ્કે આ ખૂદ હદીષોથી સાબિત છે.

**★ ગુજરાત ટુ ડેના લેખકની બીજી મનઘડત દલીલ ! ★**

> **ગુજરાત ટુ ડેના લેખક આગળ લખે છે :** *આ સાથીઓમાંના કોઈપણ "દીદાર" પર ભારપૂર્વક જણાવ્યું નથી. જેઓ મોહમ્મદ પયગંબર સાહબ (સ.અ.વ.) પર દાવો કરે છે." (ગુજરાત ટુ ડે, તા. ૨૭-૫-૨૦૧૪)*

**અમારો જવાબ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે, "હમ બની હાશિમ અહલે બૈયતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માતે હૈં કે, **બેશક ! મુહમ્મદ صلی اللہ علیہ وسلمને રબ કો દો બાર દેખા."** *(તિર્મિઝી શરીફ, ૨/૧૬૧)*

આ જ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, **"ક્યા હઝરત ઈબ્રાહીમ علیہ السلام કે લિએ દોસ્તી ઔર હઝરત મૂસા علیہ السلام કે લિએ કલામ ઔર મુહમ્મદ صلی اللہ علیہ وسلم કે લિએ દીદાર હોને મેં તુમ્હેં કુછ અચંબા હૈ ?"** *(નિસાઈ, ઈબ્ને ખુઝૈમા, હાકિમ, બયહક઼ી)*

આ જ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે, **"મુહમ્મદ صلی اللہ علیہ وسلمને અપને રબ કો દો બાર દેખા. એકબાર આંખસે ઔર એકબાર દિલ કી આંખોંસે."** *(મુઅ્જમે અવસત)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : **"મુહમ્મદ صلی اللہ علیہ وسلمને અપને પરવરદિગાર કો દેખા."** *(મવાહિબુલ્ લદુન્નિયા)*

એકવાર મરવાને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને પૂછ્યું કે, **"ક્યા હુઝૂર صلی اللہ علیہ وسلمને અપને રબ કો દેખા ?!" તો આપને ફર્માર્યા, "હાં !"** *(શર્હે ઝર્કાની)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماને પૂછાવ્યું કે **શું હુઝૂરે એમના પરવરદિગારના દીદાર કર્યા હતા ? તો આપે ફર્માવ્યું કે હા !** *(દુર્રે મન્થૂર)*

હઝરત ઈમામ અહમદ બિન હબંલ ફર્માવે છે કે, "મૈં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કી હદીષ કા મોઅતક઼િદ (ચાહક) હૂં. **હુઝૂર صلی اللہ علیہ وسلمને અપને રબ કો ઈસી આંખસે દેખા, દેખા, દેખા, હાં તક ફર્માતે રહે કે ઉન્હીં સાંસ બંદ હો ગઈ."** *(શિફા શરીફ)*

ક્રમ (૧)માં હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہની ક઼સમનું વર્ણન થઈ ગયેલ છે. જરા, ઈન્સાફની દૃષ્ટિથી જુઓ તો ખરા કે આનાથી પણ

વધારે ભારપૂર્વક બયાન બીજું શું હોઈ શકે ? અને બધાય અક્વાલની સનદો સહીહ છે. જરૂર પડશે તો એને પણ રજૂ કરી દઈશું.

### ★ ગુજરાત ટુ ડેના લેખકની ત્રીજી મનઘડત દલીલ ★

**ગુજરાત ટુ ડેના લેખક લખે છે :** *"જો આ વાત સાચી હોય તો મોહમ્મદ પયગંબર સાહબ (સ.અ.વ.)ની પત્નીઓ આવી માહિતીથી અજાણ ન હોય, તેમને પ્રથમ જાણ કરવામાં આવી હોવી જોઈએ. પરંતુ એમના કોઈએ આ રીતે વર્ણન કર્યું નથી, પણ હઝરત આઈશા (ર.અ.)એ ભારપૂર્વક આવા દાવાની ટીકા કરી અને આવા દાવા કરવા બદલ નિંદા કરી." (ગુજરાત ટુ ડે, તા. ૨૭-૫-૨૦૧૪)*

**અમારો જવાબ :** એનો મતલબ તો એ થયો કે હુઝૂર ﷺના જે પણ મો'જિઝા એમની મુક઼દ્દસ બીબીઓ અને સહાબાએ કિરામ સમક્ષ થયા, તે ત્યારે જ વિશ્વસનીય હોય જ્યારે એમની બીવીઓ આ મો'જિઝાનું વર્ણન કરે ! શું હઝરત ઈબ્ને અબ્બાસ અહલે બયતમાં નથી ? જે બચપનથી હુઝૂર ﷺની સોહબતમાં રહ્યા હતા અને જેમને ઉમ્મતના મહાન વિદ્વાનો તથા આલિમોએ "હિબ્રુલ ઉમ્મત"નો ખિતાબ આપ્યો. વિચારવા જેવી વાત છે કે હઝરત આઈશા, જેઓ તે વખતે હુઝૂર ﷺની ઝૌજીયતથી મુશર્રફ ન હતાં (નિકાહમાં ન આવ્યાં હતાં) તેમના ઈન્કારને લઈને એ વાતને પુરવાર કરવામાં આવે છે કે હુઝૂરે દીદાર નથી કર્યો ! જ્યારે દીદાર માનવાવાળાથી એવી માગણી (ડિમાન્ડ) કરવામાં આવે છે કે હુઝૂરની પત્નીઓથી આ વાતને રજૂ કરો, તો શું તમને હું ન કહી શકું કે જો આ મામલો હોય તો તમે દીદારનો ઈન્કાર હુઝૂર ﷺની એ પત્નીથી સાબિત કરો જે તે વખતે હુઝૂર ﷺના નિકાહમાં હતાં ? અને હદીષની જેટલી કિતાબો અને સીરતનાં આજ સુધીનાં જેટલાં પુસ્તકો છે, તેમાંથી કોઈપણ ફિર્કાના પુસ્તકમાં તમે દેખાડી દો કે હુઝૂર ﷺની બીજી પત્નીઓએ એ વાતનો ઈન્કાર કર્યો છે. જેમ તેમના અક્વાલ (કથનો) દીદારની બાબતમાં મળતા નથી, તેમ તેમના અક્વાલ દીદારના ઈન્કાર વિશે પણ નથી.

અને મોટા ભાગના સહાબાએ કિરામ જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની વાત (અલ્લાહના દીદાર કર્યા)ને સમર્થન આપે છે, તેમનું બયાન, વર્ણન, સમર્થન શું ફક્ત હઝરત આઈશા رضی اللہ عنہاના મુક઼ાબલામાં વિશ્વસનીય અને પૂરતુ નથી ?

### ★ ગુજરાત ટુ ડેના લેખકની ચોથી મનઘડત દલીલ ★

**વળી ગુજરાત ટુ ડેના લેખક લખે છે :** *"પયંગબર સાહેબ મેઅરાજમાં જેમને મળ્યા હતા તે વ્યક્તિનું કુર્આનમાં વર્ણન અલ્લાહની વિભાવનામાં ભૌતિકવાદી લાગે છે."*

*(ગુજરાત ટુ ડે, તા. ૨૭-૫-૨૦૧૪)*

**અમારો જવાબ :** કેવી રીતે એમ કહો છો ? જેમ મુફસ્સિરીનની એક જમાઅત કહે છે કે આ આયતોમાં હઝરત જિબ્રઈલ علیہ السلامનું વર્ણન કરવામાં આવ્યું છે, તેમજ મુહદ્દિષીન અને મુફસ્સિરીનનો બીજો તબક઼ો કહે છે કે આ આયતોમાં અલ્લાહ તઆલાના દીદાર અને કુર્બ (નઝદીકી)નું વર્ણન છે. જેમ કે હઝરત સૈયદના ઈમામ બુખારી رحمۃ اللہ علیہ બુખારી શરીફમાં હઝરત અનસ બિન માલિક ثُمَّ دَنَا فَتَدَلّٰی ۔ فَکَانَ قَابَ قَوۡسَیۡنِ اَوۡ اَدۡنٰیની તફસીર નક઼લ ફર્માવે છે કે, "યહાં તક કે સિદરતુલ્ મુન્તહા પર તો "જબ્બાર રબ્બુલ ઈઝ્ઝત" હુઝૂર ﷺસે કરીબ હુવા ફિર ઔર કરીબ હુવા, યહાં તક કે સિર્ફ દો કમાન કા ફાસલા રહ ગયા, બલ્કે ઉસ્સે ભી કમ." *(૨/૧૧૨૦)* અને અલ્લાહ તઆલાના કરીબ થવાનો મતલબ એ છે કે પોતાની રહમત અને ઈન્આમથી ક઼રીબ થયો. પછી તમને કેમ ભૌતિકવાદી લાગે છે ?

અને હઝરત અબૂ ઝર رضی اللہ عنہથી જે હદીષ તમે રિવાયત કરી છે, તો એ હદીષ પછી જ બીજી હદીષ એમનાથી જ રિવાયત થયેલ છે એ તમે કેમ ન જોયી ?

અને જોયી તો શા માટે ન લખી ?! ઈન્સાફનો આ જ તક઼ાદો છે ?

હઝરત અબ્દુલ્લાહ બિન અક઼ીક઼ رضي الله عنه કહે છે કે મેં હઝરત અબૂ ઝર رضي الله عنه ને કહ્યું, જો હુઝૂર ﷺ નો દીદાર કર્યો હોત તો જરૂર હુઝૂર ﷺ ને એક વાત પૂછી હોત. આપે ફર્માવ્યું કે કઈ વાત ? હઝરત અબ્દુલ્લાહે જવાબ આપ્યો, શબે મેઅરાજમાં અલ્લાહના દીદાર કરવાની બાબતે. તો હઝરત અબૂઝરે ફર્માવ્યું કે મેં હુઝૂર ﷺ ને આ વાત બેશક ! પૂછી હતી, તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે **મેં નૂરનો દીદાર કર્યો હતો.** *(મુસ્લિમ શરીફ, ૧/૯૯)*

તમે તમારા મતલબની હદીષ તો લખી દીધી પણ જે તમારા મતલબ વિરુદ્ધ છે એનો ઉલ્લેખ પણ ન કર્યો...!! આને શું કહેવાય ? હક઼ીક઼ત બયાની કે હક઼ીક઼તથી વિમુખતા ?!

હવે જ્યારે એક જ સહાબીથી એક જ વિષય પર બે અલગ અલગ વાત દર્શાવતી હદીષો રિવાયત થયેલ છે. જ્યારે કે બંનેમાં હઝરત અબૂઝરથી હઝરત અબ્દુલ્લાહ જ રિવાયત કરે છે, અને બંને હદીષો એક જ કિતાબમાં એક જ સાથે વર્ણન થયેલ છે તો જરૂરી છે કે એ હદીષનો એવો મતલબ બયાન કરવો જોઈએ કે જેનાથી બંનેવમાં ટકરાવ ખતમ થઈ જાય અને બંને હદીષો સમાનાર્થી થઈ જાય. હવે બંને હદીષોનો મતલબ એ થયો કે મેં એક નૂર અને જલ્વાને શબે મેઅરાજમાં તો જોયેલું છે, અને એ નૂરને જોઈને હું પામી ગયો હતો કે આ અલ્લાહ તઆલાનો જ નૂર છે પણ એ નૂરની અતિ ચમક, જ્યોત અને અતિ પ્રકાશના કારણે મને વધુ કાંઈ દેખાતું ન હતું. એટલે કે એ નૂરની પૂરી જાતને ન જોઈ શક્યો. અને કુર્આન શરીફમાં છે કે, "દૃષ્ટિ તેનો ઈરાક (ઘેરાવ) ન કરી શકે." *(પારા : ૭/૧૦૩)* એનો મતલબ તમામ મુહદ્દિષો, મુફસ્સિરોએ એ જ લીધો છે કે કોઈપણ દૃષ્ટિ અલ્લાહ તઆલાની પૂરી ઝાતને નિહાળી ન શકે, કેમ કે તે અસીમ ઝાત છે, એટલે કે તેની કોઈ સીમા અને હદ નથી. અને પૂરેપૂરું તે જ ઝાતને જોઈ શકાય છે જેની કોઈ સીમા અને હદ હોય કે જ્યાં સુધી તેને જોઈને કહી શકાય કે મેં તેને પૂરેપૂરું જોઈ લીધું છે.

ખુલાસો એ જ કે શબે મેઅરાજમાં દીદારે ઈલાહી હદીષોથી સાબિત છે અને ઉમ્મતના અધિકતમ મહાન પેશ્વાઓ, વિદ્વાનો અને આલિમો તથા મોટાભાગના સહાબાએ કિરામનો પણ આ જ મઝહબ અને મંતવ્ય છે. ભલે પછી, સૂરએ નજમની તફસીરમાં ઈખ્તેલાફ હોય, કેમ કે અહલે સુન્નતના મંતવ્યની બુનિયાદ હદીષો અને સહાબાના અક઼વાલો પર છે, ન કે સૂરએ નજમની તફસીર ઉપર કે જેથી શક ઉત્પન્ન થાય. બલ્કે જેવી રીતે હઝરત જિબ્રઈલ عليه السلام ને અસલી સૂરતમાં શબે મેઅરાજ વખતે હુઝૂર ﷺ ને જોયા તેવી જ રીતે અલ્લાહ તઆલાનો પણ દીદાર કર્યો.

**જરૂરી ચેતવણી :** ગુજરાત ટુ ડેના લેખમાં હુઝૂર ﷺ ના નામ સાથે (સ.અ.વ.) લખ્યું છે જે વહાબી, દેવબંદીઓની આદત છે. તેમના અસલ લખાણને રજૂ કરવા અમે એને એ જ પ્રમાણે છાપ્યું છે, જેથી કોઈને ગલતફહમી ન થાય. હક઼ીક઼તમાં હુઝૂર ﷺ ના નામની પાછળ **સલ્અમ, સ.અ.વ., અ.સ.** વગેરે લખવું ઉલમાએ **નાજાઈઝ** તથા **હરામ** દર્શાવેલ છે એ યાદ રાખશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**
(કેલેન્ડર ટાઈપ)
*નમાઝોનું ક઼ાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૫૦/–** ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

મુસલમાનો !



# કુર્આન સાથે આપણે શું ન્યાય કર્યો ?!

અઝ: **જનાબ મુજીદ રઝા–જંબુસર** (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*પ્યારા દીની સુન્ની ભાઈઓ ! આ અંક તમારા હાથ મુબારકમાં હશે ત્યારે રમઝાન મુબારકનો રહમતો વરસાવતો મહિનો શાયદ શરૂ થઈ ચૂક્યો હશે, જેમાં આખુ વરસ કુર્આન શરીફ તરફ ભૂલથી પણ દષ્ટિ ન કરનારા કેટલાય મુસલમાનો કુર્આન શરીફની તિલાવતમાં લાગી ગયા હશે ! ઘણા જ અફસોસની વાત છે કે આપણે મુસલમાન હોવા છતાં અને આપણને પાયાનું જીવનબંધારણ જે કિતાબ સૂચવે છે તે એટલે "કુર્આન શરીફ"ને મારું અનુમાન ગલત ન હોય તો ૭૫% લોકો એવા હશે જેઓ વરસભર તો નહીં જ, પણ રમઝાનમાં પણ હાથ નથી લગાડતા ! તો ફક્ત કુર્આનની સમજ્યા વગર તિલાવત કરવાની વાત છે પણ પઢનારાઓમાં ૧% પણ નહીં હોય કે કુર્આનને સમજીને પઢતા હોય ! અફસોસ ! અફસોસ ! ન લોકોને જાણે સવાબની જરૂર છે ન તો કુર્આન સમજવાની પડી છે ! હદીષની કિતાબોની તો વાત જ શું કરવી ?! આ છે આપણુ ઈસ્લામના ચાહકોનું ઈસ્લામની પાયાની કિતાબો સાથેનું વર્તન ! પછી મુસલમાનો દુનિયાની ભલાઈ માગે તો કઈ રીતે મળી શકે ?!*

*U.K. સ્થાયી થવા માટે અંગ્રેજી ફરજીયાત જોઈએ ! તો અભણ સ્ત્રીઓ અંગ્રેજીના કલાસ કરીને અંગ્રેજી બોલચાલ, સમજ મેળવી ILTS-CATE સર્ટિફિકેટ મેળવી લે છે, તેમજ મેડિકલમાં જવા સંસ્કૃતની જરૂર હોય તો તેને આપણા મુસ્લિમ યુવાનો શીખી લે છે, પણ અરબી ભાષા કે જેમાં કુર્આન હદીષ છે, જે આપણા બંને જહાનની ભલાઈ માટેની છે પણ તેને શીખવા કોઈ મુસલમાનને જરાય રૂચી નથી. ઈલ્લા માશાઅલ્લાહ !*

*પ્રસ્તુત લેખ અરબી શીખવાનો આગ્રહ કરતો ગંભીર લેખ છે જેનાથી ઉમ્મીદ છે લોકો કાંઈક તો અસર ગ્રહણ કરશે અને સમજશે કે અરબી ન શીખી શકાય તો કુર્આન હદીષના તર્જુમા, તફસીર તથા શરહો વસાવી કુર્આન હદીષ આપણે સમજવું જોઈએ અને એમાં જ ઈસ્લામની મહોબ્બત સમાયેલી છે કે જેને સમજીને તે મુજબ અમલ પણ કરીએ. રબ તઆલા આપણને સૌને નેક તૌફીક બખ્શે. (આમીન)*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

કિતાબ પઢવાના ચાર તરીકા હોય છે :–

(૧) કિતાબના મતન (મૂળ લખાણ)ને જલ્દીમાં પઢવું (૨) મતન (મૂળ લખાણ)ને સમજીને પઢવું (૩) શબ્દોના મિજાઝ અને મતનને જોતાં અર્થોને પોતાનામાં મહેસૂસ કરવું (૪) એહસાસ પછી કોઈ સર્જનાત્મક કાર્યને પેદા કરવું.

દુનિયાની કોઈપણ કિતાબ હોય આ ચાર પદ્ધતિઓમાંથી કોઈ એક પદ્ધતિમાંથી જરૂર પસાર થાય છે. કિતાબ વિના ઈન્સાનની જિંદગી વ્યર્થ છે. કેમ કે પ્રગતિના સર્વ શ્રોત (ઝરણાં) કિતાબના મતન (અસલ લખાણ)થી વહે છે. પ્રગતિ માટે માત્ર કિતાબનો અભ્યાસ અથવા એને સમજીને પઢવું પૂરતુ નથી હોતું બલ્કે એને મહેસૂસ કરી સર્જનાત્મક કક્ષાએ એનો ઈઝહાર (પ્રદર્શન) જરૂરી હોય છે. તમે કોઈપણ એવો વ્યક્તિ નથી બતાવી શકતા જેની

પ્રગતિનો સફર કિતાબ વિના શરૂ થયો હોય. આજે જે પણ કૌમો અથવા લોકો નિર્માણ તથા સર્જનના શિખર પર ઊભા છે એમનુ ખમીર કિતાબના મતનથી ઊભુ છે. આપણી કમનસીબી એ છે કે કિતાબ સાથે આપણો સંબંધ એવો નથી રહ્યો જેથી પ્રગતિ બીજાઓનું મુક્દર બની ગઈ છે. આજે આપણે જે કિતાબની વાત કરી રહ્યા છીએ એ કોઈ સામાન્ય કિતાબ નથી બલ્કે આ તે કિતાબ છે જે સર્વ કિતાબોનું દષ્ટિબિંદુ છે, એટલે કે કુર્આન મજીદ ! પણ **અફસોસ ! કે આ કુર્આન મજીદ સાથે આપણો સંબંધ સમજવા પૂરતો પણ નથી રહ્યો, સર્જનાત્મક તથા ગ્રહણવૃત્તિનો સંબંધ તો ઘણા દૂરની વાત છે !**

કુર્આન મજીદથી ખરેખર બીમાર શિફા પામે છે, એની બરકતોથી બગડેલાં કામો સારાં થઈ જાય છે, એની તિલાવતથી આવાનાર મુસીબતો દૂર થઈ જાય છે. આપણે વિચારવું જોઈએ કે જ્યારે કુર્આન મજીદની તિલાવત જિંદગીઓ બદલી શકે છે તો એની આંતરિક તથા બાહ્ય કૈફિયતોથી જિંદગી કેમ નથી બદલાય શકતી ?! **આપણી વધુ પડતી પબ્લિક સમજે છે કે કુર્આન માત્ર તિલાવતની કિતાબ છે ! એની આયતો દુઆ તાવીઝ માટે ઉતરી છે ! એની તિલાવતથી સવાબ મળે છે, દુકાન મકાનમાં બરકત થાય છે અને એનાથી રૂહોને ઈસાલે સવાબ કરવામાં આવે છે.....**વગેરે. બેશક! કુર્આન આ સર્વ ખૂબીઓથી સુશોભિત છે પણ એને ઉતારવાનો હેતુ આ ખૂબીઓથી વિશેષ છે. જો આપણે કુર્આન મજીદને માત્ર તિલાવત કરવા અને ઈસાલે સવાબ કરવાનો ઝરીયો સમજ્યો છે તો આપણે વાસ્તવિકમાં કુર્આન ઉતારવાના મક્સદને સમજ્યો નથી. **કુર્આન મજીદને જિંદગીનું મધ્યબિંદુ માનવાનો મતલબ એ કે એને સમજીને પઢ વામાં આવે અને એની અંદર છુપાયેલ વાસ્તવિક્તાઓને મહેસૂસ કરવામાં આવે, ત્યાર બાદ પ્રેક્ટિકલીરૂપે દુનિયા સમક્ષ એને રજૂ કરવામાં આવે.** જ્યાં સુધી આપણે એને Adsorb (મેહસૂસ) કરવાનું નહીં શીખીએ ત્યાં સુધી આપણે ભૂતકાળની ઈજ્જતને નથી પામી શક્તા.

હવે સવાલ એ છે કે કુર્આની મતલબના આ એહસાસનો મતલબ શું છે અને આ કૈફિયત કેવી રીતે પૈદા થઈ શકે છે ? અરબી ભાષાના જ્ઞાન વિના કુર્આન કરીમની સાચી સમજ અશક્ય છે. આજે કુર્આને કરીમના અગણિત તર્જુમા માર્કેટોમાં મળે છે એનાથી ઘણા શોખિન લોકો કુર્આન શરીફને સમજવાનો પ્રયત્ન કરે છે, પણ કુર્આનની રૂહ ખરેખર તો અરબી ભાષામાં છે. દુનિયાની કોઈપણ કિતાબ બીજી કોઈ ભાષામાં અનુવાદ થઈ જાય પણ એ અસલના બરાબર નથી થઈ શક્તી, જે મજા અસલ કિતાબના અભ્યાસથી મળે છે એ એનો તર્જુમો પઢ વાથી નથી થઈ મળી શકતી, કેમ કે અસલ મતન (મૂળ લખાણ) અને અસલ લખનારના પાછળ એક સંપૂર્ણ બ્રેકગ્રાઉન્ડ હોય છે. આ મતન (અસલ લખાણ)માં એવા માહોલની ખુશ્બુઓ ભરી હોય છે કે તર્જુમો કરનાર લાખ કોશિશ કરે તો પણ એ એવા પ્રકારનો માહોલ પેદા નથી કરી શક્તો, મૂળ કિતાબથી પઢયા વિના આપણે કેટલાય તર્જુમા પઢી લઈએ પણ આપણને સુકૂન નહીં થાય.

## ★ ઈબાદતમાં લુત્ફ ક્યારે આવી શકે ?★

આપણે દરરોજ પાંચેવ સમયની નમાઝો પાબંદીથી પઢીએ છીએ, નમાઝોમાં સૂરતોની તિલાવત કરીએ છીએ, નમાઝ પછી દુઆઓ માગીએ છીએ અને ક્યારેક કુર્આન શરીફની તિલાવત પણ કરીએ છીએ, પણ આપણી સમજમાં કાંઈ નથી આવતું ! જેથી આપણે અંતઃકરણપૂર્વક દિલના ઊંડાણથી પોતાના રબની બારગાહમાં કેવી રીતે હાજર થઈ શકીએ છીએ ?! આપણને નમાઝોમાં લુત્ફ (લિજ્જત) એટલા માટે નથી આવતું કે અરબી ભાષા આપણા માટે અજનબી બની ગઈ છે. જો આપણે અરબી ભાષાથી પરિચિત થઈ જઈએ તો ખરેખર

આપણને ઈબાદતમાં ઘણો લુત્ફ આવશે, આપણી નમાઝ ક્યારેય બેરૂહ તથા બેનૂર નહીં થાય. આપણી હજ્જ માત્ર હજ્જ નહીં રહી જાય બલ્કે વફાદારીનો પ્રકાશ બની જશે. આપણે એ સમયે અનુભવ કરી શકીશું કે આપણે અલ્લાહ તઆલાની સાથે શી વાત કરીએ છીએ. આપણે એ જાણી શકીશું કે અલ્લાહ તબારક વ તઆલાની સાથે આપણો સંબંધ શું છે ?

હદીષ શરીફમાં છે : ''ઈબાદત એ રીતે કરો કે તમે અલ્લાહ તઆલાને જોઈ રહ્યા છો અને એ પણ ન થાય તો એ રીતે કરો કે અલ્લાહ તઆલા તમને જુએ છે.''

આ હદીષ રૂહાનિયત તથા તસવ્વુફનું મૂળ છે. આપણે નમાઝથી અનુભવ કર્યા વિના રૂહાનિયતની તરફ પગલાં ભરવા લાગ્યા છીએ, અને એના માટે શરત એ છે કે આપણને ખબર હોવી જોઈએ કે આપણે જે કાંઈ પણ અલ્લાહની સામે દર્શાવીએ (પઢીએ) છીએ તેનો શું અર્થ છે. **નમાઝોમાં આપણુ મન એટલા માટે જ નથી લાગતું કે આપણે જે આયતો અથવા સૂરતો તિલાવત કરીએ છીએ એને સમજવાની આપણી પાસે લાયકાત નથી ! જો આપણે સૂરતો તથા આયતોને સમજતા થઈ જઈએ તો ખરેખર આપણા દિલો અલ્લાહ તઆલાના ખૌફ અને ડરથી ભરાઈ જશે. પછી આપણી નમાઝો માત્ર ઉઠક બેઠકનો તમાશો નહીં બલ્કે અલ્લાહ તઆલાથી નઝદીક થવાનો ઝરીયો બની જશે.** આપણે એક ઉદાહરણથી સમજતા ચાલીએ.

તમે કોઈ સભા અથવા સેમીનાર હોલમાં બેઠા છો. કોઈ તક્રીર કરવાવાળો અંગ્રેજીમાં અથવા અરબીમાં તક્રીર કરી રહ્યો છે. તમે ભલે ને કેટલા પણ શોખિન કેમ ન હોવ, પણ થોડા જ સમય પછી તમે કંટાળી થઈ જશો, અને તમે ઈચ્છશો કે જલ્દીથી આ તક્રીર પૂરી થઈ જાય અને કોઈ ઉર્દૂ ભાષામાં અથવા જે ભાષાને સમજવાની તમારામાં લાયકાત હોય, સારી રીતે ઓળખ અથવા આવડત હોય તે ભાષામાં તક્રીર કરે, અને જયારે તમારી પસંદ કરેલી ભાષામાં તક્રીર થશે તો તમારું સંપૂર્ણ બયાન એ તક્રીર કરવાવાળાની તરફ થઈ જશે. પછી તમે એને માત્ર સાંભળવાવાળા નહીં બલ્કે એનો અનુભવ, એહસાસ તથા ગ્રહણ કરનારા પણ બનશો

તમે પોતાના બોસ, કોઈ માલદાર, અથવા કોઈપણ ઓફિસરની પાસે અરજી લઈને જાવ અને તેની સામે પોતાની વિગત દર્શાવવી હોય તો જરૂરી છે કે એનામાં જે કાંઈ તમે એને બયાન કરી રહ્યા છો એની પાસે સારી રીતે એને સમજવાની પણ શક્તિ હોવી જોઈએ. **એવી જ રીતે નમાઝ પણ એક દુઆ છે, જ્યાં સુધી તમોને ખબર જ ન હોય કે તમે પોતાના રબથી શું માગો છો અને નમાઝમાં પોતાના અલ્લાહથી શી વાતો કરો છો ! ત્યાં સુધી અલ્લાહ તઆલાની ઓળખ પ્રાપ્ત કરવી અશક્ય છે.** કેમ કે અરબી ભાષા મુસ્લિમોને સાચી ઓળખાણ સુધી પહોંચાડે છે, અને ઈન્સાન પર પડેલા પર્દાને ઉઠાવી દે છે. પછી પોતાના રબની ઓળખ તથા મઅરેફત અને નઝદીકીનું અંતર ત્રણ ચાર પગલાં રહી જાય છે. હદીષ શરીફમાં છે : عَرَفَ نَفْسَهٗ فَقَدْ عَرَفَ رَبَّهٗ ''જેણે પોતાના નફ્સને ઓળખ્યો તેણે રબને ઓળખ્યો.'' *(હિલ્યતુલ અવલિયા વ તબક઼ાતુલ અસ્ફિયા, ભાગ : ૧૩, પેજ : ૨૦૮)*

## ★ સમજીને તિલાવતના અનેક ફાયદા ★

મુસલમાનોનું કુર્આન વિશે તસવ્વુર (સોચ) સવાબની મર્યાદા સુધી કેમ છે ?! આ વાત સમજ બહારની છે ! જો આપણે સવાબની નિય્યતથી તિલાવત કરીશું તો માત્ર સવાબ જ પ્રાપ્ત થશે, અને જો એના અર્થને સમજીને તિલાવત કરીશું તો તિલાવતનો તો સવાબ પ્રાપ્ત થશે જ પણ સાથોસાથ પ્રગતિના ભેદ પણ સ્પષ્ટ થતા જશે. **ક્યારેક તમે વિચાર્યું કે કુર્આનના ત્રીસ સિપારા કેમ છે ? મેં કોઈ ભરોસાપાત્ર તફસીરની કિતાબોમાં નથી પઢ્યું પણ મારો અંદાજો એ છે કે મહિનો ત્રીસ**

**દિવસનો હોય છે, માટે સિપારા પણ ત્રીસ જ રાખવામાં આવ્યા, જેનાથી ઈબાદત કરનાર દરરોજ એક એક સિપારો તિલાવત કરે અને એના અર્થને પોતાના અમલમાં ઢાળવાની કોશિશ કરે.** જો આપણે દરરોજ એક સિપારાની તિલાવત કરીએ છીએ તો ઘણી જ મુબારકબાદની વાત છે, પરંતુ આ તિલાવતથી ખુશનસીબીઓ તથા બરકતો અને પ્રગતિઓ ત્યારે જ આપણા ખોળામાં આવશે જયારે આપણી ઉપર કામયાબીઓના દરવાજા ખુલવાની શરૂઆત થઈ જાય અને આ શરૂઆત ત્યારે જ થશે જયારે આપણે અભ્યાસનો ચોથો તરીકો અપનાવીશું. જો આપણે અભ્યાસનો ત્રીજો તરીકો અપનાવી રહ્યા છીએ તો મુબારક થજો કે આપણે પ્રગતિના પહેલા પગથિયા પર ચઢી ગયા. પરંતુ હજી પણ કામયાબી તથા તરક્કીની બધી જ સીડીઓ પસાર કરવાનો સમય નથી આવ્યો, આ પ્રગતિ ત્યારે જ મળશે જયારે આપણે لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ (કાશ ! કે ચિંતન કરે) જેવી આયતોના તકાઝાને પૂર્ણ કરવાની સ્થિતિમાં આવી જઈએ. જેની તરફ કુર્આને વારંવાર ધ્યાન દોર્યું છે. પરંતુ જરા થોભો અને કુર્આનને જરૂર સમજો કે આ આપણો દીની હક્ક છે, અને આ હક્ક આપણાથી કોઈપણ નથી ઝુટવી શક્તું. **પરંતુ એનો મતલબ એવો બિલકુલ નથી કે આપણે કુર્આનની વાતોને પોતાની સમજશક્તિના ત્રાજવામાં તોલીને એના મુજબ ફેંસલો કરવા લાગીએ ! કુર્આન એક એવો સમંદર છે કે જેની હૈરતનાકીઓ ક્યારે પણ પૂરી નહીં થાય. કુર્આનની ઘણી વાતો આપણી સમજમાં નહીં આવે અને આપણુ દિમાગ એના અર્થના ઊંડાણ સુધી નહીં પહોંચી શકે, તો કુર્આનના નિષ્ણાત લોકોની તરફ જવું પડશે. આલિમો પાસે ગયા વિના પોતાની જાતથી કોઈ મતલબ કાઢવાની કદી પણ કોશિશ ન કરવી જોઈએ.**

લોકો એવું સમજે છે કે મુસ્લિમોની કૌમી ભાષા ઉર્દૂ છે. પરંતુ આલિમોનું મંતવ્ય છે કે મુસ્લિમોની કૌમી ભાષા અરબી છે. પ્રાદેશિક ભાષાઓ બલ્કે આમ કહી લો કે માતૃભાષા તો કોઈ બીજી પણ હોય શકે છે, પરંતુ કૌમી ભાષા તો અરબી જ છે. જેવી રીતે આપણા ભારતખંડમાં ઉર્દૂ બોલાય છે એટલા માટે આલિમોએ અહીંયાના લોકોની સરળતા માટે ઈસ્લામિયાતનો અધિક્તર ભાગ ઉર્દૂમાં તબદીલ કરી આપ્યો છે. આ હૈસિયતથી ઉર્દૂ ભાષા ઈસ્લામનુ પ્રતિનિધિત્વ કરતી ભાષા બની ગઈ છે. પરંતુ આ કૌમી ભાષા નથી. **આપણે વર્તમાન પ્રગતિ માટે વિશ્વની બીજી બધી ભાષાઓ પર પ્રભુત્વ હાંસલ કરીએ છીએ, જેનાથી અધિક રીતે પોતે કફીલ (સ્વનિર્ભર) થઈ શકીએ, પરંતુ દીનમાં કમાલ પૈદા કરવા માટે અરબી ભાષા જરૂર શીખવાની કોશિશ કરવી જોઈએ.** આ વાત નિશ્ચિત છે કે અરબી ભાષા વિના દીનની રૂહથી માહિતગાર નથી થઈ શકાતું. અરબી કાલે પણ જરૂરી હતી, આજે પણ જરૂરી છે અને ભવિષ્યમાં પણ જરૂરી રહેશે. આપણે જરૂર મુસલમાન છીએ અને કુર્આન તથા હદીષ વિના જીવનનો સફર કામયાબીની સાથે નથી કરી શક્તા, કેમ કે આપણા દીનની મૂળ અને પાયાની કિતાબો અરબી ભાષામાં છે.

જો આપણે વૃદ્ધ વ્યક્તિ છીએ, કારોબાર અને નોકરીની ફિકરમાં રહીએ છીએ, વાત અને એવી સમસ્યાઓમાં સપડાયેલા હોઈએ કે આપણી પાસે સમય જ ન હોય, તો કોઈ વાંધો નથી, પરંતુ અરબી શીખવાની કોશિશ જરૂર કરો. અને **આજે જ એ પણ નિશ્ચય કરશો કે આપણે તો અરબી ન શીખી શક્યા પરંતુ પોતાની ઔલાદને અને હાથ નીચેનાંને જરૂર અરબીનું શિક્ષણ અપાવીશું. જો પોતાની ઔલાદને આલિમે દીન બનાવો તો માશાઅલ્લાહ ! પણ જો નથી બનાવતા તો થોડું પણ અરબી ભાષાનું જ્ઞાન અપાવી દો જેનાથી ઈસ્લામી રીત રિવાજો અને બુઝુર્ગોના ડગલે ડગલે જિંદગી વિતાવી શકે.**

આપણે વિદ્યાર્થી હોઈએ, શિક્ષક હોઈએ અથવા

નોકરી કરતા હોઈએ, કિતાબ વિના એક પગલુ ચાલવું તો દૂરની વાત પણ કદમ ઉઠાવતા પહેલાં સો વખત વિચારવું પડશે. **આપણે જે પણ કિતાબનું વાંચન કરીએ છીએ સમજીને વાંચીએ છીએ ભલે ને આપણે અભ્યાસનો ત્રીજો અને ચોથો તરીકો નથી અપનાવતા, પરંતુ એટલુ તો જાણીએ છીએ કે આપણા અભ્યાસમાં શું લખ્યું છે. એના વગર આપણે પરીક્ષામાં કામયાબ નથી થઈ શક્તા, ન એનું શિક્ષણ આપી શકીએ છીએ, ન ધંધો કરી શકીએ છીએ, ન નોકરી કરી શકીએ છીએ. આ મામલામાં તો આપણી લાયકાત આપણો સાથ આપે છે પરંતુ જ્યારે આપણે કુર્આનની તરફ હાથ લંબાવીએ છીએ તો એને ચૂમી ચાટીને એક રુકૂઅ, એક આયત અથવા એક સિપારાની તિલાવત કરી એને જુઝદાનમાં લપેટીને કબાટમાં મૂકી ઈએ છીએ !** દિલ પર હાથ રાખીને કહો, શું આ પ્રમાણે નથી કરતા ?! સવાલ એ છે કે કુર્આન ખોલતી વખતે આપણુ ધ્યાન અને સમજશક્તિ ક્યાં જતી રહે છે જે તા'લીમ, શિક્ષણ, ધંધો અને નોકરીમાં આપણી સાથે સાયાની જેમ રહે છે ?! આપણે દરરોજ સમાચારપત્ર પણ વાંચીએ છીએ, આપણે ગુજરાતી ભાષા જાણીએ છીએ, અંગ્રેજી વાંચવું મુશ્કેલ પડી જાય છે, અને જે અંગ્રેજી જાણવાવાળા છે તે ગુજરાતીની તરફ નજર પણ નથી કરતા, કેમ કે અજનબી ભાષામાં એટલી જ જાણકારી મળે છે કે કોઈ કાંઈક લખ્યું છે, પરંતુ શું લખ્યું છે એની કોઈને ખબર નથી હોતી. સમાચારપત્ર એટલા માટે વાંચન કરીએ છીએ કે આપણે વર્તમાન ખબરોથી માહિતગાર રહીએ.

આપણે નવા જમાનામાં રહી શકીએ, પરંતુ આપણે પોતાના જીવનના દસ્તૂર (જીવન બંધારણ)ને એટલે કુર્આનને માત્ર સવાબ માટે તિલાવત કરવા માટે પઢીએ છીએ. છેવટે અલ્લાહના કલામની સાથે આપણે આ પ્રમાણે વર્તાવ શા માટે કરીએ છીએ ?! **સમજ્યા વગરની તિલાવત પણ સારું કાર્ય જ છે, પરંતુ કુર્આનની બરકતોનો એક ટકા જેટલો જ હિસ્સો છે, નવ્વાણુ ટકા જેટલો હિસ્સો બરકતોનો એના અર્થને સમજવામાં તથા એના પર અમલ કરવામાં આવે છે.**

આપણો દાવો છે કે કુર્આને કરીમ આપણો દસ્તૂર (જીવન બંધારણ), આદેશ પણ છે, પણ આ દાવો એ જ સમયે સાચો સાબિત થશે જયારે આપણે કુર્આનથી ફાયદો ઉઠાવવાના લાયક બની જઈશું અને તેના અર્થને અમલમાં લાવવાની કોશિશ કરીશું.

શાઈરે મશ્રિક ડો. ઈક્બાલ કહે છે :–

**તુઝે કિતાબ સે મુમ્કિન નહીં ફરાગ કે તૂ**
**કિતાબ ખ્વાં હૈ મગર સાહિબે કિતાબ નહીં**

અહીંયાં સાહિબે કિતાબ અસલમાં કુર્આનનો અમલી અને સર્જનાત્મક અંદાઝ છે. ડો. ઈકબાલે આ પંક્તિમાં પ્રગતિ તથા વિકાસનાં રહસ્યો આપણે હવાલે કરી દીધાં છે. પ્રગતિ પાછળ કિતાબ જ હોય છે અને કામયાબ વ્યક્તિ કિતાબખ્વાં (કિતાબ પઢવાવાળો) નહીં પરંતુ સાહિબે કિતાબ Adsorb (મહેસૂસ) કરનાર થઈ શકે છે. અને એ જ કામયાબીનું પ્રથમ પગથિયુ છે. અલ્લાહ તઆલા આપણને કિતાબખ્વાની (વાંચન) કરતાં વધારે સાહિબે કિતાબ થવાની (સમજવાની, અમલ કરવાની) તૌફીક અતા ફર્માવે. (આમીન)

–*(મંથલી સુન્ની દા'વતે ઈસ્લામી, માર્ચ–૨૦૧૪)*

**શાદી મુબારક !**

**દયાદરા** : ખાતે તા. ૧૭–૫–૨૦૧૪ શનિવારના રોજ જનાબ અબ્દુલ દાઉદ ભાની નેક દુખ્તર તસ્લીમાબાનુના નિકાહ ટંકારીઆ નિવાસી મૌલાના અબ્દુલ્લાહ બરીયાના નેક ફરઝંદ ઈમરાન સાથે અકુજી હોલ દયાદરામાં રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# શબે બરાતમાં ઈબાદત પર દેવબંદીઓના વાંધાનો જવાબ

રજૂકર્તા : **હઝરત મુફ્તી મુઝમ્મિલ બરકાતી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

કંથારીયા તથા જંબુસર (જિ. ભરૂચ)ના વહાબી દેવબંદીઓના કહેવાતા બે મુફતીઓના થકી બહાર પડેલ પરચામાં શાબાનની ઈબાદતો વિશે વસવસા પેદા કરતુ લખાણ છપાયું, જેના સંબંધે અમુક ઠેકાણેથી ફોન આવ્યા તથા પરચો પણ મળ્યો. અસલમાં વહાબી દેવબંદી કાફિર મુર્તદ છે જેમ કે શીઆ, રાફઝી, ખારજી, ક઼ાદયાની વગેરે. શીઆ તથા
૬ ક઼ાદયાનીના પરચાને આપણે નજરમાં નથી લાવતા કેમ કે તેઓનો મઝહબ ઈસ્લામથી અલગ કુફ્રી છે તેમ આ વહાબીના પરચાની પણ નોંધ ન લેવી જોઈએ. આ ધોકાબાઝો લોકોને છેતરવા પોતાને અહલે સુન્નત તથા હનફી જણાવે છે, જ્યારે કે એમના અક઼ીદા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના અક઼ીદાથી વિપરિત છે. તો એમના ધોકાથી સુન્ની પબ્લિક બચે જેથી જ એ શૈતાન જેમ વસવસા ઉભા કરનારા દેવબંદીઓના પરચાની વાતોનો રદિયો અત્રે રજૂ કરીએ છીએ.

દેવબંદીઓ લખે છે કે :–

**વસવસો નં. ૧ :** ૧૫ મી શાબાનની રાત્રે મસ્જિદમાં ઈબાદત માટે ભેગા ન થવું બલ્કે ઘરમાં નફ્લ પઢવી.

**વસવસો નં. ૨ :** કોઈપણ દિવસે હલ્વો વગેરે બનાવવું જાઈઝ પણ ૧૫ શાબાને એને બનાવવાથી શું સંબંધ છે? (વળી હલ્વાને કોઈ સુન્ની જરૂરી નથી સમજતો, ગમે તે ચીજના ફાતિહા આપી શકાય છે છતાં દેવબંદી લખે છે કે :) હલ્વાને જરૂરી સમજવું બિદઅત છે.

**વસવસો નં. ૩ :** શબે બરાતમાં ક઼બ્રસ્તાને હુઝૂર صلی اللہ علیہ وسلم એકવાર જીવનમાં ગયા હતા જેથી આપણે જીવનમાં એક જ વાર જવું !

**વસવસો નં. ૪ :** શબે બરાતના રોજ મુડદાંઓની રૂહો ઘરે આવે છે, એ વાતનું કોઈ મૂળ નથી.

**વસવસો નં. ૫ :** શબે બરાતમાં ઘરોની સાફસફાઈ કરવી, સજાવવું, ક઼બ્રસ્તાન તથા મસ્જિદોને શણગારવી એ હુઝૂર તથા સહાબા તથા અવલિયાથી સાબિત નથી જેથી બિદઅત છે, એનાથી દૂર રહેવું.... વગેરે વાતોનો કુર્આન હદીષથી રદિયો અત્રે વાંચી શેતાનોના વસવસાને ભગાડશો અને દેવબંદીઓ પોતે કેટલી બિદઅતો પાલવે છે તે પણ જોતા ચાલશો !

અસલમાં એવું છે કે મુસલમાનની બખ્શિશનું કામ થાય તેમાં સૌથી વિશેષ નારાજ કોઈ થતુ હોય તો તે "શૈતાન" છે ! જેથી તેના ચેલાઓ પણ શબે બરાતમાં થતાં મગફેરતનાં કામોથી સળગી મરે છે જેથી આવા વસવસા શૈતાનને અનુસરીને ઉભા કરે છે.

–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

---

ઈતિહાસ સાક્ષી છે કે "અંગ્રેજોની પૈદાશ વહાબિયત દેવબંદિયત"નો જન્મ મુસલમાનોમાં ફાટફૂટ તથા ઝઘડા ઉભા કરાવવા માટે થયેલો છે જેથી જ નબી વલીની તા'ઝીમનો પ્રશ્ન હોય કે પછી કોઈ પણ મુસ્લિમ તહેવાર આવે, ચાહે ઈદો વખતે, ચાંદ વખતે કે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم મનાવવા બાબતે કે શબે મેઅરાજ, શબે બરાત વગેરે વખતે બોગસ દલીલો કરીને મુસલમાનોમાં વિવાદ પેદા કરવાની વૃત્તિ અંગ્રેજ આક઼ાઓ થકી તેમને મળેલ છે જેને તેઓ નિભાવી રહ્યા છે. એ જ ચીલે ચાલીને હાલમાં શાબાન

મહિનો શરૂ થતાં જ આ શૈતાનો હરકતમાં આવ્યા અને કંથારીયા તથા જંબુસરથી એક પરચો ૧૫ શાબાનની ઈબાદતોના વિરુદ્ધમાં બહાર પાડયો. જેની ગુમરાહીનું પ્રદૂષણ દૂર કરવા આ લખાણ અમો રજૂ કરીએ છીએ :–

**(૧)** દરેક મુસલમાન સમજે છે કે ફર્ઝ એ ફર્ઝ છે અને તેનો દરજો સૌથી વિશેષ છે જેથી જ તો તેના છૂટવા પર કઝા કરવા અનિવાર્ય છે, જ્યારે નફ્લની કઝા નથી. પણ શું નફ્લ ઈબાદતોનો ઈસ્લામમાં હુકમ નથી ? નફ્લ પઢવાથી ગુનોહ થશે ?! વળી ઘરે અફઝલ છે તો શું મસ્જિદમાં નફ્લ પઢવી નાજાઈઝ તથા હરામ છે ? કે દેવબંદીઓ તેની મના કરે છે ?! વળી ફર્ઝ પછી સુન્નતે ગૈર મોઅક્કદા તથા મોઅક્કદા પણ ઘરે પઢવી અફઝલ છે તો દરરોજ દરેક નમાઝો તમે કેમ મસ્જિદમાં પઢો છો ? એ પણ ન પઢો ! વળી મગરિબ પછી છ રકાત નફ્લ સલાતુલ અવ્વાબીન તો મસ્જિદમાં રોજ પઢવા વિશે હદીષ છે, તો ૧૫ શાબાને પઢવી ક્યાંથી મના થઈ જશે ?! જ્યારે ઈસ્લામે મસ્જિદમાં નફ્લ પઢવું મના નથી કર્યું તો આ મનાઈની બિદઅત દેવલોકો તમે કેમ કાઢી ? શું આ મના કરવું બિદઅત નથી ?!

વળી હરમ શરીફમાં "એક નેકી એક લાખ નેકી છે." તો શું હરમમાં બે રકાત નફ્લ પઢવાથી બે લાખ રકાત નફ્લનો સવાબ નહીં મળે ?! તો પછી ત્યાં પણ તમે ઘરે પઢવાનો આગ્રહ શા માટે કરો છો ! શું તમારી બુદ્ધિને તાળાં વાગી ગયાં છે ?!

વળી અલ્લાહ તઆલાએ આખા વર્ષમાં અમુક રાતો એવી પણ રાખેલી છે જેમાં એ પોતાના બંદાઓ પર ખાસ ફઝલો કરમ ફર્માવે છે. શબે બરાત પણ આવી જ મુબારક રાતોમાંની એક છે. એટલા માટે જ મુસલમાનો અને આપણા બુઝુર્ગો પહેલાંથી જ આ રાતમાં ખાસ કરીને ઈબાદતો કરે છે અને અલ્લાહ તઆલાને રાજી કરવાની કોશિશ કરે છે. હા ! ઈબાદતોના તરીકા અને પ્રકારો અલગ અલગ છે. ચાહે ઘરે પઢે ચાહે મસ્જિદમાં પઢે. એટલે જે મુસલમાન જે પ્રમાણે ઈબાદત કરે તે શરીઅતમાં જાઈઝ અને સહીહ છે અને તેને સવાબ મળે છે.

**(૧)** પંદરમી શાબાનની રાતમાં મગરિબની નમાઝ પછી મસ્જિદમાં છ રકઅત અમુક ખાસ ખાસ નિય્યતોથી પઢવાનો જે મુસલમાનોમાં રિવાજ છે તે પણ જાઈઝ છે. અને આ બાબતમાં શરીઅત તરફથી કોઈ મનાઈ આવી નથી. અને એ વાત તદ્દન ખોટી છે કે આરબ દેશોમાં આવો રિવાજ નથી, બલ્કે લગભગ અરબ દેશોમાં આનો રિવાજ હતો અને છે, ત્યાં સુધી કે અરબના મહાન આલિમોએ આ વિષય પર કિતાબો લખેલી છે અને સાબિત કરેલું છે કે આ રિવાજ બિલકુલ દુરુસ્ત છે. જેમ કે અલ્લામા સૈયદ મુહમ્મદ બિન અલવી માલિકી હસનીની કિતાબ "માઝા યુત્લબુ ફી શાબાન" અને સૈયદ મુસ્તફા અબ્બાસ હુસૈનીની કિતાબ "લૈલતુલ નિસ્ફે શાબાન" હા ! હાલની સઊદી, વહાબી નજદી ગવર્નમેન્ટ નથી કરતી, બલ્કે આ રાતની ફઝીલતનો પણ ઈન્કાર કરે છે. દેવબંદી અને જમાતીઓના સૌથી મોટા આલિમ "ઈબ્ને તૈમિયહ"ને શબે બરાતની નમાઝ વિશે પૂછવામાં આવ્યું તો તેણે પણ આ પ્રમાણે જવાબ આપ્યો કે ઈન્સાન આ રાતમાં એકલો નમાઝ પઢે કે પછી મસ્જિદમાં જમાઅતની સાથે, જેમ કે આપણા બુઝુર્ગોની એક જમાઅતનો આ તરીકો રહ્યો છે, બંને બેહતર છે. *(મજમઉલ ફતાવા, ૨૩/૧૩૧)* એણે તો જમાઅત સાથે પઢવાની પણ છૂટ આપી !

દેવબંદીઓ પણ જેમને માને છે તે **હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જેમણે આ રાતોની નમાઝો વિશે જે હદીષો પર ટીકા કરી છે અને તેમાં જે અતિશયોક્તિ કરી છે, તેના પર મને અચરજ છે ! કેમ કે આ નમાઝો આપણા પાયાના બુઝુર્ગો અને મહાન આલિમોના અમલથી સાબિત છે. *(મા ષબત બિસ્સુન્નહ)*

અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે શબે બરાતની નમાઝ મસ્જિદમાં ભેગા થઈને પઢવાનો લગભગ ઈસ્લામી શહેરોમાં રિવાજ હતો અને જે મુતાખ્ખિરીનની જમાઅતે ઈન્કાર કર્યો છે તે એ દષ્ટિએ છે કે પબ્લિક તેને સુન્નત ન સમજી બેસે. અને અમુક લોકો જે ઈન્કારમાં હદથી આગળ વધી ગયા છે તેમનો ઈન્કાર વિશ્વસનીય નથી. *(ફતાવા રઝવિય્યહ્, ૩/૪૬૫)*

**(૩)** આ રાતમાં સારામાં સારુ પકવાન પકાવવું, ખાવું અને મુસલમાનોમાં વહેચવું જાઈઝ છે, તથા ઘરવાળાઓ અને મુસલમાનોના દિલ ખુશ કરવાની નિય્યતથી નેકી અને સવાબનું કામ છે. જેમ કે દાળ ગોશ્ત વર્ષમાં ગમે ત્યારે પણ પકાવવું જાઈઝ છે, તો ખાસ શાદીના દિવસે પણ દાળ ગોશ્ત પકાવવું જાઈઝ છે. હવે જો એવું પૂછવામાં આવે કે ખાસ શાદીમાં દાળ ગોશ્ત બનાવવું આ તો બિદઅત છે ! તો એનો જવાબ તબ્લીગી જમાઅત શું આપશે ? આવી જ રીતે જ્યારે વર્ષમાં કોઈ પણ દિવસે ખીર, ખુર્મો, સેવ, હલ્વો, કુલ્કાપુરી અને ખીચડો બનાવવો જાઈઝ છે તો ઈદના દિવસે ખીર–ખુર્મો તથા સેવ અને શબે બરાતમાં હલ્વો તથા કુલ્કાપુરી અને મુહર્રમમાં ખીચડો બનાવવો જાઈઝ છે. ખૂદ સુન્નીઓ અને જમાઅતીઓના મુસલ્લમ બુઝુર્ગ હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ પોતાના મલ્ફૂઝાતમાં કહેલું છે કે, હિંદુસ્તાનમેં શબે બરાત કી રોટી ઔર હલવા પર ફાતિહા દિલાને કા દસ્તૂર (રિવાજ) હૈ ઔર સમરકંદ વ બુખારા મેં ''કત્લમા'' પર જો એક મીઠા ખાના હૈ.'' અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે : ''તમે ફર્માવો કહો તો જરા, તે જ અલ્લાહે તમારા માટે રોજી ઉતારી, તેમાં તમે તમારા તરફથી હરામ અને હલાલ ઠરાવી લીધું ? તમે ફર્માવો, શું અલ્લાહે તેમને એની પરવાનગી આપી ? કે પછી અલ્લાહ પર અસત્ય ઠોકી બેસાડો છો ?'' *(સૂરએ યૂનુસ–૫૯)*

**(૪)** આ મહિનામાં હુઝૂર صلی اللہ علیہ وسلم અધિક્તર રોઝા રાખતા હતા જેથી આ મહિનાનો દરેક રોઝો અફઝલ છે, પણ પંદરમી શાબાનનો રોઝો એમાં સૌથી અફઝલ અને બરકતવાળો છે.

ખૂદ હદીષે પાકથી આ રોઝાની ફઝીલત સાબિત છે. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જ્યારે શાબાન મહિનાની પંદરમી રાત આવે તો રાત્રે અલ્લાહની ઈબાદત કરો અને દિવસે રોઝા રાખો. કેમ કે, અલ્લાહ તઆલા ગુરૂબે આફતાબથી આસ્માને દુનિયા પર પોતાની તજલ્લી ફર્માવે છે અને એલાન કરે છે કે, છે કોઈ મગફિરત કરનાર કે એની મગફેરત કરું ! છે કોઈ રોઝી માંગનાર ! કે એને રોઝી આપું. છે કોઈ મુસીબતમાં ગિરફતાર કે એને આફિયત આપું. છે કોઈ એવો, છે કોઈ તેવો ! આ એલાન આખી રાત થતુ જ રહે છે ત્યાં સુધી કે સૂરજ તુલૂઅ થઈ જાય છે.'' *(મિશ્કાત શરીફ, ૧૧૫, ઈબ્ને માજા : ૧૦૦)* એટલે, પંદરમીની શાબાનનો રોઝો બને ત્યાં સુધી રાખવો જોઈએ.

**(૫)** આ રાતમાં કબ્રસ્તાન જવું અને ફાતિહા પઢવું હદીષે પાકથી સાબિત છે. માટે, શક્ય હોય તો શબે બરાતમાં કબ્રસ્તાન જવું જોઈએ. હા ! એ કોઈ ફર્ઝ કે વાજિબ અમલ નથી. અને જે લોકો જાય છે તે પણ આ કામને ફર્ઝ નથી સમજતા ! બસ, હદીષથી સાબિત છે અને સુન્નત છે, એ દષ્ટિએ તેઓ જાય છે અને બીજી હદીષોમાં પણ હુઝૂરે ઝિયારતે કુબૂરની ઈજાઝત અતા ફર્માવી છે, જેમાં કોઈ કૈદ નથી કે એકવાર જાવ, બે વાર અથવા આ રાતમાં જાવ, તે રાતમાં ન જાવ ! જેથી એમ કહેવું કે એક જ વાર જિંદગીમાં જાવ તો દુરુસ્ત છે, એ વાત તદ્દન ખોટી તથા બુદ્ધિ વગરની છે. એનો મતલબ તો એ થયો કે જે કામ, હુઝૂરે જેટલીવાર કરેલ છે, એટલીવાર જ કરવું જોઈએ ! એનાથી વધુ ન કરવું જોઈએ. તો **હુઝૂરે તો એક જ વાર હજ્જ કરેલ છે અને**

**ચાર વખત ઉમરા કરેલા છે, તો શું તમો એમાં પણ એવું જ કહેશો કે એકથી વધુવાર હજ્જ અને ચારવારથી વધુ ઉમરા નાદુરૂસ્ત છે ?!** બીજુ એ કે હે દેવબંદીઓ ! તમે આખી લિસ્ટ બનાવો કે કયો અમલ હુઝૂર ﷺએ જિંદગીમાં કેટલી વાર કર્યો છે ? અને પછી કહો કે એટલી જ વાર આ અમલ દુરુસ્ત છે ! પછી જુઓ તમારી હાલત કેવી થાય છે ?!

**(૬)** આ રાતમાં મુડદાઓની રૂહો પોતાના ઘરે આવે છે અને પોતાના સગા સંબંધીઓને સદકા અને ખૈરાત કરવા માટે કહે છે. હદીષમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે, "જબ ઈદ યા જુમ્આ યા આશૂરા કા દિન યા શબે બરાત હોતી હૈ તો મુર્દોં કી રૂહ અપને ઘરોં કે દરવાઝે પર આકર ખળી હોતી હૈ ઔર કહતી હૈ કે હૈ કોઈ જો હમેં યાદ કરેં ! હૈ કોઈ જો હમ પર તરસ (દયા) ખાએ ! હૈ કોઈ જો હમારી ગુર્બત કી યાદ દિલાયે."

અને બીજી રિવાયતમાં છે કે, "હર જુમ્આ કી રાત ઔર ઈદૈન (રમઝાન ઈદ અને બકરી ઈદ), આશૂરા કે દિન ઔર શબે બરાત મેં મો'મિનોં કી રૂહેં અપને ઘર આતી હૈં ઔર દરવાઝે પર ખળી હોકર બુલંદ વ ગમનાક આવાઝ મેં પુકારતી હૈ કે અય ઘરવાલો ! અય મેરે બચ્ચો ! ઔર મેરે રિશ્તેદારો ! આજ કુછ સદકા કર કે હમ પર મહબાની કરો ! અગર ઘરવાલે મૈયત કે લિયે કુછ સદકા નહીં કરતે તો મુર્દે હસરત (અફસોસ) કે સાથ વાપસ ચલે જાતે હૈં. *(કશ્ફુલ્ગ઼ીતા, ખિઝાબતુર્રવાયાત, ફતાવા ઈમામ નસફી, ફતાવા રઝવિય્યહ્, ૪/૨૩૧ થી ૨૩૫)*

એટલે આ રાતમાં પોતાની હૈસિયત પ્રમાણે સારું ખાવું બનાવીને પોતાના રિશ્તેદારોને ઈસાલે સવાબ કરવું જોઈએ.

અને જે લોકો ના કહે છે તે પણ બરાબર જ કહે છે ! કે તેમનો તે અક઼ીદો છે કે મૃત્યુ પામ્યા પછી ઈન્સાન માટી થઈ જાય છે. અને જ્યારે તેમના જેવા અક઼ીદાના લોકો મૃત્યુ પામી ગયા તો કેવી રીતે આવશે ? આવા અક઼ીદાવાળા જ્યારે બદ્મઝહબ છે તો કેવી રીતે આવશે ? કેમ કે દેવબંદીઓ પોતે જ લખે છે કે, "જે રૂહો ખરાબ છે તેને દુનિયામાં આવવાની પરવાનગી મળતી નથી." બાકી એ કે "નેકોની રૂહ દુનિયામાં આવવા નથી માગતી." આ વાત તદન જૂઠી છે. હદીષથી સાબિત છે કે મો'મિનની રૂહ જિસ્મથી જુદી થાય છે તો એ કેદી જેવું છે જે કેદખાનામાંથી છૂટીને જમીનમાં હરે, ફરે છે અને ફરાગતની સાથે આંટા ફેરા કરે છે. *(મુસ્નદે હંબલ, મોઅજમે કબીર)*

**(૭)** આ રાતમાં ઘરોને, મસ્જિદોને અને કબ્રસ્તાનને શણગારવું એ નિય્યતથી કે મુસલમાનો આ રાતની ફઝીલત સમજે, તેની તા'ઝીમ કરે અને ગૈરમુસ્લિમોની નજરોમાં આ રાતની શાનો શૌકત જાહેર થાય, જાઈઝ અને સવાબનું કામ છે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આન શરીફમાં ફર્માવે છે : "અને જે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે તો એ દિલોની પરહેઝગારીમાંથી છે." (સૂરએ હજ્જ—૩૨)

તેમજ ફર્માવ્યું : "અને જે અલ્લાહની સન્માન પાત્ર બાબતોની તા'ઝીમ કરશે તો એ તેના માટે તેના રબને ત્યાં સારું છે." *(સૂરએ હજ્જ—૩૦)* આવાં નેક કામોનું દષ્ટાંત એવું જ છે, જેમ કે :—

**(૧)** મુબારક વસ્તુઓ તથા કુર્આન શરીફને હુઝૂર ﷺ, સહાબા તથા અસ્લાફના જમાનામાં બાહ્ય દેખાવથી સુશોભિત કરવામાં આવતુ ન હતું, પણ એ જાઈઝ અને મુસ્તહબ કામ છે. દલીલ એ જ છે કે એમાં કલામે પાકની તા'ઝીમ અને તેની અદબ અધિકપણે (જાહેર થાય) છે. *(દુર્રે મુખ્તાર)*

**(૨)** એવી જ રીતે મસ્જિદોની સજાવટ, ખૂબસૂરતી, નક્શો, નિગાર અને સુશોભિત ડેકોરેશન હુઝૂર ﷺના જાહેરી જમાનામાં ન હતાં, બલ્કે હદીષમાં એને યહૂદીઓના ઈબાદતખાનાથી સરખાવેલ છે. *(અબૂ દાઊદ)*

પણ ત્યાર પછીના ઈમામોએ જાઈઝ હોવાનો હુકમ આપ્યો. *(રદ્દુલ મુહ્તાર, તબયીનલ્ હક઼ાઈક)* કારણ કે લોકોનાં ઘરો શાનદાર ઊંચાં ઊંચાં થવા

લાગ્યાં તો લોકો સાદી મસ્જિદને હલકી ન સમજે જેથી સંજોગો પ્રમાણે તેને પણ શાનવાળી બનાવવાની ઈજાઝત થઈ. એ જ પ્રમાણે જે રાતોમાં મસ્જિદ વગેરેને શણગારવામાં આવે એનાથી લોકોમાં પ્રદર્શિત થાય છે કે આજ કઈ મહત્વની રાત કે દિવસ છે.

**(૩)** તેવી જ રીતે મસ્જિદની ઉપર મીનારા બનાવવાનો રિવાજ હુઝૂર ﷺના જમાનમાં ન હતો, બલ્કે હદીષમાં તેનાથી મનાઈ આવી છે ! *(સુનને બયહકી, મુસન્નફે ઈબ્ને અબી શૈબહ)*

પણ આજે આખી દુનિયાના મુસલમાનોમાં તથા વહાબી દેવબંદીઓમાં પણ મીનારાનો રિવાજ છે ! તો એ જ પ્રમાણે આ રાતોમાં શણગારવાનો અને સજાવટ કરવાનો મસ્અલો છે : મૂળ વાત એ છે કે આપણા અસ્લાફનાં દિલો મુબારક વસ્તુઓ તથા મુબારક દિવસો અને રાતોની તા'ઝીમથી ભરેલાં હતાં, એમને બાહ્ય દેખાવની કશી જરૂર ન હતી, એટલે એમના જમાનામાં મુબારક દિવસો અને મુબારક ચીજોમાં સજાવટ અને બાહ્ય દેખાવ ન હતું, પણ જયારે જમાનો બદલાઈ ગયો અને અવામની નજરોમાં કોઈ પણ ચીજ વસ્તુનું મહત્વ તથા અઝમત તેની બાહ્ય શોભા તથા દેખાવથી થવા લાગી જેથી સમય સંજોગ પ્રમાણે આપણા ઈમામોએ ઉપર વર્ણન થયેલી મસ્જિદો, કુર્આન શરીફ તથા મુબારક દિવસોમાં સજાવટ તથા બાહ્ય દેખાવ (ડેકોરેશન) વગેરે બાબતો જાઈઝ તથા મુસ્તહબ હોવાનો ફત્વો આપ્યો. જવાહિરે અખ્લાતીમાં છે કે આ ભલે નવું કામ છે પણ આ સારી બિદઅત છે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તરાવીહ જમાઅતથી લોકોને પઢતા જોઈને ફર્માવ્યું, કેવી સારી બિદઅત છે ! *(મિશ્કાત શરીફ)*

હવે, જો કોઈ એવું કહે કે આ રાતમાં સજાવટ કરવું બિદઅત છે, તો એમને કહો કે પછી કુર્આન શરીફ તથા મસ્જિદોને નક્શીકામ, ડિઝાઈનિંગ, માર્બલ વગેરેના બાહ્ય દેખાવથી સુશોભિત કરવું તથા મસ્જિદોમાં મીનારા બનાવવા પણ બિદઅત છે. તો એને ઉતારી પાડો ! એના વિશે જે જવાબ તમારો હશે એ જ જવાબ આ રાતમાં શણગારવા બાબતે અમારો હશે.

## મદ્રસએ બરકાતે ગૌષે આ'ઝમ નજમુલ ઉલૂમ–બાસ્કા

**બાસ્કા** : (પ્રાથમિક સ્કૂલ સામે, તા. હાલોલ, જિ. પંચમહાલ) ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી"ની નિગરાનીમાં મઝકૂર મદ્રસાની સંગે બુન્યાદના મોકા પર તા. ૮–૫–૨૦૧૪ જુમેરાતના રોજ રાત્રે ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિરઅલી નૂરી સાહબે હાજરી આપી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ઈલ્મે દીનના અત્રે મર્કઝની જરૂરત હોય આ મદ્રસાનું બાંધકામ શરૂ થઈ ગયેલ છે જેમાં ગ્રાઉન્ડ ફલોરનો ખર્ચ લગભગ ૨૦ લાખ રૂા. છે તો સખીદાતાઓ લિલ્લાહ, ઝકાત, સદકા વગેરેથી અથવા રેતી, કપચી, સ્ટીલ, ઈંટો, સિમેન્ટ વગેરે પહોંચાડી ભરપુર સહકાર કરે એવી અપીલ છે. **A/c. No. : 33332537341 (SBI)** (સંપર્ક કરો : સુલ્તાન રઝા, મો.૯૮૨૫૯૭૯૨૭૪ અથવા પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી ૯૪૨૭૪૬૪૪૧૧)

**અમારૂં અવલોકન**

SMS કે ફોન કરી મફત મંગાવો !

કિતાબ : **વેપારનું મહત્વ અને તેના નિયમો** (પેજીસ : ૭૨)

સંપાદક : મૌલાના ઈલ્યાસખાન નૂરી–રતનપૂર

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

આજકાલ વેપારમાં સામાન્યતઃ વેપારી વર્ગ જૂઠ, બનાવટ, માપતોલમાં કમી, હલકો માલ ગ્રાહકને થમાવવાનું વગેરે કામોને હોશિયારી સમજે છે. ઈલ્લા માશાઅલ્લાહ ! તો પ્રસ્તુત કિતાબ સર્વ લોકો અને ખાસ વેપારીઓ જરૂરથી વાંચે અને ઈસ્લામી ઢબથી વેપાર કઈ રીતે થશે ? અને કયા વેપારમાં બરકત છે તેને સમજાવતી લાજવાબ કિતાબ આજે જ મફત મંગાવો. લેખક–પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ ! જઝાકલ્લાહ ! –*તંત્રી*

## બરકાતે ખ્વાજાની ટપાલ કાર્યાલય

### શાદીખાના આબાદી !

**બાસ્કા** : (તા. હાલોલ) ખાતે મકરાણી હાજી સાદાતઅલી શમ્સુદીનના નેક ફરઝંદ ઈમદાદઅલીની દુખ્તરે નેક અખ્તર યાસ્મીનબાનુની શાદી સોખડા નિવાસી મહેમૂદ હાજી કાસમ શેખના નેક ફરઝંદ હસન સાથે તા. ૨૪–૫–૨૦૧૪ શનિવારે થઈ. જે નિમિત્તે નઅતો બયાનની મહેફિલ ૨૨–૫–૨૦૧૪ જુમેરાતે ઈશાબાદ રાખેલી જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો જનાબ સુલ્તાન રઝા બળોદવીની તેમજ જનાબ મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહીએ નઅત તથા બયાનથી માહોલને નૂરાની બનાવ્યો હતો. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : તા. ૨૯–૫–૨૦૧૪ જુમેરાતના રોજ જંબુસરના રહેવાસી અને ''બરકાતે ખ્વાજા'' (માસિકના ગ્રાહક) મેહમૂદ આ'ઝમ મલેકના ફરઝંદ મુહમ્મદશોએબના નિકાહ જંબુસરના ખાલિદ રશીદ શૈખની નેક દુખ્તર ફૈઝાના સાથે થયા હતા. જેની ખુશીમાં અને આવનારી જિંદગીમાં ખૈરો બરકત તથા કામયાબીની દુઆઓની તલબ સાથે રૂા. ૫૦૦/– હદિયા પેટે આપ્યા છે. (જઝાકલ્લાહ ! શાદી મુબારક ! રબ તઆલા જોડાને સદા ખુશ તથા આબાદ રાખે. આમીન *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મુંબઈ** : ખાતે જનાબ હાજી આરિફ બાબલાની નેક દુખ્તર હજીયાણી મદીહાના નિકાહ તા. ૧૦–૫–૨૦૧૪, ૧૦–રજબ હિ.સ. ૧૪૩૫ શનિવારે મગરિબ બાદ જનાબ હાજી ઈકબાલ દરવેશના નેક ફરઝંદ મુઝમ્મિલ સાથે શાનો શૌકતથી રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન તથા બાબલા ફેમેલી તેમજ દરવેશ ફેમેલીના સભ્યોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**બિકાનેર** : જનાબ મોલ્વી મુહમ્મદ જફરઅલી બરડા (બિકાનેર)ના નેક ફરઝંદ અને મશ્હૂર મઅરૂફ કારી જનાબ કારી રિયાઝુદ્દીન (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી)ના નિકાહ રઉફુદ્દીનની નેક દુખ્તર આફરિન બેગમ સાથે પરભની (મહારાષ્ટ્ર) ખાતે તા. ૨૧–૪–૨૦૧૪ના રોજ થયા તેમજ તેમની બે બહેનો બતૂલબાનુ તથા મકબૂલાબાનુના નિકાહ ક્રમશઃ મુહમ્મદ અઝહરુદ્દીન તથા હૈદરઅલી સાથે બિકાનેર (રાજ.) ખાતે તા. ૩–૫–૨૦૧૪ના રોજ થયા. સર્વ જોડાંને તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સૌને ખુશ રાખે, આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ઈન્તેકાલ પુરમલાલ !

**દયાદરા** : મુકામે તા. ૭/૬/૨૦૧૪ શનિવારના રોજ ઈબ્રાહીમશાહ કાસમશાહ દિવાનનો ઈન્તેકાલ ૮૨ વર્ષની વયે થઈ ગયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે ૨૫/૫/૨૦૧૪ રવિવારના રોજ જુબૈદાબેન અલી બોરડીવાલાનો ૫૪ વર્ષની વયે ઈન્તેકાલ થઈ ગયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી :*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

## :: દુઆએ રમઝાન બઅદ તરાવીહ ::

યા ઈલાહી રોનકે ઈસ્લામ કે સામાન પૈદા કર
મુસલમાનોં કે દિલોં મેં કુવ્વતે ઈમાન પૈદા કર
મુસલમાનોં કી હાલત દીગર ગૂં હોતી જાતી હૈ
જહાં મેં ફિર હઝરત અબૂબકર સિદ્દીક઼ સા ઈન્સાન પૈદા કર
ઈલાહી મિટા જા રહા હૈ ઈન્સાફ દુન્યા સે
જહાં મેં ફિર હઝરત ઉમર ફારૂક઼ સા આદિલ ઈન્સાન પૈદા કર
હો જિસ કે દિલમેં હુબ્બે દીન પાક કુર્આન સે
જહાં મેં ફિર હઝરત ઉષ્માનસા હાફિઝે કુર્આં પૈદા કર
બજે ચારોં તરફ ડંકા ફિર ઈસ્લામ કા ઝમાનેમેં
જહાં મેં ફિર હઝરત અલી જૈસા ઈન્સાન પૈદા કર
ઈલાહી તમન્ના હૈ કોઈ સૂરત સે પહોંચ જાયેં મક્કા મદીનામેં
દુઆ મક઼બૂલ હોને કા કોઈ સામાન પૈદા કર

*(રજૂકર્તા : હાફેઝ ઐયૂબ સાહબ મોટલી–દયાદરા)*


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે
૩ × ૨ લક્ઝરી બસ દ્વારા

**પ્રવાસના સ્થળો :** બોમ્બે, ગેટ વે ઓફ ઈન્ડિયા, ચોપાટી, હાજીઅલી, મખ્દુમશા બાવા (માહિમ), હાજી મલંગ, એસ્સેબેલ વર્લ્ડ, બાબાગોર (ઝઘડીયા) પરત ધોળકા

**પ્રવાસ : ૧**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૨,૭૫૧/– | રૂા. ૧,૪૦૧/– | ૦૬ |

બસ ઉપડવાની તા. : ૩૧/૦૭/૨૦૧૪ ગુરૂવારે બપોરે ૧.૦૦ કલાકે

**પ્રવાસ : ૨** — સ્પે. ગોવા મહાબળેશ્વર, બોમ્બે પ્રવાસ

ઔરંગાબાદ, પણજી (ગોવા), મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, બોમ્બે, ગેટ વે ઓફ ઈન્ડિયા, ચોપાટી, હાજીઅલી, મખ્દુમશાબાવા (માહિમ), હાજી મલંગ, બાબાગોર (ઝઘડીયા)થી પરત ધોળકા)

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૭૦૦૧/– | રૂા. ૪૦૦૧/– | ૧૨ |

બસ ઉપડવાનું સ્થળ : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**બસ ઉપડવાની તા. : ૫–૧૧–૨૦૧૪ રાત્રે : ૧૦.૦૦ વાગ્યે**

**નોંધ :** **૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૨૫૦/– મુસાફરના શીરે રહેશે. **૨.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે, એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે.

Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨ ૪૫૧૨૨

## ★ ગોધરામાં મસ્જિદે ઈમામ અહમદ રઝાની સંગે બુન્યાદ ! ★

**ગોધરા** : તા. ૭–૫–૨૦૧૪ના રોજ ગોધરા ખાતે અમન સોસાયટી, રેલ્વે કવાર્ટર્સ પાસે જનાબ હાજી ઈબ્રાહીમભાઈ જીવા દયાદરવી સાહબે જે મસ્જિદ ઈમામ અહમદ રઝા માટે જમીન અપાવી હતી ત્યાં શાનો શૌકતથી મક઼ામી ઉલમા હુફ્ફાઝ તથા કાર્યકતાઓ ઉપરાંત પેટલાદથી હઝરત મુફતી મુહમ્મદકલીમ અશરફ મિસ્બાહી, પીરઝાદા મક઼સૂદ આલમ બરકાતી તેમજ આક઼િબખાન બરકાતી તથા દયાદરાથી પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ : ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા) વગેરેની હાજરીમાં ખૂબ જ ખુશ્નુમા માહોલમાં સંગે બુન્યાદ રાખવામાં આવી હતી. મસ્જિદનું કામ જોર શોરમાં ચાલી રહ્યું છે. તો સખીદાતાઓ અનેક દેવબંદી મસ્જિદો વચ્ચે ''મસ્લકે આ'લા હઝરત''નો પરચમ બુલંદ કરતી આ મસ્જિદના બાંધકામના નેક કાર્યમાં જરૂરથી **ભરપુર સહકાર કરે તેવી અપીલ** છે. સંપર્ક કરો : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## ★ ભરૂચ ગુલશને અજમેરમાં જશ્ને દસ્તારબંદી ★

**ભરૂચ** : તા. ૭–૬–૨૦૧૪ શનિવારે ઈશાની નમાઝ બાદ દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ (બાવા રયહાન દરગાહ પાસે) ખાતે હાફિઝ, ક઼ારી તરીકે ફારિગ થનાર તલબાની દસ્તારબંદીનો ભવ્ય જલસો ઉસ્તાઝુલ હુફ્ફાઝ હઝરત મૌલાના હાફિઝ ક઼ારી ઈબ્રાહીમ કાપોદ્રાવાળા સાહબની સદારતમાં તથા હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલીની નિઝામત હેઠળ વિવિધ ઉલમા, હુફ્ફાઝની હાજરીમાં યોજાયો જેમાં દારુલ ઉલૂમના તલબાએ શાનદાર રીતે નઅત તથા બયાનો કર્યાં હતાં. જનાબ ક઼ારી મકસૂદ કાવીવાળાએ આ'લા હઝરતની લખેલ નઅત પઢી મજમાને ઝુમાવી દીધો હતો. છેવટમાં ખતીબે શીરીં બયાં જનાબ મૌલાના હબીબુલ્લાહ વસોવાળા સાહબે સુન્ની એકતા સંબંધે બોધદાયક બયાન કર્યું હતું તથા ફારિગ થનાર તલબાને પણ સુન્ની સંગઠન સાચવવાની નસીહત કરી હતી. ઉલમા સાદાતના હસ્તે૧૦–હાફિઝ, ૦૨–ક઼ારી સાહબોની દસ્તારબંદી કરવામાં આવી હતી.

## ★ ખોજબલમાં જશ્ને ગરીબ નવાઝ ★

**ખોજબલ** : (તા. વાગરા) ખાતે તા. ૧–૫–૨૦૧૪ જુમેરાતે ઈશાની નમાઝ બાદ અબ્બાસભાઈ ખોજબલવાળાના મર્હૂમ વાલિદ સાહબની વરસીના મોકા પર સવાબ અર્થે જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં મશહૂર વ મક઼બૂલ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)એ શાને ખ્વાજામાં ઈમાન અફરોઝ, બોધદાયક બયાન કરી મજમામાં હાજરજનોનાં ઈમાન તાજાં કરી દીધાં હતાં. આ પ્રસંગે જનાબ અબ્બાસભાઈ તરફથી રૂા. ૫૦૦/– મર્હૂમ વાલિદના સવાબ અથે મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં તેમની આ સર્વ નેકીઓ ક઼બૂલ કરે અન મર્હૂમની મગફેરત ફમાવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ દારુલ ઉલૂમ ફયઝાને અવલિયા ★

**જંબુસર** : ખાતે મઝકૂર ઈદારાની સ્થાપ્ના બે વરસથી ભાડાના મકાનમાં કરવામાં આવી છે જેમાં હિફ્ઝો કિરાઅતની તા'લીમ ચાલુ છે, સાથોસાથ સ્કૂલની તા'લીમની પણ જોગવાઈ છે. જરૂરત જોતાં એક વિશાળ જમીન ઈદારાના બાંધકામ માટે નવ્વાણુ લાખમાં ખરીદવામાં આવી છે જેના **૮૬ લાખ** ચૂકવવાના બાકી છે સખીદાતાઓને વિનંતિ કે આ કામે **લિલ્લાહ, ઝકાત, સદક઼ા વગેરેની સહાય કરી** કામને પરિપૂર્ણ કરવા જરૂરથી સહાય કરે. સંપર્ક કરો : **દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા એજ્યુ. એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,** રોયલ પાર્ક સોસાયટી, ચાંદપીર દરગાહ સામે, જંબુસર, જિ. ભરૂચ

ફોન નં. : **9723194491, 7623097440 (BOB A/c. No. : 02220100022946)**

## ★ જામિઆ મદીનતુલ ઉલૂમ–રતનપૂર ★

**રતનપુર :** ઠે. હાઈવે પાસે (જિ. ખેડા, તા. માતર) તથા જામિઅતુસ્સાલિહાત (છોકરીઓ માટે) રતનપુર ખાતે ચાલે છે જેમાં હાલ ૩૦૦ છોકરા, ૪૦ છોકરીઓ દીની દુન્યવી તા'લીમ પામી રહ્યાં છે. ખાસ જરૂરતમાં હાલ બોઈઝ હોસ્ટેલ બિલ્ડિંગ, ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડિંગ, બોઈઝ કલાસ રૂમ માળ–ર બાકી છે. લાઈબ્રેરી, ડાઈનિંગ હોલ, સ્કૂલ બિલ્ડિંગ કામ ચાલે છે. રેગ્યુલર માસિક ખર્ચ ૮ લાખ થાય છે. મઝકૂર ઈદારો જનાબ મુફતી હાફિઝ અશરફ સાહબ બરકાતી (પોરબંદરવાળા)ની સરપરસ્તીમાં નૂરી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ થકી ચાલે છે. તો સખીદાતાઓ ઉપરોક્ત સરનામે **ભરપુર સહાય કરે** તેવી અપીલ છે.

**સંપર્ક કરો** : મુફતી હાફિઝ અશરફ સાહબ, **Mobile No. : 9879325786**

## ★ થામમાં ૪૫મો વાર્ષિક જલસો ★

**થામ :** દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ ખાતે પીર હઝરત મૌલાના સૈયદ કમરુદ્દીનબાવા કાંરટવી સાહબની સદારતમાં તથા અન્ય સાદાતોની કયાદત, હિમાયત, ઈનાયત હેઠળ શાનદાર વાર્ષિક જલસો તા. ૮–૬–૨૦૧૪ રવિવારે સવારના ૯ થી ૧૨માં યોજાયો જેમાં મુફતીએ મહારાષ્ટ્ર હઝરત મુફતી મુજીબ અશરફ સાહબ–નાગપુર તથા હઝરત મુફતી હાફિઝ અશ્રફ (પોરબંદરવાળા) સાહબનાં ઈમાન અફરોઝ બયાનો થયાં. સાદાત તથા ઉલમાના મુબારક હાથો વડે ૮–હાફિઝો, ૩–ઈમામોની દસ્તારબંદી થઈ. તેમજ જામિઆ સિદ્દીકા અલ્બનાતમાં ફારિગ થનાર ૧૮–ફાઝિલાઓ, ૪૦–આલિમાઓ, ૩૫–સીવર્ણવર્ગ કરનાર બહેનોને બહેનોના જલસામાં આલિમા સુમૈયા મુશ્તાક પટેલ (સૂરતવાળા) તથા મકામી આલિમાઓ તેમજ મરયમબેન દાઉદ ગોરજીની હાજરીમાં સનદો આપવામાં આવી હતી.

**દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ઠે. રયહાન નગર, બાવા રયહાન દરગાહ પાસે ભરૂચની ધરતી પર વર્ષોથી ચાલી રહેલા સુન્ની ઈદારામાં હાફિઝ, કારી આલિમની સાથો સાથે કોમ્પ્યુટરની તા'લીમ પણ આપવામાં આવે છે તો આપના આ ઈદારાને લિલ્લાહ ઝકાત, સદકા, ખયરાત, ન્યાઝ....વગેરે આપી અપાવી સહકાર કરશો એવી અપીલ છે.

ફોન : ૦૨૬૪૨–૨૫૫૭૦૮, મોબાઈલ : ૯૮૨૪૧ ૩૬૨૫૭

**અમારું અવલોકન**

કિતાબ : **સનાતન ધર્મ ઈસ્લામની સચ્ચાઈને ઓળખો !**

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક), પેજીસ : ૨૪

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦

વર્તમાન સમયમાં હિંદુવાદી તત્વો જેવાં કે **RSS**, વિહિપ વગેરે મોલેસલામ ગરાસીયા તથા અન્ય મુસલમાનોને હિંદુમાં કન્વર્ટ કરવા અવનવા તુક્કા રજૂ કરી, ઠેકઠેકાણે પ્રોગ્રામો કરે છે. તો એમની આ ભ્રામક પ્રવૃત્તિથી મુસ્લિમો અણમોલ દૌલત ઈમાન ન ગુમાવી બેસે અને જહન્નમમાં ન લપસી પડે એના માટે આ કિતાબ સંપાદિત થયેલી છે, જેમાં ઈસ્લામ ક્યારથી છે અને કેવી રીતે ફેલાયો, શાથી લોકોએ સ્વીકાર્યો, તથા ભેળસેળિયા ધર્મવાળા બનવાથી તથા ગૈર ધર્મની ધાર્મિક બાબતો પાળવાથી ઈમાન નાશ પામે છે....વગેરે દીને ઈસ્લામ પર મજબૂત કરતી બાબતો રજૂ કરી છે જેને પોતે વાંચો તથા મિત્રોને ઔલાદને સૌને વંચાવો અને સાચા પાકા મુસલમાન બનીને રહો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અપીલ

# ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
**Web. :www.barkatekhwaja.net/Email : anjuman2006@hotmail.com**

★ છેલ્લા લગભગ ૧૮ વરસોથી અહલે સુન્નત વ જમાઅતના મદ્રસા, મસ્જિદો, પબ્લિક સૌની સેવામાં તનતોડ કોશિશ કરી રહેલ છે.

★ ૧૦૮ ગરીબ આબાદીઓમાં મસ્જિદ મદ્રસાના સંચાલનમાં હાલ સહાય કરે છે.

★ ગરીબો, બેવાઓ, યતીમો, બીમારો તથા આર્થિક કમજોરો સાદાતોને અનુકૂળતા પ્રમાણે સહાય કરે છે.

★ ગરીબ છોકરીઓની શાદીઓમાં શક્ય તે સહાય કરે છે.

★ વપરાશના તથા પીવાના પાણીની અગવડ હોય ત્યાં બોરીંગ કામ કરાવી આપે છે.

★ મસ્જિદ–મદ્રસાના બાંધકામમાં સહાયતા કરે છે.

★ પબ્લિક ડિસ્પેન્સરી ભરૂચ શહેર (હાજીખાં)માં ચલાવી ગરીબોને દવામાં રાહત કરે છે.

★ કુદરતી આપત્તિના મોક઼ા પર અસરગ્રસ્તોના દુઃખમાં શક્ય તે રીતે ભાગીદાર બને છે.

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

અલ્હમ્દુલિલ્લાહ ! ગુજરાતી ભાષામાં દીની સુન્ની સાહિત્ય ક્ષેત્રે આગળ પડતુ કોઈ નામ હોય તો "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" છે. અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતની હક઼્કાનિયતનું ડંકાની ચોટ પર એલાન કરીને સર્વ બાતિલ ફિર્કાઓની ખબર લેતી આ સંસ્થા થકી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીની લખેલ તેમજ અન્ય મહાન ઉલમાએ અહલે સુન્નતની કિતાબોનો ગુજરાતી અનુવાદ કરીને સંપાદિત કરી બહાર પાડી રહી છે. અત્યાર સુધી ૨૦૬ પ્રકાશનો પ્રસિદ્ધ કર્યા જેમાં "શરહે સહીહ બુખારી નુઝહતુલ ક઼ારી"ના પાંચ ભાગો પણ બહાર પડી ચૂક્યા છે. અક઼ીદા, અમલ સર્વ બાબતે અજોડ કિતાબો પ્રસિદ્ધ થઈ રહી છે.

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે–આમોદ, જિ. ભરૂચ

આપણા આ ઈદારા ખાતે ઈ.સ. ૨૦૦૨થી હાફિઝ કલાસ અને ઈ.સ. ૨૦૦૫થી આલિમ ફાઝિલ કલાસ શરૂ કર્યો જેમાં અત્યાર સુધીમાં ૬૩ હાફિઝો, ૧૪ ક઼ારીઓ અને ૦૬ આલિમો બહાર પડી ચૂક્યા છે. તા'લીમની સાથોસાથ "સુન્ની દા'વતે ઈસ્લામી"ની નિગરાનીમાં તર્બિયત પણ તલબાની થાય છે. લગભગ ૧૦૦ તલબા હાલ તા'લીમ હેઠળ છે. ખાવા, પીવા, રહેવા, દવા સૌ મફત હોય છે. **Mob. : 9427464411, 9714840277**

**ઉપરોક્ત સંસ્થાઓને આપની લિલ્લાહ, ઝકાત, ખયરાત, સદક઼ા, નિયાઝોની રકમો, કુર્બાનીની ખાલો વગેરે મોકલીને ભરપૂર સહાય કરશો એવી નમ્ર અપીલ છે.**

# શબે કદ્રની ઈબાદતો

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરની રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

**૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર''** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

**૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

**૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

**૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

★ હઝરત અલી كرم الله وجهه الكريم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

★ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

★ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :— **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**